VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

Syllabus for

B.Ed. (Basic Education)

શિક્ષણ વિશારદ (બુનિયાદી શિક્ષણ)

Degree of B.Ed. (Basic Education)

(New course : Implemented from June 2003)

VEER NARAMD SOUTH GUJARAT UNIVERSITY
UDHNA MAGDALLA ROAD,
SURAT-395 007

સામાન્ય રૂપરેખા

<u>બી.એડ. (બેઝિક એજયુકેશન) કોર્સ શા માટે ?</u>

આપણા ગુજરાતમાં ગાંધીજીના વિચારો મુજબ બુનિયાદી શિક્ષણ આપણી ૫૦૦ થી વધારે ઉત્તર બુનિયાદી તથા ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શાળાઓ આવેલી છે. પ્રવર્તમાન બી.એડ. કોર્સ જે તાલીમાર્થી તૈયાર કરે છે તે તાલીમાર્થીઓ બુનિયાદી શાળાની જરૂરિયાત સાથે સુસંગતતા ધરાવતા નથી, કારણકે ઉત્તર બુનિયાદી શાળાનું તમામ શિક્ષણ જીવનલક્ષી ઉદ્યોગ કેન્દ્રો અને સમાજ ઉપયોગી છે. વળી, ઈ.સ. ૧૯૫૪ થી શરૂ થયેલા બુનિયાદી શિક્ષણની ગ્રામવિદ્યાપીઠોના કાર્યક્રમને સઘન બનાવવા માટે બુનિયાદી શિક્ષણમાં સંશોધન અને વિકાસ જરૂરી છે. આ ભૂમિકાને કેન્દ્રમાં રાખીને હાલમાં ગ્રામ વિદ્યાપીઠોમાં બી.આર.એસ. (લોકશિક્ષણ, કૃષિ–ગોપાલન, વનવિદ્યા, ગૃહવિજ્ઞાન) બી.એસ.એસસી. (સમાજવિદ્યા વિશારદ), તેમજ બી.એસસી. (વિજ્ઞાન વિશારદ) જેવા ડીગ્રી અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. જો આ તમામ અભ્યાસક્રમો સાથે ઘનિષ્ટ રીતે સંસગતતા ધરાવે તેવો બી.એડ. (બેઝીક એજયુકેશન) નો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે તો સમગ્ર ગુજરાતમાં આવેલી ઉત્તર બુનિયાદી શાળા માટે યોગ્ય તાલીમબદ્ધ શિક્ષકોની જરૂરિયાતોને પહોંચી વળાય. આ માટે યુનિવર્સિટી કક્ષાએ આવા અભ્યાસક્રમની ગુજરાતમાં તાતી જરૂર છે.

<u>બી.એડ (બેઝિક એજયુકેશન) કોર્સની ન્યાયિક અપીલ</u>

૧. ભારત ગામડાનો બનેલો દેશ છે. એ દ્રષ્ટિએ ગ્રામ વિકાસ અને ગ્રામોદ્યોગ વિકાસ એટલે રાષ્ટ્રનો વિકાસ પ્રસ્તુત અભ્યાસક્રમ દ્વારા ગ્રામવિકાસ માટે કાર્યદક્ષ અને સંનિષ્ઠ શિક્ષક તૈયાર થશે.

૨. કૃષિક્ષેત્રે અવનવા પ્રયોગો અને નવીન પ્રવૃત્તિઓ હાથ ધરતાં ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યાલયો અને ઉત્તર બુનિયાદી વિદ્યાલયો માટે તાલીમી અને કુશળ શિક્ષકો પૂરા પાડી શકાશે.

૩. ગુજરાત રાજયનાં ઉત્તર બુનિયાદી વિદ્યાલયો અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યાલયો માટે માધ્યમિક શિક્ષણ બોર્ડે માન્ય કરેલા અભ્યાસક્રમના તમામ વિષયો શીખવી શકે તેવા નઈ તાલીમની દ્રષ્ટિવાળી નિષ્ઠાવાન શિક્ષકો તૈયાર કરવાની આવશ્યકતા છે. (રાજયમાં આશરે ૫૦૦ થી વધારે ઉત્તર બુનિયાદી ઉદ્યાલયો આવેલા છે.)

૪. ગ્રામ વિદ્યાપીઠોના બી.આર.એસ. (કૃષિ–ગોપાલન, વનવિદ્યા) તેમજ બી.એસસી. (ગૃહવિજ્ઞાન જેવા વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાથી બી.એડ. કૃષિ વિજ્ઞાન, પશુપાલન અને ડેરી વિજ્ઞાન, બાગાયત અને વનવિદ્યા, ગૃહજીવનવિદ્યા, વગેરે વિષયોના તજજ્ઞ શિક્ષકો મળી રહેશે.

૫. આ ઉપરાંત ઉપર બુનિયાદી શાળાઓ માટે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, સમાજનવરચના (સામાજીક વિજ્ઞાન) કમ્પ્યૂટર, ગણિતશાસ્ત્ર તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયોના શિક્ષકોની પણ જરૂર રહેવાની. આ વિષયોમાં પણ નઈ તાલીમની દ્રષ્ટિવાળા જે તે વિષયના શિક્ષકો મળી રહે તે માટે બી.આર.એસ. (લોકશિક્ષણ), બી.એસ.એસસી, (સમાજવિદ્યા વિશારદ) જેવા વિનયન તેમજ બી.એસસી. (વિજ્ઞાન વિશારદ) શાખાના પ્રશિક્ષણાર્થીઓને જૂન ૨૦૦૪ થી પ્રવેશ આપવાની જોગવાઈ કરવી પડશે.

૬. ગાંધી વિચારમાં શ્રદ્ધા ધરાવનાર પરિશ્રમનિષ્ઠ તેમજ સમર્પણભાવે ગ્રામ સમાજમાં બેસીને શિક્ષણ દ્વારા સમગ્ર સમાજના વિકાસ માટે જીવનભર જાગૃત કાર્યકર તરીકે કામ કરવા ઝંખતા તેમજ રાષ્ટ્રભાવનાથી ભરેલા એવા યુવાનોને પ્રવેશ માટે પસંદગીમાં અગ્રતાક્રમ અપાશે.

૭. શહેરીકરણની આંધણી દોટના સમયે ગ્રામ વિકાસ માટે ગ્રામાભિમુખ વલણ ધરાવતા સમર્પિત નિષ્ઠાવાન શિક્ષકો તૈયાર થશે, જે આજના સંદર્ભમાં અત્યંત જરૂરી છે.

<u>સુધારેલા અભ્યાસક્રમની પ્રસ્તાવના</u>

શિક્ષક પ્રશિક્ષણની વિસ્તરતી ક્ષિતિએ :–

છેલ્લા પાંચ દાયકામાં ભારતમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. દેશમાં ભણનારાઓની અને શિક્ષકોની સંખ્યા વધી છે. પરંતુ તેની સાથે એ પણ એટલું જ સાચું છે કે એકદર **પહેલાંની તુલનામાં ઉચ્ચ ગુણવત્તા**વાળી શાળાઓ કરતાં નિમ્ન ગુણવત્તાવાળી શાળાઓનું પ્રમાણ પણ વધ્યુ છે. આમ સંખ્યાત્મક વધારા સાથે શિક્ષણમાં થયેલ ગુણાત્મક ઘટાડો એ એક રાષ્ટ્રીય સમસ્યા છે. શિક્ષણની ઉંચી ગુણવત્તાની અસર દેશની પ્રગતિ ઉપર પણ પડયા વગર રહે નહીં. દેશના માનવધનની ક્ષમતા વધે તો જ દેશ પ્રગતિ કરી શકે. શિક્ષણનો પ્રસાર જો 'લઘુતમ ગુણવત્તા' વગરનો હોય તો શિક્ષણ દ્વારા 'સમતામૂલક સમાજ' રચવાનું કયારેય શકય બની શકે નહીં. તેથી

હવે 'સર્વને માટે શિક્ષણ' ને સ્થાને 'સર્વને માટે ગુણાત્મક શિક્ષણ' ની વાત સતત નજર સમક્ષ રાખવી પડશે. શિક્ષણ મેળવનાર પ્રત્યેક બાળક ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત કરે ત્યારેજ 'સમતા' અને 'સમાજિક ન્યાય' સહુને સહજ રીતે પ્રાપ્ત થાય. એટલું જ નહીં, તો જ લોકશાહી અને રાષ્ટ્ર મજબૂત બને આ રીતે શિક્ષણની ગુણવત્તા સાથે સમતા અને સામાજિક ન્યાય એ બન્ને બાબતો સંકળાયેલ છે.

''કેળવણી એ 'બહેતર' અને ઉન્નત જીવનની ગુણવત્તા પ્રાપ્ણ કરવા માટે માનવ પ્રદીપ્તીકરણ અને સશક્તિકરણની પ્રક્રિયા છે.'' ઉત્તમ શિક્ષણને પરિણામે માનવનું જીવન 'સમૃદ્ધ' (બાહ્ય સમૃદ્ધિ) થવું જોઈએ. તેની સાથોસાથ 'ઉન્નત' (આંતરિક વિકાસ) પણ થવો જોઈએ.

શાળા એ માનવ શક્તિનો વિકાસ કરવાનું સ્થાન છે. આ અર્થમાં તે 'વિદ્યાકેન્દ્ર' ઉપરાંત 'સંસ્કારકેન્દ્ર' પણ બનવું જોઈએ અને શિક્ષક એ કેવળ 'વિષયશિક્ષક' ન રહેતા બાળકના સમગ્ર 'જીવનઘડતરમાં મદદ કરનાર' બનવો જોઈએ. સારો શિક્ષક માત્ર 'પાઠો ભણાવવા' પર ભાર મૂકવાને બદલે બાળકની ક્ષમતાઓના પૂર્ણ પ્રાગટય માટે સદાય પ્રયત્નશીલ રહે છે. પરંતુ આપણું સાધ્ય કેવળ 'ગુણવત્તા' સુધારા પૂરતુ મર્યાદિત નથી. 'ગુણાત્મક શિક્ષણનું સાર્વત્રીકરણ' એ આપણું લક્ષ્ય છે. તમામ બાળક માટે સારામાં સારૂ શિક્ષણ એટલે..

ક્ષમતા + પારંગતતા્ શિક્ષણમાં ગુણવત્તા સુધારાનું સાર્વત્રિકીકરણ

શાળાઓમાં પ્રણાલીગત રીતે જે ભણાવાય છે તે એક રીતે કહીએ તો 'તદ્દન શાબ્દિક શિક્ષણ' અપાય છે. જેમાં કેવલ બોલી બોલીને – વિગતો અપાય છે અને વિગતો પુછાય છે. આમકેવળ 'માહિતી પ્રદાન' પર કેન્દ્રિત થતું શિક્ષણ અને બાળકોને પાસ–નાપાસ જાહેર કરતી આપણી પરીક્ષા વ્યવસ્થા બાળકની શક્તિઓના વિકાસમાં રહી ગયેલી કચાશ નિવારવા 'ઉપચારાત્મક શિક્ષણ' પર કે તેની સબળાઈઓનું વિશેષ સંવર્ધન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતું નથી શિક્ષણ અને પરીક્ષણ એમ બંને પ્રક્રિયામાં પરિવર્તન આણ્યા વિના નર્યુ સાર્થકતા વિહિન શિક્ષણ ચાલ્યા કરે છે.

શિક્ષણમાં ગુણવત્તા સુધારા માટે પ્રત્યેક બાળકને શિક્ષણની પ્રક્રિયામાં સહભાગી બનાવવા વર્ગ કાર્યમાં શિક્ષક નિર્દેશિત શિક્ષણ પદ્ધિતિનું પ્રમાણ ઘટાડતા જઈ 'પારસ્પરિક અધ્યયન' અને સ્વયં શિક્ષણ' નુ પ્રમાણ વધારતા જવું જોઈએ.

પરીક્ષણની પ્રક્રિયા દ્વારા ઉત્તરવહીઓ ચકાસી, 'માર્ક' આપીને કેવળ પાસ–નાપાસ જાહેર કરીએ અટકી જવાને બદલે 'કચાશ રહે જ નહી' તે માટે પૂરતી કોશિષ કરવી જોઈએ. તદઉપરાંત સંવર્ધન માટે પણ વ્યવસ્થિત પ્રયત્ન કરવો રહ્યો.

શિક્ષણકાર્ય કરતી વખતે કઠિન બિંદુ (હાર્ડ સ્પોર્ટસ) પર વધારે ધ્યાન આપવું જોઈએ. બાળકોની અધ્યયન સિદ્ધિને પારંગતતા સુધી પહોંચાડવા માટે કેવળ શબ્દાળુ શિક્ષણ આપવાને સ્થાને સમૃદ્ધ એવા નકકર શૈક્ષણિક અનુભવો પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવા પડશે ને સાથે સાથે શિક્ષણ પ્રક્રિયાને આનંદમય બનાવવા પણ કોશિષ કરવી પડશે.

શિક્ષક એ વ્યકિત છે કે જે અધ્યેતામાં ગણવત્તાના બીજનું વાવેતર કરે છે તે અધ્યયન–અધ્યાપનની માવજત આપતા આપણાં બાળકોને ક્ષમતાવાર બનાવે છે. નવપલ્લવિત કરે છે. ગુણવત્તા બાળકની ભીતરમાં પડેલી છે. શિક્ષક જ આ ગુણાત્મક શિક્ષણનું કાળજીપૂર્વક સંવર્ધન કરી શકે. આ બધું શિક્ષક સારી રીતે કરી શકે એ માટે શિક્ષકોનું સશકિતકરણ કરવું પડશે. તે સાથે શિક્ષકમાં પ્રતિબદ્ધતા વિકસે તે પણ એટલું જ અનિવાર્ય છે. ''પ્રતિબદ્ધતા એટલે કોઈ એક સત્કાર્ય કોઈ પણ ભોગે અદા કરવાની આંતરિક પ્રતિજ્ઞા' શિક્ષક તરીકેની આદર્શ ભૂમિકા ભજવવા માટે તેનામાં વિદ્યાર્થી પ્રત્યેની, સમાજ પ્રત્યેની, પોતાના વ્યવસાય પ્રત્યેની, ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ પ્રત્યેની અને જીવનનાં મૂળભૂત મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતાઓને વિકસાવવા પર ભાર મૂકવો પડશે. આ માટે શિક્ષક પ્રશિક્ષણમાં પણ વિશેષ ધ્યાન આપવું પડશે.

શિક્ષકની કામગીરીના ભાગરૂપે શિક્ષક માત્ર વર્ગકાર્યકૌશલ્યો વિકસાવે એટલું પૂરતું નથી. શિક્ષકે વર્ગશિક્ષણ ઉપરાંત શાળાકક્ષાએ અને શાળા બહારની અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવાનું હોય છે શિક્ષણની ગુણવત્તા વધારવામાં શિક્ષકે વાલીઓ તેમજ સ્થાનિક સમાજ સુધી પણ પહોંચવું પડશે. શિક્ષણમાં તેમનો સહકાર અને સહભાગિતા વધારવા માટે લોકોની પણ કેળવણી કરવી પડશે.

વિશ્વમાં દિનપ્રતિદિન થઈ રહેલ જ્ઞાનના વિસ્ફોટથી જ્ઞાનની વિસ્તરી રહેલી ક્ષિતિજો સાથે શિક્ષકે પણ પોતાની સજજતા ટકાવવા અને વધારતા રહેવા સાથે આજીવન વિદ્યાર્થી બનવું પડે. આવું કરવા માટે 'શીખવી દેવા' પર ભાર મૂકવાને બદલે 'શીખતા કરવા' પર ભાર મૂકવો જોઈશે. અધ્યયન–અધ્યાપનના ખ્યાલ બદલાઈ રહ્યા છે. ત્યારે તેને અનુરૂપ શિક્ષણ પ્રક્રિયામાં બદલાવ લાવવો પડશે. વિશ્વસ્તરે થઈ રહેલા આધુનિકીકરણ સાથે શિક્ષણક્ષેત્રે નવીનીકરણ અને પ્રયોગશીલતા વધારવા પ્રયત્ન કરવો પડશે. શિક્ષણના નૂતન પ્રવાહોના અધ્યયન–અધ્યાપનમાં વિનિયોગ કરવો પડશે.

શિક્ષણ લેનારાઓની સંખ્યામાં અતિવૃદ્ધિ થવાથી શિક્ષણનું કામ જટિલ બન્યું છે. ઘણા મોટા વર્ગોમાં શિક્ષણકાર્ય કેમ કરવું, જરૂર પડે તો એક સાથે બે વર્ગોમાં શિક્ષણકાર્યનું સંચાલન કરવું, શાળાએ ન આવી શકતા હોય તેવા વિદ્યાર્થીઓને શિક્ષણ

શી રીતે આપવું, શાળાથી દૂર દૂર સુધી પોતાની જરૂરિયાત અને અનુકૂળતા મુજબ દૂરવર્તી શિક્ષણ મળી રહે તે માટે પણ શિક્ષકે વિવિધ કૌશલ્યો ખીલવવાં પડશે.

આપણી પાસે શિક્ષક પ્રશિક્ષણ મેળવવા આવતી વ્યકિત એ જન્મદત્ત શિક્ષક હોય એવું બનતું નથી. શિક્ષકત્વ જન્મગત હોવા ઉપરાંત અર્જિત પણ છે. શિક્ષક બની શકાય છે. પૂર્વસેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ એ કેળવણીના ક્ષેત્રમાં પ્રવેશેલ એક સામાન્ય વ્યકિતનું સક્ષમ અને પ્રતિબદ્ધ એવા વ્યવસાયિક નિષ્ણાત શિક્ષકમાં પાયાનું પરિવર્તન કરવાની પ્રક્રિયા છે.

સક્ષમ + પ્રતિબદ્ધ + કાર્યકુશળ્ સમર્થ શિક્ષક

ઉપરોકત વ્યાખ્યાને અનુરૂપ પ્રશિક્ષણના કાર્યક્રમ મારફતે શિક્ષકોમાં અધ્યયન–અધ્યાપન માટેની વિવિધ ક્ષમતાઓ પારંગતતા સ્તરે થાય, તેનામાં કેળવણીના વ્યવસાયિક કૌશલ્યો વિકસે તેમજ વ્યવસાયિક પ્રતિબદ્ધતા કેળવાય એ દ્રષ્ટિએ નૂતન અભ્યાસક્રમ અનુસાર અને પ્રશિક્ષણનો નૂતન અભિગમ અપનાવવા પ્રશિક્ષકોએ પણ સદાયે અધ્યેતા બનવું પડશે.

આપણે ત્યાં ચાલતા પૂર્વસેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમોમાં સમયે સમયે નાના–મોટા ફેરફારો થતા રહે છે. પરંતુ ખરેખર તો શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં આમૂલ પરિવર્તન કરવાનું જરૂરી બન્યું છે.

અભ્યાસક્રમ સુધારણા માટેની પ્રક્રિયા

બી.એડ (બેઝિક એજયુકેશન) નો અભ્યાસક્રમ સર્વપ્રથમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શરૂ થયો હતો. એ અભ્યાસક્રમ પ્રમાણે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નઈ તાલીમના સ્નાતક શિક્ષણ મહાવિદ્યાલય માટે બી.એડ (બેઝીક એજયુકેશન) અભ્યાસક્રમ તૈયાર કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી આ અભ્યાસક્રમ અમલમાં મૂકવામાં આવ્યો. આ અભ્યાસક્રમમાં ૧૦૦ ગુણના ૯ પ્રશ્નપત્રો પ્રમાણે ૯૦૦ ગુણનું સૈદ્ધાંતિક કાર્ય, ૬૦૦ ગુણનું વર્ષભરનું પ્રાયોગિક કાર્ય તેમજ ૫૦ ગુણની વાર્ષિક પાઠોની પરીક્ષા મળીને ૧૫૫૦ નો કુલ ગુણભાર હતો. જેમાં બાહ્ય પરીક્ષાના કુલ ૯૫૦ અને આંતરિક પરીક્ષાના ૬૦૦ ગુણ ફાળવવામાં આવ્યા હતા. આ અભ્યાસક્રમ મુજબ તાલીમ લઈને નઈતાલીમની માધ્યમિક શાળાઓ માટેના શિક્ષકોનો પ્રથમ બેચ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા લેવાયેલી વર્ષાંત પરીક્ષા આપીને બહાર પડયો.

બી.એડ (બેઝીક એજયુકેશન) અભ્યાસક્રમના અમલીકરણના પ્રથમ વર્ષ દરમિયાન આ સમગ્ર અભ્યાસક્રમની સુધારણા કરીને આગામી વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સુધારેલો નવો અભ્યાસક્રમ અમલમાં મૂકવાનું થઈ શકે તે હેતુથી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બી.એડ (બેઝિક એકજુકેશન) અભ્યાસક્રમ સુધારણા માટે એક એડહોક સમિતિ નીમવામાં આવી હતી. જેમાં નીચે પ્રમાણે કોર ટીમની રચના કરવામાં આવી હતી.

અ. નં	નામ	હોદ્દો	સરનામું
૧	ડો. ઉમ્મેદસિંઘ	(અધ્યક્ષ શ્રી)	રીડર, શિક્ષણ વિદ્યાશાખા, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫ ૦૦૭
૨	ડો. કિશોરસિંહ દેસાઈ	(સભ્યશ્રી)	ડીન, શિક્ષણ વિદ્યાશાખા, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫ ૦૦૭
૩	ડો. મહેશચંદ્ર કા. યાજ્ઞિક	(સભ્યશ્રી)	પ્રોફેસર અને અધ્યક્ષ, અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦
૪	ડો. કાન્તિભાઈ શા. લિખિયા	(સભ્યશ્રી)	રીડર, અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦

ઉપરોકત સમિતિમાં ત્યારબાદ નીચેના બીજા ત્રણ સભ્યો ઉમેરીને સુધારેલા અભ્યાસક્રમના સ્વરૂપ અંગે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં એક બેઠક યોજવામાં આવી હતી. સમિતિમાં ઉમેરાયેલા નવા સભ્યો :

અ. નં	નામ	હોદ્દો	સરનામું
૫	શ્રી પ્રવીણભાઈ	(સભ્યશ્રી	રીડર, અભ્યાસક્રમ, વિકાસ એકમ,

	ગ.ડાભી	)	ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ, પો. નવજીવન, અમદાવાદ – ૩૮૦ ૦૧૪
૬	શ્રી તુલસીભાઈ ગો. પટેલ	(સભ્યશ્રી)	આચાર્ય, સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલય, (જી.બી.ટી.સી) લોકભારતી–સણોસરા, તા.
૭	શ્રી પોપટલાલ ટી. રતાણી	(સભ્યશ્રી)	આચાર્ય, શ્રી જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, (સ્વનિર્ભર બી.એડ. કોલેજ,) થવા વાલિયા, જિ. સુરત.

ઉપરોકત અભ્યાસક્રમ સુધારણા સમિતિની બેઠક દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં યોજાઈ તેમાં આ અભ્યાસક્રમની સુધારણા માટેનો વિગતવાર મુસદ્દો તેયાર કરીને શ્રી પ્રવીણભાઈ ગ. ફાભીએ રજૂ કર્યો હતો. તેન પર સહચિંતન અને ચર્ચાવિચારણા કરીને અભ્યાસક્રમને આખરી સ્વરૂપ આપ્યા બાદ આ સુધારેલો અભ્યાસક્રમ ૨૦૦૩–૨૦૦૪ ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવાનું નકકી કરવામાં આવ્યું હતું. ઉપરોકત બેઠકમાં કમિટીના તમામ સભ્યોએ અભ્યાસક્રમ સુધારણા માટે ખૂબ કાળજીપૂર્વક ચર્ચા–વિચારણા, કરીને કેટલાક સૂચનો તેમજ પ્રતિભાવો આપ્યા હતા આ અભ્યાસક્રમની સુધારણામાં શિક્ષણ પ્રશિક્ષણ પર અસર કરતાં કેટલાક નીચેના જેવા પરિબળોને પણ નજર સમક્ષ રાખ્યા હતા.

૧. બી.એડ. અભ્યાસક્રમ સુધારણાના રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા પ્રયાસ :

આ સમયગાળા દરમિયાન યુ.જી.સી. દ્વારા તૈયાર થયેલ બી.એડ અભ્યાસક્રમ (ગનહ ો:મભ હગ્ચ્ચ'ગગ?ર ભમ્ગ'બ્ત્ય:દ્ય) ની માર્ગદર્શક રૂપરેખા ભારતની તમામ યુનિવર્સિટીઓને મોકલવામાં આવી હતી. આ અભ્યાસક્રમમાં કુલ ૧૦૦ ગુણના ૪ પ્રશ્નપત્રનો આધાર પાઠયક્રમ (હ:ચભ .બ૭ભ્ચ() અને પસંદ કરેલ બે વિષયોના વિષયવસ્તુ અને શિક્ષણ પદ્ધતિના (ોભ્ત્ઝ:મ હ:દ્યત્ભ્દ્યત) ના ૧૦૦ ગુણના બે પ્રશ્નપત્રો તેમજ ૧૦૦ ગુણનું શિક્ષણનું એક વિશિષ્ટ ક્ષેત્ર (ક૭ભ'ય્બ્ાિચ્ભમિ) મળીને કુલ ૭૦૦ ગુણનું સૈદ્ધાંતિક કાર્ય અને ૪૦૦ ગુણનું પ્રાયોગિક કાર્ય તેના વિષય માળખામાં સૂચવાયું હતું.

ઉપરોકત અભ્યાસક્રમના આધારે બી.એડ. ના સુધારેલા અભ્યાસક્રમો તૈયાર કરવાની પ્રક્રિયા ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં આ સમયગાળામાં હાથ ધરાઈ હતી. જેમાં મહદ અંશે બધે સૈદ્ધાંતિક વિભાગમાં ૪ પ્રશ્નપત્રોનો આધાર પાઠયક્રમ અને પસંદગીના બે વિષયોનું અને શિક્ષણ પદ્ધતિના બે પ્રશ્નપત્રો મળીને અભ્યાસક્રમના સૈદ્ધાંતિક વિભાગમાં ૬ પશ્નપત્રો (૬૦૦ ગુણ) અને અભ્યાસક્રમના પ્રાયોગિક વિભાગમાં જુદા જુદા પ્રાયોગિક કાર્ય લગભગ એટલા જ ગુણભાર સાથેના સુધારેલા અભ્યાસક્રમો તૈયાર થયા, જેમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રતિનિધિઓએ પણ બી.એડ. અભ્યાસક્રમ સુધારણાની પ્રક્રિયામાં સહયોગ કર્યો હતો.

૨. રાષ્ટ્રીય શાલેય અભ્યાસક્રમના સંદર્ભે ઉત્તર બુનિયાદી વિદ્યાલયોના અભ્યાસક્રમના વિષય માળખામાં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા થઈ રહેલા ફેરફારો.

બીજી બાજુ ગુજરાતમાં ચાલતા ઉત્તર બુનિયાદી વિદ્યાલયોના અભ્યાસક્રમોના વિષય માળખામાં તેમજ તેના વિવિધ વિષયોના અભ્યાસક્રમમાં પણ પરિવર્તનની પ્રક્રિયા આ સમયગાળામાં ચાલી રહી છે. ગુજરાતમાં બુનિયાદી પ્રવાહનું માળખું પૂર્વ પ્રાથમિકથી માંડીને છેક ઉચ્ચ શિક્ષણ સુધી વ્યવસ્થિત ગોઠવાયેલું છે. જયારે જયારે રાષ્ટ્રીય કક્ષાએ અભ્યાસક્રમમાં ફેરફાર થાય છે, ત્યારે ત્યારે ગુજરાતમાં બુનિયાદી પ્રવાહના અભ્યાસક્રમ અંગે પણ રચનાત્મક વલણ લેવામાં આવ્યું છે.

સને–૨૦૦૪ થી નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ પ્રમાણે ગુજરાતમાં માધ્યમિક કક્ષાએ ધો–૮–૯ માં ઉત્તર બુનિયાદી પ્રવાહનું સંધારેલું નવું વિષય માળખું આ પ્રમાણે અમલમાં આવી રહ્યુ છે.

(ક) ફરજિયાત વિષયો : (સાત વિષયો)

૧.ગુજરાતી, ૨.હિન્દી, ૩.સંસ્કૃત, ૪.અંગ્રેજી,

૫.ગણિત(ગણિતશાસ્ત્ર)

૬.વિજ્ઞાન (વિજ્ઞાન અને ટેકનોલોજી), ૭.સમાજનવરચના (સામાજિક વિજ્ઞાન)

(ખ) કાર્યશિક્ષણ (પૂર્વ વ્યવસાયિક કૌશલ્યોના વિષયો) : (નીચેનામાંથી ગમે તે બે વિષય)

૧.કૃષિવિદ્યા, ૨.વસ્ત્રવિદ્યા, ૩. ગૃહવિજ્ઞાન, ૪. યંત્રવિદ્યા, ૫. વનવિદ્યા, ૬.પશુપાલન અને ડેરીવિજ્ઞાન, ૭. કમ્પ્યૂટર

(ગ) અન્ય વિષયો (નીચેનામાંથી કોઈ એક વિષય)

૧. કલા શિક્ષણ (ચિત્ર, સંગીત, અભિનયકલા)

૨. આરોગ્ય અને શારીરિક શિક્ષણ (રમતો, યોગ, એન.સી.સી. / સ્કાઉટ ગાઈડ)

<u>ઉત્તર બુનિયાદી પ્રવાહ માટે ધો–૧૦ માં નીચે પ્રમાણે વિષય માળખું રહેશે. (કુલ સાત વિષયો)</u>

(ક) ઉચ્ચસ્તરીય ભાષા (ફરજિયાત વિષય)

૧. ગુજરાતી (ઉચ્ચસ્તરીય)

(ખ) નીચેની ભાષાઓમાંથી ગમે તે બે વિષય

૨. હિન્દી / સંસ્કૃત

૩. અંગ્રેજી

(ગ) નીચેના ત્રણ ફરજિયાત વિષયો

૪. ગણિત (ગણિતશાસ્ત્ર),

૫. વિજ્ઞાન (વિજ્ઞાન અને ટેકનોલોજી),

૬. સમાજનવરચના (સામાજિક વિજ્ઞાન)

(ઘ) કાર્યશિક્ષણ : (નીચેના વિષયોમાંથી ગમે તે એક વિષય)

૭. કૃષિવિદ્યા / વસ્ત્રવિદ્યા / ગૃહવિજ્ઞાન / યંત્રવિદ્યા / વનવિદ્યા / પશુપાલન અને ડેરી વિજ્ઞાન / કમ્પ્યૂટર

બી.એડ. (બેઝિક એજયુકેશન) ના અભ્યાસક્રમ સુધારણા સમિતિની બેઠક તા:૧૦–૯–૨૦૦૩ ના રોજ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં મળી હતી, જેમાં નીચેના નિર્ણયો કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત શિક્ષણની ગુણવત્તા સુધારવાના સંદર્ભમાં રાષ્ટ્રીય સ્તરે શિક્ષણ–પ્રશિક્ષણ ક્ષેત્રની વિસ્તરતી ક્ષિતિજો તથા નવા પડકારો વિશે જે નવી બાબતો ધ્યાનમાં આવી રહી છે. (જેનો ઉલ્લેખ પ્રસ્તાવનાના આરંભના ભાગમાં કર્યો છે.) તેના વિશે વિચારણા કરીને તે બાબતોને પ્રસ્તૃત અભ્યાસક્રમમાં શકય તેટલી વણી લેવા કોશિષ કરવામાં આવી છે.

૧. બી.એડ. (બેઝિક એકજયુકેશન) ના આધાર પાઠયક્રમ ( ) માં અગાઉ જે ૧૦૦ ગુણના પાંચ વિષયો હતા તેને સ્થાને યુજીસી સૂચિત નવા વિષય માળખા પ્રમાણે ચાર વિષયના બે – બે વિભાગો કરી વિષય તજજ્ઞોની મદદ લઈને પ્રસ્તુત અભ્યાસક્રમની નવરચના કરવામાં આવી છે, તે મુજબ આધાર પાઠયક્રમના ચાર વિષયો (૧૦૦ × ૪ ૪૦૦ ગુણ) ના અભ્યાસક્રમો નવા ફેરફારો સાથે તૈયાર કરાવીને આ સુધારેલા અભ્યાસક્રમમાં મૂકવામાં આવ્યા છે.

૨. શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમોમાં રાષ્ટ્રીય સ્તરે જે કેટલીક નવી બાબતો સર્વસ્વીકૃત થતી જાય છે તેને પણ પ્રસ્તુત અભ્યાસક્રમમાં શકય તેટલું સ્થાન આપવા પ્રયત્ન કર્યો છે. જેમાંની મુખ્ય બાતો આ પ્રમાણે છે.

   ૧. શિક્ષક પ્રશિક્ષણની ત્રણ આધારશિલાઓ : ૧. ક્ષમતાક્ષેત્રો, ૨. કાર્યકૌશલ્ય, ૩. પ્રતિબદ્ધતા ક્ષેત્રો

   ૨. કાર્યશિક્ષણ (ધઃચ્ઞ ભમ્ગ'બ્ત્યઃદ્ય)

   ૩. જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ.

   ૪. શિક્ષણમાં શિક્ષક–વાલી–સમાજ વ્યવહાર

   ૫. અધ્યયન–અધ્યાપન સામગ્રીનિર્માણ અને અદ્યતન શૈક્ષણિક ટેકનોલોજી.

૩. શિક્ષણના વિશિષ્ટ ક્ષેત્રોમાં અગાઉ જે જે ક્ષેત્રો સમાવેશ થતો હતો તે ઉપરાંત નીચેના જેવા કેટલાક નવા વિશિષ્ટ ક્ષેત્રોના અભ્યાસક્રમો તૈયાર કરાવીને પ્રસ્તુત અભ્યાસક્રમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

   ૧. શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન.

   ૨. શાળા નિરીક્ષણ અને અધીક્ષણ

   ૩. કમ્પ્યૂટર વિદ્યા : પરિચય

   ૪. પર્યાવરણ શિક્ષણ અને સંતુલિત વિકાસ

   ૫. મૂલ્યલક્ષી શિક્ષણ

૪. માધ્યમિક શિક્ષણ બોર્ડે ઉત્તર બુનિયાદી વિદ્યાલયો માટે માન્ય કરેલ અભ્યાસક્રમ મુજબના તમામ વિષયના શિક્ષકો તૈયાર કરવાની બી.એડ (બેઝિક એકજયુકેશન) અભ્યાસક્રમાં જોગવાઈ રાખવી. આમ કરવા માટે બી.એડ. (બેઝિક એજયુકેશન) અભ્યાસક્રમ (૨૦૦૨–૨૦૦૩) ના વિષય માળખામાં જે કેટલાક વિષયો શીખવવાની જોગવાની નહોતી તે તે વિષયોના (વિષયવસ્તુ અને શિક્ષણપદ્ધતિ) ના અભ્યાસક્રમો તૈયાર કરીને સુધારેલા નવા અભ્યાસક્રમમાં ઉમેરવા. બી.એડ. (બેઝિક એજયુકેશન) ના સુધારેલા અભ્યાસક્રમ મુજબ જેમ

જેમ અનુકૂળતા થાય તેમ ૨૦૦૪–૨૦૦૫ થી અત્યારે જે વિષયો પ્રશિક્ષણાર્થીઓને આપી શકાતા નથી તે તે વિષયો આપવાની અનુકૂળતા હવે પછી કરતા જવી તેવું નકકી કરવામાં આવ્યું. આમ થઈ શકે તે માટે ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં ચાલતા નીચેના અભ્યાસક્રમમાં ઉમેરવામાં આવ્યા જેવાકે :

૧. ગણિત (ગણિતશાસ્ત્ર), ૨. વિજ્ઞાન (વિજ્ઞાન અને ટેકનોલોજી), ૩. ગૃહજીવન વિદ્યા, ૪.કમ્પ્યુટર, ૫. સંસ્કૃત.

૫. આ સિવાયના જે આઠ વિષયોના વિષયવસ્તુ તેમજ શિક્ષણ પદ્ધતિના વિષયો બી.એડ. (બેઝિક એજયુકેશન) ના અભ્યાસક્રમમાં હતા તેની સમીક્ષા કરીને તે તે વિષયોના અભ્યાસક્રમોની પુનઃરચના કર્યા બાદ તેને પ્રસ્તુત અભ્યાસક્રમમાં સમાવેલ છે.

૬. બી.એડ (બેઝિક એજયુકેશન) ૨૦૦૨–૨૦૦૩ ના અભ્યાસક્રમમાં પ્રશિક્ષણાર્થીએ પસંદ કરેલ બન્ને વિષયના વિષયવસ્તુના અને શિક્ષણ પદ્ધતિના ૧૦૦–૧૦૦ ગુણના ચાર અલગ પ્રશ્નપત્ર હતા. તેને બદલે યુજીસીના સૂચિત નવા અભ્યાસક્રમ મુજબ ૫૦+૫૦ ગેણના બંને વિષયના વિષયવસ્તુના અને ૫૦+૫૦ ગુણના બન્ને વિષયની શિક્ષણ પદ્ધતિના નવા અભ્યાસક્રમો તૈયાર કરીને પ્રસ્તુત અભ્યાસક્રમમાં મૂકવામાં આવ્યા છે.

૭. ગુણભારની દ્રષ્ટિએ પણ સમગ્ર અભ્યાસક્રમની ખૂબ કાળજીભરી વિચારણા કરીને સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક વિભાગોનો ગુણભાર ૯૦૦ + ૬૫૦ ^ કુલ ૧૫૫૦ હતો તેને બદલે સુધારેલા અભ્યાસક્રમમાં સૈદ્ધાંતિક વિભાગના ૬૦૦ ગુણ અને પ્રાયોગિક વિભાગના ૬૦૦ ગુણ મળીને કુલ ૧૨૦૦ ગુણનું વ્યવસ્થિત માળખું તૈયાર કરવામાં આવ્યું છે. આ સાથે ૧૨૦૦ ગુણમાંથી બાહ્ય મૂલ્યાંકન માટે ૬૦૦ ગુણ અને આંતરિક મૂલ્યાંકન માટે ૬૦૦ ગુણ એ રીતની મૂલ્યાંકન યોજના પ્રસ્તુત અભ્યાક્રમમાં આપવામાં આવેલ છે, જે ૨૦૦૩–૨૦૦૪ ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવાની રહેશે.

આમ ચાલુ શૈક્ષણિક વર્ષથી જ આ સુધારેલો અભ્યાસક્રમ અમલમાં લાવવા શિક્ષણ મહાવિદ્યાલય તેમજ યુનિવર્સિટીએ શકય તેટલી અનુકૂળતા ઉભી કરવાનો પ્રયત્ન કરવાનો રહેશે, તેમજ આગામી શૈક્ષણિક વર્ષથી તે માટેની વધુ વિચારપૂર્વકની અનુકૂળતાઓ / સુવિધાઓ ક્રમે ક્રમે વધારવા કોશિષ કરવાની રહેશે.

sSf lX1FSGL lGQ9F VG[| sBf lX1FS TZLS[GL SFI"1FDT | sUf ;DFH lJX[G]\ lJSF;,1FL | s3f jllSTUT U]6lJSF ;

ALPV[0 sA[lhS V[SHI]S[XGf

(ક) શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ કેળવવી.

પ્રશિક્ષણાર્થી....

૧. માનવ ઘડતર માટે શિક્ષણમાં રહેલી શકિતમાં શ્રદ્ધા કેળવે.

૨. પરિસ્થિતિમાં અપેક્ષિત પરિવર્તન લાવવાની મનુષ્યની શકિતમાં વિશ્વાસ દૃઢ બને.

૩. મનુષ્યમાં રહેલ વિકાસશીલતામાં પૂર્ણ વિશ્વાસ પ્રગટે.

૪. બાળકો માટેનો નિષ્કામ પ્રેમ કેળવે.

૫. નિરંતરસ્વયંશિક્ષણનું મહત્વ સમજે.

૬. અધ્યયનશીલતા વિકસાવવાની તત્પરતા, અસરકારક અધ્યયન માટેની કાર્યપદ્ધતિ તેમજ અભ્યાસટેવો ખીલવે.

૭. પ્રયોગશીલ અને સર્જનાત્મક અભિગમ અપનાવે.

૮. જીવનમાં અને શાળામાં સ્વયંશિસ્ત ખીલવવાનું વલણ કેળવે.

૯. માનવીય મૂલ્યો પારખવા માટેની દ્રષ્ટિ કેળવે.

૧૦. કેળવણીના વ્યવસાય પ્રત્યે વફાદારી અને કાર્ય પ્રત્યેનું તંદુરસ્ત વલણ કેળવે.

(ખ) શિક્ષક તરીકેની કાર્યક્ષમતા પ્રાપ્ત કરવી.

૧. અધ્યયન–અધ્યાપનની સ્વીકૃત સિદ્ધાંતોના પયા ઉપર પોતાના વિષયોનું અદ્યતન જ્ઞાન પ્રાપ્ણ કરે.

૨. બાલવ્યવહાર અંગેની સમજણ મેળવે અને વિદ્યાર્થીઓને શિક્ષણક્ષમ અનુભવો પૂરા પાડવા માટેનાં કૌશલ્ય વિકસાવે.

૩. વર્ગવયવહાર માટેનો આત્મવિશ્વાસ અને જીવન દ્વારા જીવન માટેની કેળવણી વિશે દ્રષ્ટિ પ્રાપ્ત કરે.

(ગ) સમાજ વિશેનું વિકાસલક્ષી દ્રષ્ટિબિંદુ અપનાવવું.

૧. ભાવિ સમાજરચનાના પ્રવર્તક તરીકે પોતાની ભૂમિકા સમજે.

૨. રાષ્ટ્ર માટે સમર્પિત થવાની કર્તવ્યનિષ્ઠા તેમજ રાષ્ટ્રીયવિકાસ માટેનું રચનાત્મક ચિંતન વિકસાવે.

૩. ભારતના સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાકના આદર્શોને સિદ્ધ કરવા માટે શાળાની ભૂમિકા સમજે.

૪. શિક્ષણ માનવઘડતર માટે હોવાથી માનવ–માનવ વચ્ચેના સંસંવાદી સંબંધોની કેળવણી માટે સમૂહજીવન અનિવાર્ય હોઈ, તેના સંદર્ભમાં છાત્રાલય જીવનનું મહત્વ સમજે.

૫. અભ્યાસકાળ પછી ગ્રામપ્રદેશમાં બેસી સમગ્ર સમાજના વિકાસ માટે, જીવનભર જાગૃત કાર્યકર તરીકે કામ કરવાની ઝંખના કેળવે.

(ઘ) વ્યકિતગત ગુણવિકાસ કરવો.

૧. માનવ વિકાસ માટે જરૂરી એવા આંતરિક ગુણવિકાસ મટોની અભીપ્સા ધરાવે.

૨. સારાસાર વિવેકશકિતની ખિલવણી કરવાનું અને વિવેકયુકત વ્યવહારો કરવાનું વલણ કેળવે.

૩. સમાજ–ઉપયોગી ઉત્પાદક પરિશ્રમ પ્રત્યેની અભિયોગ્યતા અને પરિશ્રમનિષ્ઠા વિકસાવે.

૪. રાષ્ટ્રીયતાના એક સંકેત તરીકે જીવનમાં સમજપૂર્વક અને શ્રદ્ધપૂર્વક ખાદી અપનાવે.

૫. અંધશ્રદ્ધા અને વહેમોમાંથી મુકત થઈને વૈજ્ઞાનિક વલણો વિકસાવે.

૬. બધાં કામોને ભેદભાવ વિના સમાનતાની દ્રષ્ટિથી નિહાળે.

૭. સાદુ અને સ્વાશ્રયી જીવન જીવવા માટેની વૃત્તિ કેળવે.

૮. કોઈ પણ વિકટ પરિસ્થિતિમાં ટકી રહેવાની, ઝુઝવાની, માર્ગ કાઢવાની અને સમજણપૂર્વક અંદર બહાર સામનો કરવાની શકિત ખીલવે.

૯. પારસ્પરિક વિશ્વાસ તથા એકબીજા માટે ઘસાઈ છૂટવાની વૃત્તિ જેવાં જીવનમૂલ્યો વિકસાવે.

<u>અભ્યાસક્રમ યોજના</u>

૧. બી.એડ. (બેઝિક એકજયુકેશન) નો સમગ્ર અભ્યાસક્રમ નીચે મુજબ કુલ ત્રણ વિભાગમાં વહેંચાયેલો રહેશે.

(૧) સૈદ્ધાંતિક, (૨) પ્રાયોગિક , (૩) સમૂહજીવન

૨. આ અભ્યાસક્રમના સૈદ્ધાંતિક વિભાગમાં ૧૦૦ ગુણના કુલ ૬ વિષયો ભણવાના રહેશે. આ દરેક વિષયના પશ્નપત્રો ૧૦૦ ગુણના અને ૩ કલાકની સમયાવધિના રહેશે. દરેક વિષયોમાં બે–બે વિભાગો છે.

આ અભ્યાસક્રમના આ વિષયો / પ્રશ્નપત્રોના નામ નીચે મુજબ છે.

વિભાગ (૧) સૈદ્ધાંતિક

ગુણભાર

પ્રશ્નપત્ર–૧	૧.૧	કેળવણી દર્શન અને નઈ તાલીમ	
	૧.૨	વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક	૧૦૦
પ્રશ્નપત્ર–૨	૨.૧	અધ્યેતા : સ્વરૂપ અને વિકાસ	
	૨.૨.	શિક્ષણ વ્યવહાર અને મૂલ્યાંકન પ્રવિધિઓ	૧૦૦
પ્રશ્નપત્ર–૩	૩.૧	માધ્યમિક શિક્ષણના વર્તમાન પ્રવાહો	
	૩.૨	શૈક્ષણિક વ્યવસ્થાપન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન	૧૦૦
પ્રશ્નપત્ર–૪	૪.૧	અધ્યયન–અધ્યાપન સામગ્રીનિર્માણ અને અદ્યતન શૈ. ટેકનોલોજી	
	૪.૨	શિક્ષણનું વિશિષ્ટ ક્ષેત્ર (સૂચિત ક્ષેત્રોમાંથી કોઈ એક ક્ષેત્ર પસંદ કરવાનું રહેશે.	૧૦૦
		૪.૨–૧ ઉત્તર બુનિયાદી શિક્ષણ	
		૪.૨–૨ છાત્રાલય વ્યવસ્થાપન	
		૪.૨–૩ શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શન	
		૪.૨–૪ શાળા નિરીક્ષણ અને અધીક્ષણ	
		૪.૨–૫ કમ્પ્યૂટર વિદ્યા : પરિચય	
		૪.૨–૬ પર્યાવરણ શિક્ષણ અને સંતુલિત વિકાસ	
		૪.૨–૭ મૂલ્યલક્ષી શિક્ષણ	
પ્રશ્નપત્ર–૫	પસંદગીના બંને વિષયોની શિક્ષણપદ્ધતિ		૧૦૦
પ્રશ્નપત્ર–૬	પસંદગીના બંને વિષયોનું વિષયવસ્તુ		૧૦૦

ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં શીખવાતા નીચે સૂચિત વિષયોમાંથી બે વિષયો પસંદ કરી શકાશે.

પ્રશ્નપત્ર–૫		પ્રશ્નપત્ર–૬	
૫ બ	ગુજરાતી : શિક્ષણપદ્ધતિ	૬ બ	ગુજરાત : વિષયવસ્તુ
૫ ખ	હિન્દી : શિક્ષણપદ્ધતિ	૬ ખ	હિન્દી : વિષયવસ્તુ
૫ હ	સંસ્કૃત : શિક્ષણપદ્ધતિ	૬ હ	સંસ્કૃત : વિષયવસ્તુ
૫ મ	અંગ્રેજી : શિક્ષણપદ્ધતિ	૬ મ	અંગ્રેજી : વિષયવસ્તુ
૫ ભ	ગણિત (ગણિતશાસ્ત્ર) : શિક્ષણપદ્ધતિ	૬ ભ	ગણિત (ગણિતશાસ્ત્ર) વિષયવસ્તુ
૫ ા	વિજ્ઞાન (વિજ્ઞાન અને ટેકનોલોજી) : શિક્ષણપદ્ધતિ	૬ ા	વિજ્ઞાન (વિજ્ઞાન અને ટેકનોલોજી) : વિષયવસ્તુ
૫ ન	સમાજનવરચના (સામાજિક વિજ્ઞાન) : શિક્ષણપદ્ધતિ	૬ ન	સમાજનવરચના (સામાજિક વિજ્ઞાન) : વિષયવસ્તુ
૫ જ	કૃષિવિજ્ઞાન (કૃષિવિદ્યા) : શિક્ષણપદ્ધતિ	૬ જ	કૃષિવિજ્ઞાન (કૃષિવિદ્યા) : વિષયવસ્તુ
૫ ય	પશુપલન અને ડેરીવિજ્ઞાન : શિક્ષણપદ્ધતિ	૬ ય	પશુપલન અને ડેરીવિજ્ઞાન : વિષયવસ્તુ
૫ વ	બાગાયત અને વનવિદ્યા : શિક્ષણપદ્ધતિ	૬ વ	બાગાયત અને વનવિદ્યા : વિષયવસ્તુ
૫ છ	ગૃહવિજ્ઞાન (ગેહજીવનવિદ્યા) : શિક્ષણપદ્ધતિ	૬ છ	ગૃહવિજ્ઞાન (ગેહજીવનવિદ્યા) : વિષયવસ્તુ
૫ ી	કમ્પ્યૂટર : શિક્ષણપદ્ધતિ	૬ ી	કમ્પ્યૂટર : વિષયવસ્તુ
૫ ો	અર્થશાસ્ત્ર અને સહકાર–પંચાયત – શિક્ષણપદ્ધતિ	૬ ો	અર્થશાસ્ત્ર અને સહકાર–પંચાયત – વિષયવસ્તુ

નોંધ: ૧. પ્રશિક્ષણાર્થીને ઉત્તર બુનિયાદી વિદ્યાલયના અભ્યાસક્રમના ઉપરોકત વિષયોમાંથી સ્નાતક કક્ષાએ રાખેલો એક વિષય પ્રશિક્ષણ માટે આપી શકાશે.

૨. જયારે તે સિવાયનો બીજો વિષય પ્રશિક્ષણાર્થીની યોગ્યતા અનુસાર શિક્ષણ મહાવિદ્યાલયના આચાર્યશ્રી આપશે.

૩. અભ્યાસક્રમનાના સૂચિત વિષયોમાંથી જે વિષયોના અધ્યાપકો હશે તે મુજબ વિષયજૂન પાડીને બંને વિષયો માટે સપ્તાહમાં પાંચ–પાંચ તારા ફાળવવાના રહેશે.

વિભાગ (૨) પ્રાયોગિક

દરેક પ્રશિક્ષણાર્થીએ અભ્યાસક્રમના જે તે વિષયોમાં સૂચવ્યા પ્રમાણે પ્રાયોગિક કાર્ય કરવાનાં રહેશે. ઠરાવેલા ધોરણ પ્રમાણેનું નિયત પ્રાયોગિક કાર્ય પુરું નહીં કરનાર પ્રશિક્ષણાર્થી વાર્ષિક પરીક્ષામાં બેસવાને પાત્ર ગણાશે નહીં. આવાં પાર પાડવાનાં કેટલાક મુખ્ય પ્રાયોગિક કાર્ય આ મુજબ રહેશે.

(ક) પ્રાયોગિક શિક્ષણકાર્ય :–

૧. વર્ષ દરમિયાન પ્રશિક્ષણાર્થીએ નીચે મુજબ કુલ ૪ પાઠ શિક્ષણ મહાવિદ્યાલયમાં, ૧૨ પાઠ સ્થાનિક શાળાઓમાં, ૧૪ પાઠ ગ્રામશિક્ષણ દરમિયાન પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં તેમજ કેન્દ્રનિવાસ દરમિયાન ઓછામાં ઓછા ૧૦ પાઠ મળીને વર્ષ દરમિયાન કુલ ૪૦ પાઠનું પ્રાયોગિક શિક્ષણકાર્ય કરવાનું રહેશે.

ક્ષેત્રીય શૈક્ષણિક અનુભવો માટેના સ્થળો	પ્રાથમિક કક્ષાએ		માધ્યમિક કક્ષાએ				કુલ પાઠ
	સેતુ પાઠ	પ્રવૃત્તિ સમવાય પાઠ	સેતુ પાઠ	છૂટા પાઠ	એકમ પાઠ	પ્રવૃત્તિ સમવાય પાઠ	
૧. શિક્ષણ મહાવિદ્યાલયમાં							૦૪
વિ.૧	૧		૧				
વિ.૨	૧		૧				
૨. સ્થાનિક શાળાઓમાં							
વિ.૧		૧		૫		–	૧૨
વિ.૨		–		૫		૧	

૩.ગ્રામશિક્ષણ (૨ સપ્તાહ) પ્રાથમિક શાળા અથવા વિ.૧ આશ્રમશાળામાં (૧ સપ્તાહ) વિ.૨		૨ ૨					૧૪
૩.બુનિયાદી વિદ્યાલયમાં વિ.૧ (૨ સપ્તાહ) વિ.૨					૪+૧ ૪+૧		
૪.કેન્દ્રનિવાસ (૨ સપ્તાહ) વિ.૧ ૩.બુ.વિદ્યાલય અથવા વિ.૨ નિવાસી માધ્યમિક શાળામાં				૫ ૫			૧૦
કુલ પાઠ	પ્રા.૭		માધ્ય.૩.૩				૪૦

૨. માધ્યમિક શાળાખા પાઠો, ચિંતાનાત્મક, તુલનાત્મક, શોધાત્મક વગેરે પ્રકારના આપી શકાશે. તે માટે સિમ્પોઝિયમ, પ્રદર્શન, જૂથ ચર્ચા જેવી વિવિધ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરી શકાશે.

૩. વર્ષાંતે યોજાતા વાર્ષિક પાઠમાં એક વિષયમાં પૂવૃત્તિ સમવાય પાઠ અને બીજા વિષયમાં સાદો પાઠ આપવાનો રહેશે. પ્રવૃત્તિ સમવાયનો સમય ૯૦ મિનિટનો તેમજ સાદા પાઠનો સમય ૩૫ મિનિટનો રહેશે. વાર્ષિક પાઠનું મૂલ્યાંકન આંતરિક પરીક્ષક દ્વારા કરવામાં આવશે.

૪. વર્ષ દરમિયાન પોતે આપેલા પાઠોમાં અધ્યાપકો દ્વારા, શાળાના આચાર્ય અને વિષય શિક્ષક દ્વારા તેમજ સહાધ્યાયી મિત્રો દ્વારા શિક્ષણકાર્યને વધુ સમૃદ્ધ કરવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો ધ્યાન પર મુકાઈ હશે તેની જુદા જુદા સોળ જેટલા મુદ્દાઓને આધારે સ્વયં સુધાર માટે તથા સારી બાબતોનું અનુસરણ કરવા માટે સભાનતાપૂર્વકનો પ્રયાસ કરતાં કરતાં સમર્થ શિક્ષક બનવા કોશિષ કરશે.

પ્રાયોગિક કાર્યનું સ્વરૂપ અને આયોજન

(ક) સૂક્ષ્મ અધ્યાપન (ાઽ'ઃીભ((ઃઘ()

વર્ગશિક્ષક માટે જરૂરી કેટલાક અધ્યાપન કૌશલ્યો વિકસાવવા વર્ષના આરંભમાં દરેક પ્રશિક્ષણાર્થી ઓછામાં ઓછા ૪ કૌશલ્યો પસંદ કરીને સૂક્ષ્મ અધ્યાપન પાઠ આપશે, જેમાં અધ્યાપકો સાથે અલગ અલગ જૂથમાં વહેચાઈને શિક્ષણ પ્રતિપોષણ, પુનઃઆયોજન, પુનઃશિક્ષણ અને પુનઃપ્રતિપોષણની પ્રક્રિયામાંથી પસાર થશે. વર્ગ કૌશલ્યના અનેક અધ્યાપન કૌશલ્યોમાંથી નીચેના જેવા કેટલાક અધ્યાપન કૌશલ્યો વિકસાવવાનું આયોજન કરવામાં આવશે.

માઈક્રોટીચિંગના વિવિધ કૌશલ્યો પૈકી નીચેના કૌશલ્યોનીઈ સમજ કેળવીને કુલ ચાર કૌશલ્યના એક–એક પાઠ દરેક પ્રશિક્ષણાર્થીએ આપવાનો રહેશે.

૧.વિષયાભિમુખ કૌશલ્ય	૬.પ્રશ્ન ઉડાણ કૌશલ્ય	૧૧.દ્રશ્ય–શ્રાવ્ય સાધન ઉપયોગ કૌશલ્ય
૨. સુદ્રઢીકરણ કૌશલ્ય	૭.ચાકફલક કાર્ય કૌશલ્ય	૧૨.સ્વાધ્યાય કૌશલ્ય
૩.ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય	૮.શાંતિ અને અશાબ્દિક સંજ્ઞા કૌશલ્ય	૧૩.જૂથ અધ્યાપન કૌશલ્ય
૪.સ્પષ્ટીકરણ કૌશલ્ય	૯.ઉદાહરણ કૌશલ્ય	૧૪.વિદ્યાર્થી સહયોગ વૃદ્ધિ કૌશલ્ય
૫. પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય	૧૦.વર્ગવ્યવસ્થા કૌશલ્ય	

નોંધ : આ પાઠો કુલ પાઠ સંખ્યાની ગણતરીમાં લેવામાં આવશે નહીં, સૂક્ષ્મ અધ્યાપનના નકકી કરેલા કૌશલ્યના પાઠ આપવા દરેક માટે ફરજિયાત રહેશે.

(ખ) સેતુ પાઠ (ખચ્ચન્ભીભ((ઃઘ()

ઓછી સંખ્યામાં બાળકો સાથે વીસ–વીસ મિનિટના ૪ સેતુ પાઠ દરેક પ્રશિક્ષણાર્થીએ આપવાના રહેશે. જેમાંના બે પાઠ પ્રાથમિક કક્ષાએ અને બે પાઠ માધ્યમિક કક્ષાએ આપવાના રહેશે. આ પાઠ શિક્ષણ કાર્યના પ્રારંભિક અનુભવ માટે અનિવાર્ય ગણાશે.

(ગ) વર્ષ દરમિયાન છૂટા પાઠ, એકમ પાઠ તેમજ પ્રવૃત્તિ–સમવાય પાઠ પ્રાયોગિક શિક્ષણ કાર્યના ભાગરૂપે કોઠામાં દર્શાવ્યા મુજબ આપવાના રહેશે.

પાઠ અવલોકન કાર્ય

પ્રશિક્ષણાર્થીએ અધ્યાપક દ્વારા, શાળાના નિવેડેલા શિક્ષકો દ્વારા તેમજ સહાધ્યાયી તાલીમાર્થીઓ દ્વારા અપાતા ઓછામાં ઓછા ૬૦ પાઠોનું અવલોકન કાર્ય કરવાનું રહેશે.

નોંધઃ ૧. બન્ને પદ્ધતિમાં દરેકના ૨૦ + ૨૦ એમ કુલ ૪૦ પાઠ અને અન્ય વિષયના ૨૦ પાઠ મળીને કુલ ૬૦ પાઠનું અવલોકન કરવાનું રહેશે.

૨. પસંદ કરેલ વિષય શિક્ષણ પદ્ધતિ વાર અધ્યાપકોના ઓછામાં ઓછા બે બે નિદર્શન પાઠનું અવલોકન કરવાનું રહેશે.

૩. અપાયેલા પાઠો ઉપર જે તે દિવસે જ પ્રતિપોષણ માટે અધ્યાપક સાથે પ્રશિક્ષણાર્થી મુકત ચિંતન / ગોષ્ઠિ કરી શકે તેવું આયોજન કરવું.

૪. અનુસરણ નોંધ તૈયાર કરાવવી અને તેનું વ્યકિતગત સતત મૂલ્યાંકન / સમીક્ષા કરવાનું ગોઠવવું. અવલોકન નોંધ અને અનુસરણકાર્ય નોંધ વર્ષાંતે પરીક્ષા સમયે સુપરત કરવાની રહેશે.

અધ્યયન – અધ્યાપન સામગ્રી નિર્માણ

આ પ્રકારના પાઠો આપવા ઉપરાંત અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં ઉપયોગી થઈ શકે તેવા ૧૦ શિક્ષણ સાધનો પ્રશિક્ષણાર્થીએ તૈયાર કરવાના રહેશે.

દરેક પ્રશિક્ષણાર્થીએ વર્ષવાર નીચે મુજબ શૈક્ષણિક સાધન–સામગ્રી અનિવાર્ય પણે તૈયાર કરવાની રહેશે.

૧.	વ્યકિતગત અધ્યયન–અધ્યાપન માટેની સાધન–સામગ્રી	૨
૨.	જૂથ અધ્યયન માટેની સાધન–સામગ્રી	૪
૩.	મૂલ્યાંકન માટેની સાધન સામગ્રી	૨
૪.	સમૃદ્ધીકરણ માટેની સાધન–સામગ્રી	૨
	કુલ સાધન સામગ્રી	૧૦

આ સ્વનિર્મિત સાધન સામગ્રીનો ઉપયોગ વર્ગવ્યવહારમાં ફરજિયાતપણે કરવાનો રહેશે. આ ઉપરાંત પોતાની બંને વિષયપદ્ધતિમાં ધોરણ ૮ થી ૧૦ ના પાઠય પુસ્તકોમાંથી દરેક ધોરણના ઓછામાં ઓછા એક એક પાઠનું પરામર્શન કરશે અથવા

તેના કરતાં વધુ ઉપયોગી થઈ શકે તેવી અધ્યયન–અધ્યાપન સામગ્રી તૈયાર કરશે. તદુપરાંત તે સિવાયના બન્ને વિષયોના ધો. ૮, ૯, ૧૦ ના પાઠોના કઠિન બિંદુ તારવશે જેના આધારે આંતરિક મૂલ્યાંકન માટે વર્ષાંતે જે તે વિષયના અધ્યાપક મૌખિક ક્રિયાત્મક કસોટી લેશે.

દરેક પ્રશિક્ષણાર્થી ધોરણ ૮ થી ૧૦ માં ઉપયોગી થઈ શકે તેવી પોતાના વિષયની ક્ષમતાકેન્દ્રી લેખિત કસોટીઓ, મૌખિક તેમજ ક્રિયાત્મક કસોટીઓ વગેરે તૈયાર કરશે અને વર્ગખંડમાં તેની અજમાયશ કરશે. જરૂર મુજબ ઓછામાં ઓછા બંને વિષયોમાંના એક એક એકમ લઈને પ્રશિક્ષણાર્થીઓ અધ્યયન–અધ્યાપન કાર્યમાં ઉપયોગી થઈ શકે તેવી સ્વાધ્યાયપોથીઓ અથવા કાર્યપોથીઓ વગેરે સતત મૂલ્યાંકન, ઉપચારાત્મક શિક્ષણ તેમજ સંવર્ધનકાર્યમાં ઉપયોગી થઈ શકે તેવી સામગ્રી તૈયાર કરશે.

સ્થાનિક પર્યાવરણમાંથી સહેજે મળી આવતી અધ્યયન સામગ્રી એકત્ર કરી તેનો શૈક્ષણિક ઉપયોગ કરતાં શીખશે. બહુ ઓછા ખર્ચે તૈયાર થઈ શકે તેવા શૈક્ષણિક સાધનોના નમૂના પણ બનાવશે. તે સાથે સાથે જયાં જરૂર હશે ત્યાં શિક્ષણકાર્યમાં રેડિયો, ટેઈપરેકોર્ડર, ઓવરહેડ પ્રોજેકટર, સ્લાઈડ પ્રોજેકટર, વી.સી.આર. અને ટી.વી., સ્કેનર, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ સેવા સંબંધિત વિષયના સોફ્ટવેરનો ઉપયોગ કરીને પોતાના વર્ગકાર્યમાં આધુનિક તકનિકીનો પણ ઉપયોગ કરશે એવી અપેક્ષા છે.

ક્રિયાત્મક સંશોધન

પ્રશિક્ષણાર્થીએ આચાર્યના માર્ગદર્શન નીચે વર્ગશિક્ષણની સમસ્યાઓ વિશે અથવા શાલેય શિક્ષણનાવિવિધ પ્રશ્નો વિશે સંશોધન હાથ ધરવાના રહેશે. ક્રિયાત્મક સંશોધન પૂર્ણ કર્યે વ્યવસ્થિત અહેવાલ તૈયાર કરીને રજૂ કરવાનો રહેશે. ક્રિયાત્મક સંશોધન અંગેનું મૂલ્યાંકન તેમજ પ્રતિપોષણ અધ્યાપક કે પ્રશિક્ષણાર્થીઓને વ્યકિતગત આપવાનું ગોઠવવાનું રહેશે.

ગ્રામ શિક્ષણ (મથકેતર શિક્ષણ / સતત શિક્ષણ) (ફ))

'૮?૭૧()

ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં એક સપ્તાહ સુધી ગ્રામ શિક્ષણ કાર્ય કરવાનું રહેશે. ગ્રામ શિક્ષણનું વિગતવાર આયોજન તૈયાર કરવા માટે આગળના સપ્તાહમાં ચાર–ચાર તાસ સમય ફાળવવાનો રહેશે. ગ્રામશિક્ષણ દરમિયાન પ્રાથમિક

શાળામાં પ્રવૃત્તિ–સમવાયના ચાર પાઠ આપવાના રહેશે, જેમાં બન્ને પદ્ધતિઓ સમાન રીતે સાંકળવાની રહેશે અને એટલા જ પ્રમાણમાં અવલોકન કાર્ય કરવાનું રહેશે.

ગ્રામશિક્ષણના બીજા તબક્કામાં ઉત્તર બુનિયાદી અથવા નિવાસી માધ્યમિક શાળામાં બંને વિષયના એકમ પાઠ આપવાનાં રહેશે. બંને વિષયમાં ત્રણ-ત્રણ તાસનું પ્રારંભિક શિક્ષણ એક–એક અથવા અડધા તાસમાં મૂલ્યાંકન તથા અંતિમ એક એક તાસમાં જરૂરિયાત મુજબ ઉપચારાત્મક શિક્ષણ અથવા સમૃદ્ધિકરણ માટેનો પાઠ આપવાનો રહેશે.

ગ્રામ શિક્ષણ દરમિયાન બંને શાળાઓમાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સમાજઉપયોગી ઉત્પાદક શ્રમકાર્યનાં કામો પણ કરવાનાં રહેશે. ગ્રામશિક્ષણ દરમિયાન પ્રશિક્ષણાર્થીના પ્રત્યેક જૂથમાં એક–એક અધ્યાપક સાથે રહેશે. તેમના માર્ગદર્શન નીચે પ્રશિક્ષણાર્થી યોજનાબધ્ધ રીતે કામ પુરૂ કરશે.

કેન્દ્રનિવાસ (યદ્યત્ભ્ચદ્ય(ઝયઉ)

છાત્રાલયવાળી માધ્યમિક શાળાઓમાં કે ઉત્તર બુનિયાદી શાળાઓમાં બે સપ્તાહનો શૈક્ષણિક કેન્દ્રનિવાસ અનિવાર્ય રીતે કરવાનો રહેશે. જે દરમિયાન શાળાના આચાર્ય અને વિષયશિક્ષકો તેમના પાઠોનું નિરીક્ષણ કરશે. દરેક શાળામાં બે–બે પ્રશિક્ષણાર્થીઓ ગોઠવાશે.

કેન્દ્રનિવાસ દરમિયાન શાળાના શિક્ષણની બધી જવાબદારી અને ફરજો પ્રશિક્ષણાર્થી અદા કરે તે જાતનો કાર્યક્રમ ગોઠવાશે. શકય હોય ત્યાં રોજના બંને શિક્ષણ પદ્ધતિના એક એક પાઠ આપે તેમ ગોઠવવું. તેમ શકય ન હોય ત્યાં રોજનો ઓછામાં ઓછા ૧ પાઠ આપે તેવું થવું જોઈએ. બંને વિષયમાં કેન્દ્રનિવાસ દરમિયાન તેઓ વિશિષ્ટ પ્રકારના પાઠ આપે તેવો આગ્રહ રાખવો. કેન્દ્ર નિવાસ દરમિયાન શાળાના આચાર્ય તેમજ પ્રશિક્ષણ મહાવિદ્યાલયના આચાર્ય સોંપે તે નીચેના જેવી જવાબદારીઓ અદા કરવાની રહેશે.

૧	મૂલ્યાંકન કાર્ય કરવું.	૬	વાલી સંપર્ક કરવો
૨	સ્વાધ્યાય આપવો, તપાસવો અને માર્ગદર્શન આપવું	૭	સાક્ષરતા/અનુસાક્ષરતા નિરંતર શિક્ષણના કાર્યક્રમમાં સામેલ થવું.
૩	સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું સંચાલન	૮	સ્થાનિક સંસ્થાઓની મુલાકાત લેવી

	કરવું.		
૪	વ્યકિત અભ્યાસ ( ) હાથ ધરવો	૯	છાત્રાલય સંચાલન કરવું.
૫	ક્રિયાત્મક સંશોધન કરવું.	૧૦	પ્રાર્થના સંમેલનનું સંચાલન કરવું.

શાળાયાત્રા : (ઉત્તમ શાળાઓની મુલાકાત)

શાળાયાત્રામાં વિવિધ શિક્ષણ સંસ્થાઓનો પરિચય થાય તેવો લગભગ એક સપ્તાહનો શૈક્ષણિક કાર્યક્રમ યોજવાનો રહેશે. શૈક્ષિણિક સંસ્થાઓ ઉપરાંત તેમાં સાંસ્કૃતિક સ્થળો પણ આવરી લેવાશે. શાળાયાત્રા એ અભ્યાસક્રમનો અનિવાર્ય ભાગ હોવાથી આ શૈક્ષણિક પ્રવાસનો ખર્ચ પ્રશિક્ષણાર્થીએ ભોગવવાનો રહેશે.

પ્રાર્થના સંમેલનનું આયવોજન અને સંચાલન

(ક) આયોજન અને સંચાલન

એક એક જૂથે એક એક સપ્તાહ આયોજન અને સંચાલનની જવાબદારી અદા કરવાની રહેશે. જેમાં નીચેના જેવી સુચિત બાબતોનું આયોજન કરે તેમજ કરાવે તથા તે સારી રીતે પાર પાડવામાં જવાબદારી પૂર્વક ભાગ ભજવે એ આવશ્યક છે.

પ્રાર્થના, મૌન, ભજન–ધૂન, પ્રેરકગીત, સમાચાર–વાચન, સુવિચાર, જોડણી શિક્ષણ, જાણવા જેવું, વાચન સમીક્ષા, ગણિત ગમ્મત, વિજ્ઞાનનું અવનવું, અભિનયગીત, જીવનવૃત્તાંત, પાત્રાભિનય, કાવ્યપઠન, શીઘ્રવકતૃત્વ, વાદ્યવૃંદ, પ્રસંગોચિત વાત, લોકસાહિત્ય, કવિમુશાયરો, મહેમાન કલાકારો, સ્વાગત અને આભારદર્શન.

(ખ) સહભાગિતા

સમૂહ પ્રાર્થના, સમૂહ ગીરો, વ્યાખ્યાન નોંધ, સહચિંતન ગોષ્ઠિ, અહેવાલ નિરૂપણ, ઉત્સવ ઉજવણી.

(ગ) સંમેલનના આયોજન તેમજ સંચાલનનું મૂલ્યાંકન

પ્રશિક્ષણાર્થી તેનું સ્વમૂલ્યાંકન તેમજ અહેવાલ બંને સત્રમાં તૈયાર કરીને રજૂ કરશે. અધ્યાપકની પ્રેરણા, પ્રોત્સાહન, માર્ગદર્શન અને સમીક્ષા દ્વારા આ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિના સંચાલનની કાર્યદક્ષતા વિકસાવવાના પ્રયત્નો કરવાના રહેશે.

કાર્યશિક્ષણ

પ્રસ્તુત અભ્યાસક્રમના પૃ.૧૪૨ થી ૧૪૫ માં સૂચિત કાર્યશિક્ષણના સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક કાર્યો પૂર્ણ કરવાના રહેશે.

વિભાગ (૩)

સમૂહજીવન અને સમાજસેવા

૧	સ્વયં	સ્વાશ્રય (સ્વયંસેવા), જાગૃત નાગરિક તરીકેનું આચરણ (સમસંવેદન, સમભાવ, અન્યનો વિચાર) નિત્ય–નિરોગી રહેવાની કાળજી, યોગ, ખેલકૂદ અને વ્યાયામ
૨	છાત્રાલય અને પરિસરમાં સહયોગ	છાત્રાલય અને પરિસરમાં સહયોગ, અતિથિ સત્કાર, રંગોળી અને સુશોભન, સ્વચ્છતા, સુઘડતા, વ્યવસ્થા, સુંદરતા, બાગકામ, પર્યાવરણની જાળવણી
૩	સ્થાનિક સમાજમાં કરવાની પ્રવૃત્તિઓ.	શુશ્રૂષા (બીમારની સારવાર) સાવચેતીના પગલાં, ઉત્સવોની ઉજવણીમાં સક્રિય ભાગીદાર, પદયાત્રા, લોકશિક્ષણનાં કામો, ભીંતપત્ર લેખન, વૃક્ષારોપણ, સામુદાયિક શ્રમયજ્ઞ, રોગનિદાન કેમ્પ, નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, રકતદાન, સંસ્કાર કાર્યક્રમો, લોકડાયરા, સમૂહ ભોજન, પ્રાસંગિક રાહતકાર્ય વગેરે
૪	વ્યાપક સમાજમાં કરવાની પ્રવૃત્તિઓ	માનવીય સંબંધો સ્થાપવા – વિકસાવવા, સ્વસ્થ સમાજના ઘડતરમાં વ્યકિતગત યોગદાર, પ્રગતિશીલતા અને આધુનિકતાનો વિવેકપૂરઃસરનો સ્વીકાર અને પ્રયાસ

રોજનીશી (શિક્ષણ ચિંતનિકા :–

રોજનીશી એ માત્ર કરેલા કામનો અહેવાલ નથી, પરંતુ પ્રશિક્ષણાર્થીએ દિવસ દરમિયાન કરેલા કામના અહેવાલ ઉપરાંત સ્વતંત્ર શિક્ષણ ચિંતન, મુકત અભિવ્યકિત તેમજ સ્વમૂલ્યાંકનનો પણ તેમાં સમાવેશ કરવાનો છે. રોજનીશી તપાસવાનું અન્ય પ્રતિશોષણ આપવાનું કામ ખૂબ કાળજીપૂર્વક થાય તો શિક્ષણનું તે ખૂબ જ મહત્વનું માધ્યમ બની શકે.

શિક્ષણનું માધ્યમ

બી.એડ (બેઝિક એજયુકેશન) ના અભ્યાસ માટે અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા ગુજરાતી રહેશે.

સમયની સૂચિત ફાળવણી

(ક) પ્રશિક્ષણ માટેનો સમયગાળો : બી.એડ (બેઝિક એજયુકેશન) ના અભ્યાસક્રમમાં પ્રશિક્ષણાર્થીના ઘડતર માટે પૂરા બે સત્રનો સમયગાળો મળશે. શિક્ષક

પ્રશિક્ષણના કાર્યક્રમ માટેની સૂચિત સમય ફાળવણી નીચે આપવામાં આવી છે. તેમાં સ્થાનિક પરિસ્થિતી અને સંજોગો પ્રમાણે આચાર્ય ફેરફાર કરી શકશે.

(ખ) કાર્યદિન અને પ્રાયોગિક કાર્ય માટે સમયની ફાળવણી :–

વર્ષના ૩૬૫ દિવસમાંથી જાહેર રજાઓ અને રવિવાર બાદ કરતાં કામના ઓછામાં ઓછા ૨૨૮ કાર્યદિવસ એટલે કે ૩૮ સપ્તાહ મળશે. તેમાંથી પ્રાયોગિક શિક્ષણ કાર્ય માટે આ પ્રમાણે સમય ફાળવી શકાશે.

૧.	પરિચય સપ્તાહ	૧	સપ્તાહ
૨.	સૂક્ષ્મ અધ્યાપન અને સેતુપાઠ	૩	સપ્તાહ
૩.	નિદર્શન પાઠ અને ચર્ચાપાઠ	૧	સપ્તાહ
૪.	શાળાઓમાં પ્રાયોગિક શિક્ષણકાર્ય	૫	સપ્તાહ
૫.	ગ્રામશિક્ષણ–(મથકેતર શિક્ષણ)	૨	સપ્તાહ
૬.	કેન્દ્રનિવાસ (ઈન્ટરનશીપ)	૨	સપ્તાહ
૭.	શાળાયાત્રા (શૈક્ષણિક પ્રવાસ)	૧	સપ્તાહ
	કુલ	૧૬	સપ્તાહ

આ રીતે વર્ષ દરમિયાન પ્રાયોગિક કાર્ય માટે ૧૬ સપ્તાહ જેટલો સમય ફાળવી શકાશે તે સિવાય સૈદ્ધાંતિક કાર્ય માટે લગભગ ૨૦ સપ્તાહ અને પરીક્ષણ મૂલ્યાંકન માટે ૨ સપ્તાહ જેટલો સમય ફાળવી શકાશે.

(ગ) સમય પત્રકમાં તાસની ફાળવણી :– સપ્તાહના છ દિવસ દરમિયાન સાપ્તાહિક તાસની ફાળવણી આ પ્રમાણે કરી શકાશે.

૧. વિદ્યાલયમાં હંમેશા પ્રથમ એક તાસ પ્રાર્થના–સંમેલન (જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિ) માટે તથા બે તાસ કાર્યશિક્ષણ માટે રહેશે. (સોમ થી શુક્ર)

૨. સપ્તાહના કુલ ૫૬ તાસમાંથી પ્રાર્થના–સંમેલન, કાર્યશિક્ષણ તેમજ સામુદાયિક પ્રવૃત્તિ / સાંસ્કૃતિક પ્રવૃત્તિ / સાપ્તાહિક કસોટી / વર્ગલેખન સહિત પ્રાયોગિક કાર્ય માટે કુલ ૧૬ તાસ ઉપરાંત સૈદ્ધાંતિક કાર્ય માટે રોજના ૭ તાસ (શનિવારે ૬ તાસ) લેખે સપ્તાહમાં ૪૦ તાસની ફાળવણી આ પ્રમાણે કરી શકાશે.

સાપ્તાહિત તાસની ફાળવણી

૦૬ તાસ	પ્રાર્થના–સંમેલન (જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિ)	૧૬ તાસ
૧૦ તાસ	કાર્યશિક્ષણ માટે (સપ્તાહમાં પાંચ દિવસ હંમેશા બે તાસ જેટલો સમય.	
૨૪ તાસ	આધાર પાઠયક્રમ અને વિશિષ્ટ ક્ષેત્રો માટે (દરેક વિષય માટે સપ્તાહમાં ૬ તાસ)	૪૦ તાસ
૧૦ તાસ	વિષયવસ્તુ અને શિક્ષણપદ્ધતિઓ માટે (દરેક વિષય માટે સપ્તાહમાં ૫ તાસ)	
૦૫ તાસ	વ્યકિતગત / સામુદાયિક માર્ગદર્શન માટે અથવા લાઈબ્રેરી વર્ક	
૦૧ તાસ	સામુદાયિક પ્રવૃત્તિ / સાંસ્કૃતિક કાર્યક્રમ / સાપ્તાહિત કસોટી / વર્ગલેખન માટે	
૫૬ તાસ	કુલ	

નોંધ :– ૧. આ અભ્યાસક્રમ મુજબ શિક્ષક–પ્રશિક્ષક મેળવવા માટે પ્રશિક્ષણાર્થીએ શિક્ષણ મહાવિદ્યાલયના છાત્રાલયમાં રહીને પૂરો સમય અભ્યાસક્રમની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિમાં ભાગ લેવાનો રહેશે.

૨. અભ્યાસના ભાગરૂપે શાળાયાત્રા ગ્રામશિક્ષણ, કેન્દ્રનિવાસ વગેરેમાં થતો ખર્ચ પ્રશિક્ષણાર્થીઓ પોતે ભોગવશે. આવી કામગીરીમાં અધ્યાપકોને બહાર જવાનું થશે તેનો ખર્ચ શિક્ષણ મહાવિદ્યાલય ઉપાડશે.

ગુણાંકન યોજના

(બાહ્ય અને આંતરિક મૂલ્યાંકન)

	વિભાગ	બાહ્ય મૂલ્યાંકન	આંતરિક મૂલ્યાંકન	કુલ ગુણ
૧ ૨	<u>વિભાગ–(૧) સૈદ્ધાંતિક</u> આધાર પાઠયક્રમ (પ્રશ્નપત્ર ૧ થી ૪)	૬૦૦		૬૦૦

	પસંદ કરેલ બંને વિષયોનું વિષયવસ્તુ અને શિક્ષણપદ્ધતિ (પ્રશ્નપત્ર ૫ અને ૬)				
	વિભાગ–(૨) પ્રાયોગિક				
(ક)	ક્ષેત્રીય શૈક્ષણિક અનુભવો.				૩૦૦
	૧	વર્ષ દરમિયાનનું પ્રાયોગિક શિક્ષણકાર્ય (૩૦ પાઠ × ૧૦ = ૩૦૦ ગુ.)		૧૦૦	
	૨	વર્ષાને અંતે વાર્ષિક પરીક્ષાના ૨ પાઠ (૫૦ × ૨ = ૧૦૦ ગુણ)		૧૦૦	
	૩	પાઠ અવલોકન કાર્ય તેમજ અનુસરણકાર્ય નોંધ		૩૦	
	૪	કેન્દ્ર નિવાસ દરમિયાનના ૧૦ પાઠ તેમજ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન.		૩૦	
	૫	ગ્રામશિક્ષણ દરમિયાનની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ		૪૦	
(ખ)	અન્ય પ્રાયોગિક કાર્યો				૨૦૦
	૧	શૈક્ષણિક ઉપકરણો		૪૦	
	૨	ક્રિયાત્મક સંશોધન અથવા સંશોધનલક્ષી પ્રાયોગિક કાર્ય		૨૦	
	૩	મનોવૈજ્ઞાનિક કસોટીઓ		૨૦	
	૪	કેસસ્ટડી (વ્યકિત અભ્યાસ)		૨૦	
	૫	સ્વાધ્યાય : (પસંદ કરેલ બંને વિષયના વિષયવસ્તુના (૧૫ + ૧૫) (પસંદ કરેલ બંને વિષયમાં ઘો. ૮, ૯, ૧૦ ના એક એક પાઠની વિવેચનાત્મક નોંધ અને બાકીના તમામ પાઠોના		૩૦	

		કઠિનબિંદુઓની સ્વઅધ્યયન નોંધ)			
	૬	મૂલ્યાંકન કસોટીઓ (પસંદ કરેલ બંને વિષયની) (૧૫ + ૧૫) (બંને વિષયમાં તૈયાર કરેલી ધો. ૮, ૯, ૧૦ માટેની એક એક) કુલ છ કસોટીઓ)		૩૦	
	૭	ક્રિયાત્મક/પ્રાયોગિક/મૌખિક કસોટી (વાયવા) પસંદ કરેલ બંને વિષયોમાં) (૧૫ + ૧૫) (બંને વિષયમાં લેખિત પરીક્ષામાં ન ચકાસી શકાય તેવા જે તે વિષયના વિશિષ્ટ ક્રિયાત્મક કૌશલ્યો પ્રયોગો / નિદર્શન વગેરે)		૩૦	
	૮	શાળાયાત્રા (શૈક્ષણિક પ્રવાસ) નો અહેવાલ શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રયોગો કરતી શિક્ષણ સંસ્થાઓના શૈક્ષણિક પ્રવાસનો અહેવાલ		૧૦	
(ગ)	કાર્યશિક્ષણ (વર્ક એજયુકેશન) ૨૦ ગુણ સૈદ્ધાંતિક + ૪૦ ગુણ કાર્યશિક્ષણની વિવિધ શૈ. પ્રવૃત્તિઓ + ૪૦ ગુણ ઉત્પાદકકાર્ય		–	૧૦૦	૧૦૦
		કુલ	૬૦૦	૬૦૦	૧૨૦૦

વિભાગ (૩) સમૂહજીવન

સમૂહજીવનનું આંતરિક મૂલ્યાંકન નીચે મુજબ કરવાનું રહેશે.

૧	છાત્રાલયમાં સમૂહજીવનની વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગિતા	૧૦
૨	વિદ્યાલયમાં સમૂહજીવનની વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગિતા	૧૦
૩	વ્યકિતગત જીવનમાં ગુણવિકાસ કરવા માટે કરેલો સભાન પ્રયાસ	૧૦

૪	સામુદાયિક જીવનને વિકસાવવામાં તેમજ તેને સુદ્દઢ કરવામાં પ્રશિક્ષણાર્થીએ કરેલ યોગદાન	૧૦
૫	નિયમિતતા, હાજરી તથા નિર્વ્યસની અને સ્વસ્થ જીવન માટેની સદાય તત્પરતા	૧૦

આ દરેક દસ દસ ગુણમાંથી, ગુહપતિ, અધ્યાપકો તેમજ આચાર્ય મૂલ્યાંકનત કરશે અને તેના સરાસરી પ્રાપ્તાંકના આધારે સમૂહજીવનની કક્ષા નકકી કરવામાં આવશે. જે તેના ગુણપત્રકમાં પણ દર્શાવવામાં આવશે. આ રીતે સમૂહજીવનનું સતત મૂલ્યાંકન કર્યા બાદ તેને લાગુ પડતી નીચે મુજબની સંબંધિત કક્ષામાં ફેરવીને ઉત્તમ, સારું, સંતોષકારક, સાધારણ અને નબળું એમ કક્ષા મૂકવાની રહેશે.

(૧) ૭૦ થી ઉપર ઉત્તમ (ખભ(ત)

(૨) ૬૦ થી ઉપર અને ૭૦ સુધી સારુ (ન:::મ)

(૩) ૫૦ થી ઉપર અને ૬૦ સુધી સંતોષશ્કારક (કબત્ય()બ'ત:૨૪)

(૪) ૪૦ થી ઉપર અને ૫૦ સુધી સાધારણ (બ–ભ૨બન્ભ)

(૫) ૪૦ અને ૪૦ થી નીચે નબળું (.::૨)

<u>પરીક્ષા યોજના અને ધોરણો</u>

પરીક્ષા યોજના

૧. બી.એડ. (બેઝિક એજયુકેશન) ની પદવી માટે વર્ષના અંતે વાર્ષિક પરીક્ષામાં બેસવા ઈચ્છનાર ઉમેદવારે પરીક્ષાનું નિયતફોર્મ યુનિવર્સિટી જે અંતિમ તારીખ નકકી કરે ત્યાં સુધીમાં ભરીને મોકલવાનું રહેશે.

૨. શિક્ષણ મહાવિદ્યાલયના આચાર્ય પ્રત્યેક પ્રશિક્ષણાર્થીની પરીક્ષામાં બેસવા માટેની પાત્રતાની ખાતરી કરીને, પરીક્ષામાં બેસવાપાત્ર પ્રશિક્ષણાર્થીઓના નામની યાદી તેમજ પરીક્ષાફોર્મ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને નિયત કરેલા સમય સુધીમાં મોકલી આપશે.

૩. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા ીવભાગ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ તથા બેઠકક્રમાંક જાહેર થયા પછી સામાન્ય રીતે અભ્યાસક્રમના વિભાગ–૨ ની વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા ફેબ્રુઆરી માસમાં યોજાશે.

૪. અભ્યાસક્રમના વિભાગ–૨ ના પ્રાયોગિક કાર્યોના આંતરિક મૂલ્યાંકનની સુઆયોજિત પ્રક્રિયા શિક્ષણ મહાવિદ્યાલયના આચાર્ય તેમજ અધ્યાપકો દ્વારા વર્ષ દરમિયાન સતત ચાલતી રહેશે.

૫. બી.એડ (બેઝિક એકજયુકેશન) અભ્યાસક્રમના વિભાગ–૨ ના સૈદ્ધાંતિક વિષયોની લેખિત પરીક્ષા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા વર્ષમાં એક જ વાર સામાન્ય રીતે નિયત કરેલ સમયે લેવાશે.

૬. સૈદ્ધાંતિક વિષયોનું પ્રત્યેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું અને ૩ કલાકનું રહેશે.

૭. વાર્ષિક પરીક્ષાના કેન્દ્ર સંચાલક તરીકે શિક્ષણ મહાવિદ્યાલયના આચાર્યશ્રી અથવા સિનિયર અધ્યાપક બંને પરીક્ષાઓની વ્યવસ્થા તેમજ સંચાલન કરશે.

વર્ષાંત પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા :

૧. દરેક ઉમેદવારે પ્રત્યેક સત્રમાં ૯૦ % દિવસો મહાવિદ્યાલયમાં ફરજિયાતપણે હાજર રહેવું પડશે અને તે દરમિયાન અભ્યાસક્રમમાં દર્શાવેલ તમામ પ્રાયોગિક કામો સંતોષકારક રીતે પૂર્ણ કરવાના રહેશે.

૨. જે તે વર્ષમાં કામના દિવસોની ૯૦ % હાજરી પૂર્ણ ન કરી હોય અથવા નિયત કરેલ વાર્ષિક કામો સંતોષકારી રીતે પૂરાં નહીં કરનાર પ્રશિક્ષણાર્થી જયાં સુધી તે પરિપૂર્ણ નહી કરે ત્યાં સુધી પરીક્ષામાં બેસવાપાત્ર ગણાશે નહીં.

૩. અભ્યાસક્રમના વિભાગ–૧ (સૈદ્ધાંતિક) તેમજ વિભાગ–૨ (પ્રાયોગિક) માં આંતરિક મૂલ્યાંકનમાં ઓછામાં ઓછા ૪૦ % ગુણ મેળવ્યા હશે તેઓ જ વાર્ષિક પરીક્ષાનું ફોર્મ ભરી શકશે.

પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટેનાં ધોરણો :

૧. વિભાગ –૧ (સૈદ્ધાંતિક) માં ઉત્તીર્ણ થવા માટે તાલીમાર્થીએ કુલ ગુણના ઓછામાં ઓછા ૪૦ % ગુણ એટલે કુલ ૬૦૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૨૪૦ ગુણ મેળવવાના રહેશે.

૨. સૈ દ્ધાંતિક વિભાગના બાહ્ય મૂલ્યાંકનમાં પ્રત્યેક પ્રશ્નપત્રમાં વિભાગવાર ઓછામાં ઓછા ૩૦ % ગુણ એટલે ૫૦ ગુણમાંથી ૧૫ ગુણ મેળવવાના રહેશે.

૩. બી.એડ. (બેઝિક એજયુકેશન) અભ્યાસક્રમના સૈ દ્ધાંતિક વિભાગ તેમજ પ્રાયોગિક વિભાગમાં અલગ અલગ ઉત્તીર્ણ થવું જરૂરી છે.

૪. સૈ દ્ધાંતિક તેમજ પ્રાયોગિક એમ બન્ને વિભાગોમાં ઉત્તીર્ણ થનારનો બેમાંથી જે વર્ગ ઉતરણી કક્ષાનો હશે તે વર્ગ ઉત્તીર્ણ થવાનો એકંદર વર્ગ ગણાશે.

૫. દરેક વિભાગમાં ૫૦ % કે તેથી વધારે પરંતુ ૬૦ % થી ઓછા ગુણ મેળવનાર દ્વિતીય શ્રેણીમાં ઉત્તીર્ણ થયેલા ગણાશે.

૬. દરેક વિભાગમાં ૬૦ % કે તેથી વધારે પરંતુ ૬૬ % થી ઓછા ગુણ મેળવનાર ઉમેદવાર પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયેલા ગણાશે.

૭. ૬૬ % કે તેથી વધારે ગુણ મેળવનાર 'વિશેષ યોગ્યતા' સાથે પાસ થયેલા ગણાશે.

ગુણની ફેરચકાસણી, ઉત્તરવહીનું પુનઃમૂલ્યાંકન તેમજ પરીક્ષા ફી અંગે :

૧. ઉત્તરવહીના ગુણની ફેરચકાસણી કે ઉત્તરવહીનું પુનઃમુલ્યાંકન માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિયમ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

અનુત્તીર્ણ વિદ્યાર્થીઓ માટેની ફેરપરીક્ષા :

૧. પ્રશિક્ષણાર્થી મૂલ્યાંકન યોજનામાં જણાવ્યા મુજબ જે વિભાગમાં પાસ થયા હશે તે વિભાગ પૂરતા પાસ થયા ગણાશે અને તેથી પછીના વર્ષમાં તેણે રીપીટર પરીક્ષાર્થી તરીકે નાપાસ થયેલ વિભાગના વિષયની જ પરીક્ષા આપવાની રહેશે. (આ રીતે વિભાગવાર જુદા જુદા વર્ષોમાં પાસ થનારને શ્રેણી ૧, ૨ કે વિશેષ યોગ્યતાનો લાભ મળી શકશે નહીં.) આવા પ્રશિક્ષણાર્થી જેટલી વખત પરીક્ષામાં બેસે તેટલી વખત તેણે પરીક્ષાની પૂરી ફી ભરવાની રહેશે.

ખઈભમ્ઈ ૮ખ૭(૨' ભમ્ગ'બ્ત્યઃઘ૯ ડિગ્રીની સમકક્ષતા

પદવી (મભ્ન્ચભ્ભ)

નઈ તાલીમના શિક્ષણદર્શન અનુસારના આ અભ્યાસક્રમમાં જે પ્રશિક્ષણાર્થી તેના સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક વિભાગમાં ઠરાવેલા તમામ કામો પૂર્ણ કરીને બાહ્ય તેમજ આંતરિક એમ બંને પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા જાહેર થશે તેમને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ખઈભમ્ઈ ૮ખ૭(૨' ભમ્ગ'બ્ત્યઃઘ૯ ''શિક્ષણ વિશારદ'' (બુનિયાદી શિક્ષણ) ની પદવી એનાયત કરવામાં આવશે.

પદવીની સમકક્ષતા

ખઈભમ્ઈ ૮ખબ(૮' ભમ્ગ'બ્ત્યઃઘ૯ ની પદવી (ડિગ્રી) ધરાવનાર વ્યકિત આગળ અનુસ્નાતક 'એમ.એડ' ના અભ્યાસ માટે પ્રવેશપાત્ર ઠરશે. તેમજ ગુજરાત રાજયના માન્ય ઉત્તર બુનિયાદી વિદ્યાલયો તેમજ સામાન્ય માધ્યમિક શાળાઓમાં તથા પ્રાથમિક બુનિયાદી અધ્યાપન મંદિરોમાં શિક્ષક તરીકે સેવા આપવા માટે અન્ય ખઈભમ્ઈ કે મઈખઈઈભમ્ઈ થયેલા શિક્ષકોની જેમ જ સમકક્ષ ગણાશે.

સ્નાતક નઈ તાલીમ શિક્ષણ મહાવિદ્યાલયના નિયમો

૧. અભ્યાસની મુદત :–

બી.એડ (બેઝિક એજયુકેશન) ના અભ્યાસનો સમયગાળો એક શૈક્ષણિક વર્ષનો રહેશે.

૨. રજાઓ :–

રજાના નિયમો યુનિ. ના નિયમાનુસાર રહેશે.

૩. ફીનું ધોરણ :

સરકારશ્રીના નિયમ મુજબ વખતો વખત નકકી થયા મુજબ ફી લેવામાં આવશે અને આ કોલેજ સ્વનિર્ભર હોવાથી તે અંગેના સરકારી ઠરાવ મુજબ ફી લઈ શકશે.

૪. છાત્રાલય નિવાસ :

બધા જ પ્રશિક્ષણાર્થીઓ માટે છાત્રાલય અને ખાદી ગણવેશ ફરજિયાત છે. દરેક પ્રશિક્ષણાર્થીએ છાત્રાલયનું ભાડું સરકારી નિયમ મુજબ કોલેજ નકકી કરે તે પ્રમાણે આપવાનું રહેશે. પ્રશિક્ષણાર્થીએ વિદ્યાલય તેમજ છાત્રાલયની સમૂહજીવનની વિવિધ પ્રવૃત્તિઓમાં સમજપૂર્વક જોડાઈને વિકાસશીલ જીવન માટેની અભિમુખતા, સામાજિક જવાબદારી માટેની સભાનતા તેમજ વિધાયક વલણ કેળવવા પ્રયત્ન કરવાનો રહેશે.

૫. શિસ્તના નિયમો :

કોલેજના આચાર્ય પોતાના વિદ્યાલય તેમજ છાત્રાલય માટેના પોતાના નિયમો ઘડશે અને દરેક પ્રશિક્ષણાર્થીએ તે ફરજીયાતપણે પાળવાના રહેશે.

૬. પ્રાયોગિક કાર્ય :

દરેક પ્રશિક્ષણાર્થીએ પાઠયક્રમના પ્રત્યેક વિભાગમાં જણાવ્યા પ્રમાણેનું પ્રાયોગિક કામ સમયસર અને કાળજીપૂર્વક પૂર્ણ કરવાનાં રહેશે. જો

પ્રશિક્ષણાર્થી ઠરાવેલ ધોરણ પ્રમાણે પ્રાયોગિક કામ કરવામાં નિષ્ફળ જશે તો વાર્ષિક પરીક્ષામાં બેસવા પાત્ર ગણાશે નહી.

પ્રવેશ લાયકાત અને પ્રવેશ વિધિ

પ્રવેશ લાયકાત :

૧. બી.એડ (બેઝિક એજયુકેશન) ના આ અભ્યાસક્રમનું એકંદર ધ્યેય ગ્રામાભિમુખ કેળવણીનું હોઈને, અભ્યાસકાળ પછી ગ્રામ પ્રદેશમાં રહી, સમગ્રી સમાજના વિકાસ માટે જીવનભર જાગૃત કાર્યકર તરીકે કામ કરવા ઉત્સુલ એવા યુવાનોને આ અભ્યાસક્રમ દ્વારા શિક્ષક–પ્રશિક્ષણ આપીને નઈ તાલીમના નિષ્ઠાવાન શિક્ષકો તૈયાર કરવાનું શિક્ષણ મહાવિદ્યાલયનું લક્ષ છે. આ વાત સમજીને બી.એડ (બેઝિક એકજુકેશન) નું પ્રશિક્ષણ લેવા ઈચ્છનારને માટે અહીં આવકાર છે.

૨. સરકારી જેને પ્રવેશ માટે સ્નાતક સમકક્ષ ગણી હોય તેવી ગુજરાતની વિવિધ ગ્રામવિદ્યાપીઠોમાં અભ્યાસ પૂર્ણ કરીને નીચેના જેથી ઉપાધિ ઉમેદવારોને બી.એડ. (બેઝિક એજયુકેશન) ના અભ્યાસક્રમમાં પ્રવેશમાં અગ્રતા આપવાની રહેશે.

– બી.આર.એસ. (કૃષિ ગોપાલન)

– બી.આર.એસ. (પશુપાલન અને ડેરી વિજ્ઞાન)

– બી.આર.એસ. (વનવિદ્યા)

– બી.આર.એસ. (ગૃહજીવનવિદ્યા)

– બી.આર.એસ. (લોકશિક્ષણ) હિંદી, અંગ્રેજી, ઈતિહાસ, ગ્રામ અર્થશાસ્ત્ર,

સહકાર–પંચાયત, ગ્રામ વિસ્તરણ અને સમાજનવરચના.

– બી.એસ.એસ.સી. (સમાજવિદ્યા વિશારદ) હિંદી, ગુજરાતી, ઈતિહાસ,

સમાજનવરચના.

– બી.એસ.સી. (વિજ્ઞાન વિશારદ) ગૃહવિજ્ઞાન

– બી.એસ.સી. (વિજ્ઞાન વિશારદ) વિજ્ઞાન

૩. ગ્રામવિદ્યાપીઠના ઉપર્યુકત ડિગ્રીધારી ઉમેદવારો ઉપરાંત કાયદાથી પ્રસ્થાપિત થયેલ કોઈપણ માન્ય વિશ્વવિદ્યાલય કે યુનિવર્સિટીના સંબંધિત વિષયના સ્નાતક / અનુસ્નાતકોને પણ પ્રવેશ આપી શકાશે.

૪. પ્રસ્તુત અભ્યાસક્રમમાં શિક્ષક–પ્રશિક્ષણ માટે સ્નાતકો તેમજ સ્નાતિકાઓ બન્નેને પ્રવેશ આપવાની વ્યવસ્થા છે.

૫. ઉત્તર બુનિયાદી વિદ્યાલયોના અભ્યાસક્રમમાં શીખવાતા વિવિધ વિષયોમાંથી પોતાની પસંદગીના મુખ્ય વિષયમાં સ્નાતક કક્ષાએ ૪૫ % કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થનાર ઉમેદવાર પ્રવેશ માટે નિયત આવેદનપત્ર ભરી શકશે.

૬. પ્રશિક્ષણાર્થીએ પ્રાયોગિક શિક્ષણ માટે શાળાઓમાં મુખ્યત્વે ગુજરાતી–ભાષી વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ વ્યવહાર કરવાનો હોઈને ઉમેદવારને ગુજરાતી ભાષા પર સારું પ્રભુત્વ હોય તે જરૂરી છે.

પ્રવેશવિધિ :

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ નકકી કરવાના રહેશે.

પૂર્વસેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણની ત્રણ આધારશિલાઓ

'પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ એ કેળવણીના ક્ષેત્રમાં પ્રવેશેલ એક સામાન્ય વ્યકિત સક્ષમ અને પ્રતિબદ્ધ એવક વ્યાવસાયિક નિષ્ણાત શિક્ષકમાં પાયાનું પરિવર્તન કરવાની પ્રક્રિયા છે.'' (.ચભ્ઢ(ભ્ચ–ર'ભ ત્ભબ'ઝભ્ચ ભ્ભ૭'બત્ય:દ્ય ર(૬ ઉચ:'ભ((:) ત્ચબ્દ્ય():ચ?બત્ય:દ્ય :) ૬ ી૬ર .ભ્ચ(:દ્ય ય્દ્યાત: ૬ ':?ઉભ્તભ્દ્યાત બ્દ્યમ ':??ય્તત્ભમ ઉચ:)ભ((ય:દ્યબિ ભ્ભ૭'બત:ચ) આ વ્યાખ્યા પ્રમાણે પૂર્વસેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણએ 'સમર્થ શિક્ષક' તૈયાર કરવાનો કાર્યક્રમ છે.

સક્ષમ + પ્રતિબદ્ધ + કાર્યકુશળ ્ સમર્થશિક્ષક

શિક્ષક – પ્રશિક્ષણની ત્રણ આધારશિલાઓ

આને ધ્યાનમાં રાખીને શિક્ષક પ્રશિક્ષણનો અભ્યાસક્રમ નીચેની ત્રણ આધારશિલાઓ પર રચવામાં આવ્યો છે.

આકૃતિ

5F\R SFI"SF{X<I 1F[+M
SFv! JU" SFI"SF{X<IP
SFvZXF/F S1FFV[SFI"SF{X<I
SFv#XF/F ACFZGL X{P 5|J'l¿VMGF ;\RF,GG]\ SFI"SF{X<IP
SFPv$

5F\R 5|lTAâTF 1F[+M
5|v! lJnFYL"VM 5|tI[5|lTAâTF
5|vZ ;DFH 5|tI[5|lTAâTF
5|v# jIJ;FI 5|tI[5|lTAâTF
5|v$ ptS'Q8TFGL ;\5|Fl%T 5|tI[5|lTAâTF
5|v5 HLJGGF\ D}/E}T D}<IM 5|tI[

N; 1FDTF1F[+M

પાંચ કાર્યકૌશલ્ય ક્ષેત્રો

દરેક શિક્ષકે માત્ર વગખંડમાં જ નહીં, પરંતુ શાળા તેમજ સમાજમાં પણ વ્યાવસાયિક પ્રેકટિશનર જોઈએ. આથી કોઈ પણ સારા શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમની સફળતાનો આધાર મહદઅંશે શિક્ષકના માત્ર વ્યાવસાયિક જ્ઞાન, ક્ષમતાઓ કે પ્રતિબદ્ધતા પર નથી હોતો, પરંતુ રોજબરોજ તેમજ હરપળે વિવિધ ક્ષેત્રે તેનાં વાસ્તવિક કાર્યકૌશલ્યો પર પણ હોય છે. લાયકાતની આ સંકલ્પના ઉપરાંત ઉચ્ચ સ્તરના વ્યાવસાયિક કાર્યકૌશલ્યમાં રૂપાંતર પામતી લાયકાતની સંકલ્પના પણ સ્વીકારવી જોઈએ અને બિનતાલીમી શિક્ષકના અને તાલીમી શિક્ષકના કાર્યકૌશલ્ય વચ્ચે તફાવત હોવો જોઈએ. શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમ એવો હોવો જોઈએ કે જેથી પ્રત્યેક પ્રશિક્ષણાર્થી નીચેના પાંચ કાર્યકૌશલ્ય ક્ષેત્રમાં પારંગતતા પ્રાપ્ત કરે.

કાર્યકૌશલ્ય ક્ષેત્રો

૧. વર્ગ કાર્યકૌશલ્ય

૧.૧ વર્ગશિક્ષણ કાર્ય

૧.૨ વર્ગ વ્યવસ્થાપન કાર્ય

૧.૩ વર્ગમાં મૂલ્યાંકન કાર્ય

૨. શાળા કક્ષાએ કાર્યકૌશલ્ય

૨.૧ શાળા પ્રાર્થના સંમેલનનું આયોજન અને સંચાલન

૨.૨ શાળા સફાઈ અને સંશોભનનું આયોજન અને સંચાલન

૨.૩ વિવિધ ઉત્સવ ઉજવણીનું આયોજન અને સંચાલન

૨.૪ વિવિધ સ્પર્ધાઓનું આયોજન અને સંચાલન

૨.૫ શાળા બાગ– ઉછેર અને માવજત

૩. શાળા બહારની શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંચાલનનું કાર્યકૌશલ્ય

૩.૧ શૈક્ષણિક પ્રવાસ–પર્યટનનું આયોજન અને સંચાલન

૩.૨ શિક્ષણાનુભવ સ્થળોની મુલાકાતનું આયોજન અને સંચાલન

૩.૩ શિક્ષકોની જ્ઞાનવર્ધક સભાનું આયોજન અને સંચાલન

૩.૪ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન

૩.૫ ગ્રામસફાઈ અને શ્રમકાર્યનું આયોજન અને સંચાલન

૪. મા–બાપ/વાલીઓ સાથે સંબંધો સ્થાપવાનું કાર્યકૌશલ્ય

૪.૧ શાળા પ્રવેશોત્સવનું આયોજન અને સંચાલન

૪.૨ સતત ગેરહાજર રહેતા અને ઉઠી જવાની અણી પર હોય તેવાં બાળકોનાં મા–બાપ / વાલીની મુલાકાત

૪.૩. બાળકોની સમસ્યા સંબંધે મા–બાપ/વાલીની મુલાકાત

૪.૪ તેજસ્વી બાળકોની ઉત્કૃષ્ટતાની પ્રાપ્તિ માટે મા–બાપ/વાલીની મુલાકાત

૫. સ્થાનિક સમાજ સાથેના વ્યવહારનું કાર્યકૌશલ્ય

૫.૧ ગામમાં સમાજની ઉપસ્થિતી અને સહયોગમાં સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક ઉત્સવોની ઉજવણીનું આયોજન અને સંચાલન.

૫.૨ વિવિધ ઝુંબેશો અને અભિયાન સંબંધી આયોજન અને સંચાલન

૫.૩ મેળા જેવા પ્રસંગે વિદ્યાર્થીઓની મદદથી આયોજન અને સંચાલન

૧. વર્ગ કાર્યકૌશલ્ય

શિક્ષકને સોંપાયેલા બાળકોનું શિક્ષણ તે શિક્ષકનું પ્રથમ અને મોખરાનું કાર્ય હોવાથી વર્ગકક્ષાએ કાર્યકૌશલ્ય સૌથી મહત્વનું સ્થાન ધરાવે છે. જે પરિસ્થિતિ હોય તેમાં વર્ગના બાળકોને શકય તેટલું ઉત્તમ શિક્ષણ આપી શકાય તે માટે તેમની પાસે ઉત્તમ કક્ષાના પ્રયત્ની અપેક્ષા રાખવામાં આવે છે. આ માટે શિક્ષણ વ્યવહાર, મૂલ્યાંકન અને વ્યવસ્થાપનની વ્યૂહરચનાઓ માટે આવશ્યક એવા કૌશલ્યો, ક્ષમતાઓ, વલણો, અને અભિગમોની પ્રાયોગિક પ્રાપ્તિની અપેક્ષા છે. તેથી પૂર્વસેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યકમના એક ભાગ તરીકે આ અને આવી નીચેના જેવી વર્ગકક્ષાની સક્ષમ અને અસરકારક કામગીરી બજાવવા પ્રશિક્ષણાર્થીએ સજજતા કેળવવાની રહેશે.

પ્રશિક્ષણાર્થી ...

૧.૧ વર્ગમાં વ્યવહાર અસરકારક રીતે કરે છે.

૧.૨ કક્ષાનુસાર વિદ્યાર્થીઓની આવશ્યકતા મુજબ વિષયશિક્ષણના પાઠો તૈયાર કરે છે અને આપે છે.

૧.૩ શિક્ષક તરીકે અધ્યયન–અધ્યાપન કામગીરી અસરકારક બનાવવા માટે પ્રશિક્ષણ વિદ્યાલયમાં શીખેલ વિવિધ અધ્યાપન પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણકાર્ય કરે છે.

૧.૪ વર્ગકામગીરીને અર્થપૂર્ણ બનાવવા માટે અભ્યાસક્રમના સંદર્ભમાં વિવિધ પ્રકારના પાઠોનું વાર્ષિક આયોજન કરે છે.

૧.૫ વર્ગકામગીરીને અદ્યતન બનાવવા માટે નૂતન શૈક્ષણિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને નવતર અભિગમો અપનાવે છે.

૧.૬ વર્ગમાં સમયસર પહોંચી જાય છે તેમજનિયમિત રીતે સ્વાધ્યાય તપાસે છે.

૧.૭ વર્ગમાં અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમિયાન પ્રત્યેક વિદ્યાર્થી ઉપર વ્યકિતગત ધ્યાન આપે છે.

૧.૮ વર્ગશિક્ષણમાં સક્રિય ભાગીદારી માટે પ્રત્યેક વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરે છે.

૧.૯ તવંગર કે ગરીબ, નબળા કે તેજસ્વી, એવાં તમામ બાળકો સાથે નિષ્પક્ષ વ્યવહાર કરે છે.

૧.૧૦ અધ્યયન–અધ્યાપન સામગ્રીનો અસરકારક અને યોગ્ય રીતે ઉપયોગ કરે છે.

૧.૧૧ પારસ્પરિક અધ્યયન માટે આવશ્યકતા અનુસાર વર્ગ વ્યવસ્થાપનમાં જૂથ સંચાલન પ્રવિધિઓ અપનાવે છે.

૧.૧૨ વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતો અને અભિરુચિને અનુલક્ષીને સ્વઅધ્યયન ટેવો વિકસાવવામાં તેમને મદદ કરે છે.

૧.૧૩ મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓની નબળાઈ અને તેજસ્વિતાનું નિદાન કરે છે. તેમજ નબળા વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક શિક્ષણ ગોઠવે છે અને તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સમૃદ્ધિકરણની તકો પૂરી પાડે છે.

૧.૧૪ વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ અધ્યયન કરે તેમજ વર્ગમાં પોતાનાં કૌશલ્યો પ્રદર્શિત કરે તે માટે તકો પૂરી પાડે છે.

૧.૧૫ વિદ્યાર્થીઓની અધ્યયનની ઉણપો જાણવા માટે પરખદ્રષ્ટિ વિકસાવે છે અને અધ્યયન–અધ્યાપન પ્રવૃત્તિ તે અનુસાર પ્રયોજે છે.

૨. શાળા કક્ષાએ કાર્યકૌશલ્ય

વર્ગખંડ કાર્યકૌશલ્ય ઉપરાંત જે શાળામાં કામ કરે છે તે શાળા પ્રત્યે તેની ભૂમિકા તેમજ જવાબદારીઓ શિક્ષકે અદા કરવી પડે. સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ઉત્સવોની ઉજવણી, પ્રદર્શનો, સ્પર્ધાઓ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાંથી ઉદભવતા આંતર વ્યવહારોનું સંચાલન એ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયાનો એક મહત્વનો ભાગ છે.

આવાં કાર્યકૌશલ્યોમાં સમગ્ર શાળા પરિવારનો સહયોગ અને રુચિ પેદા કરવા માટે સુસજજ શિક્ષક સમગ્ર શાળા પરિવારને ગતિશીલ કરી શકે છે. તેથી માત્ર અસરકારક શિક્ષણ માટે શાળાનું વાતાવરણ સુધરે એટલું જ પર્યાપ્ત નથી, પરંતુ સમગ્ર શાળા–પરિવારના સર્વાંગી વિકાસ માટે શાળાની એક ઉદાત્ત પ્રતિભા ઉપસે એ પણ જરૂરી છે. શાળા કક્ષાએ શિક્ષકમાં નીચેના જેવા કાર્યકૌશલ્યો વિકસાવવા કોશિશ કરવાની રહેશે.

પ્રશિક્ષણાર્થી :–

૨.૧ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે વર્ગશિક્ષણ ઉપરાંત શાળાકીય પ્રવૃત્તિઓનું મહત્વ સમજે છે.

૨.૨. વિદ્યાર્થીની પ્રતિભા વિકસાવવા માટે વિવિધ શાળા પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ દ્વારા વિદ્યાર્થીઓમાં રસ પેદા કરે છે.

૨.૩ વિવિધ ઉત્સવોની ઉજવણી દ્વારા શાળાકીય પ્રવૃત્તિઓમાં શિક્ષક–વિદ્યાર્થી, વિદ્યાર્થી–વિદ્યાર્થી વચ્ચે જવાબદારી અને સહયોગની ભાવના વિકસાવે છે.

૨.૪ શાળા પ્રવૃત્તિઓ – જેવી કે નિયમિત પ્રાર્થના સંમેલન, સામાજિક–સાંસ્કૃતિક–શૈક્ષણિક કાર્યક્રમોમાં સમૃદ્ધ અનુભવો પૂરા પાડવા માટે શાળા પર્યાવરણને નવતર રીતે ગોઠવે છે અને સતત રીતે કાયાકલ્પ કરે છે.

૨.૫ શાળા પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ સક્રિય ભાગ લે તે માટે નેતૃત્વ પુરુ પાડે છે.

૨.૬ વિવિધ શાળા પ્રવૃત્તિઓમાં સંચાલનમાં આચાર્ય અને સહકાર્યકરોને સહયોગ આપે છે અને સંસ્થામાં સ્વસ્થ આંતર માનવસંબંધો જાળવવાની ક્ષમતાની પ્રતીતિ કરાવે છે.

૨.૭ શાળાબાગને વિકસાવે છે, તેનું જતન કરે છે અને શાળા પટાંગણમાં આવેલા વૃક્ષોની પૂરતી કાળજી લે છે.

૨.૮ વિદ્યાર્થીઓના સ્થાયીકરણમાં વધારો કરવામાં મદદ કરે છે.

૩. શાળા બહારની શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંચાલનનું કાર્યકૌશલ્ય

વિવિધ અભ્યાસકીય અને જીવનલક્ષી પ્રવૃત્તિઓ, ક્ષેત્ર મુલાકાતો, સમાજ સાથેના વ્યવહારો, સમાજસ્ત્રોનો ઉપયોગ તેમજ અન્ય શકય સ્ત્રોતોની ઓળખ થવી તે શાળા બહારની દુનિયા સાથે શાળાનો ઘનિષ્ઠ સંબંધ વિકસાવવા માટેના કેટલાકં પાસા છે. શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમ દરમિયાન આ અંગેની જાણકારી પ્રશિક્ષણાર્થીને હોવી જરૂરી છે. એટલું જ નહી, પરંતુ આ ક્ષેત્રોમાં તેમના કાર્યકૌશલ્યની ભૂમિકા સમજવા માટે

નીચેના જેવી પ્રવૃત્તિઓના આયોજન, વ્યવસ્થાપન અને સંચાલનમાં સહભાગી થવું પડશે.

પ્રશિક્ષણાર્થી...

૩.૧ બાળકોની સર્જનાત્મકતા અને કાર્યકૌશલ્ય વિકસાવવા માટે પ્રવાસ–પર્યટન, શૈક્ષણિક મહત્વ ધરાવતાં સ્થળોની મુલાકાત જેવી પ્રવૃત્તિઓને મહત્વ આપે છે.

૩.૨ શાળા બહારની શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંચાલનમાં સક્રિય રીતે ભાગ લે છે અને તેમાંથી નિષ્પન્ન થતા શૈક્ષણિક ઘટકો તારવીને શાળાકાર્યક્રમને અસરકારક બનાવે છે.

૩.૩ શાળા બહારની પ્રવૃત્તિઓને વધારે અસરકારક બનાવવા માટે પરિસંવાદ, કાર્યશિબિર અને ચર્ચાઓ વગેરેમાં સ્વેચ્છાપૂર્વક ભાગ લે છે.

૩.૪ આંતરશાલેય સ્પર્ધાઓ જેવી શાળા બહારની પ્રવૃત્તિઓના સંચાલનમાં ભાગ લેવા, કામગીરી કરવા અને માર્ગદર્શન આપવા માટે સ્વયંપ્રેરિત બને છે.

૩.૫ શાળા બહારની વિવિધ પ્રવૃત્તિઓને સમૃદ્ધ કરવા સ્થાનિક તજજ્ઞો સાથે આંતરવ્યવહાર કરે છે અને સહકાર પ્રાપ્ત કરે છે.

૩.૬ શૈક્ષણિક પ્રવાસ પર્યટન અને ક્ષેત્રિય મુલાકાતનું આયોજન અને સંચાલન કરે છે.

૩.૭ શાળાની ભૌતિક અને શૈક્ષણિક જરૂરિયાતોને પહોંચી વળવા મા–બાપને, ગ્રામશિક્ષણ સમિત, વાલી મંડળ, મહિલા મંડળ, યુવકમંડળ તેમજ સ્થાનિક સહકારી સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત કરે છે.

૩.૮ ગ્રામસફાઈ કાર્યક્રમ, શ્રમયજ્ઞ, વૃક્ષારોપણ જેવા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક લોકોને સહભાગી બનાવે છે.

૩.૯ શિક્ષકોની જૂથસભા (હગિ(ત્ભ્ચ ચભ(ઃ૨'ભ હભ્દ્યત્ચભ ઢ હચહ) ના કાર્યક્રમોમાં સક્રિય રીતે ભાગ લેવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે.

૪. માં–બાપ / વાલીઓ સાથે સંબંધો સ્થાપવાનું કાર્યકૌશલ્ય

વિદ્યાર્થીઓના અભ્યાસની પ્રગતિની ચર્ચા, વિદ્યાર્થીની કચાશ દૂર કરવામાં વાલી સહયોગ અને વિદ્યાર્થીના અનિયમિત હાજરીની સમસ્યા જેવી બાબતો શિક્ષક–વાલીના વ્યવહાર સાથે પ્રત્યક્ષ રીતે સંબંધિત છે. સતત દસ દિવસ સુધી ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓના વાલીઓનો તાત્કાલિક સંપર્ક સાધવાથી ઉઠી જનાર બાળકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યાના દ્રષ્ટાંતો ?

૪.૧. વિદ્યાર્થીઓને સારુ અધ્યયન કરાવવા માટે શિક્ષકોને વાલીઓના સહયોગની વર્ષ દરમિયાન સતત આવશ્યકતા હોય છે એ વાત સમજે છે.

૪.૨ શાળાની અસરકારક કામગીરી માટે વાલી–શિક્ષક સંઘ તેમજ માતૃ–શિક્ષક સંઘનું મહત્વ સમજે છે.

૪.૩ વિવિધ વિષયોમાં વિદ્યાર્થીઓના અધ્યયનમાં નડતી વૈયક્તિક સમસ્યાઓને સમજવા અને તે નિવારવા વાલીઓ સાથે સક્રિયપણે વિચાર વિમર્સ કરે છે.

૪.૪ વિદ્યાર્થીઓની સિદ્ધિ વધારવા અને શક્તિને પોષવા શાળાની પ્રવૃત્તિઓમાં વાલીઓનો સહકાર પ્રાપ્ત કરે છે.

૪.૫ શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વાલીઓના બાળકોના બહેતર અધ્યયન માટે તજજ્ઞ વાલીઓને ઓળખે છે અને તેમના જ્ઞાન અને આવડતનો ઉપયોગ કરે છે.

૪.૬ જે વિદ્યાર્થી અવારનવાર ગેરહાજર રહેતા હોય કે ઉઠી જવાની અણી પર હોય તેમના વાલીઓનો તાત્કાલિક સંપર્ક કરે છે અને બાળકોને શાળાએ નિયમિતપણે મોકલવા માટે સમજાવે છે.

૪.૭ વાલીઓને મળીને તેમના પાલ્યની તેજસ્વિતા, નબળાઈઓ તેમજ તેમના વર્તન વિશે માહિતી આપે છે અને તેઓ બાળકના હિતમાં યોગ્ય પગલાં લે તે માટે તેમને માર્ગદર્શન આપે છે.

૫. સ્થાનિક સમાજ સાથેના વ્યવહારનું કાર્યકૌશલ્ય

સમગ્ર શાળા શિક્ષણ ઉપરાંત પ્રાથમિક શિક્ષણના સર્વત્રીકરણમાં ખાસ કરીને ગ્રામ શિક્ષણ સમિતિ તેમજ તેના જેવી અન્ય સંસ્થાઓ આગામી વર્ષોમાં મહત્વની ભૂમિકા ભજવશે. શાળાના યોગ્ય વિકાસ અને તેના સ્ત્રોતો તેમજ પ્રવૃત્તિઓની વૃદ્ધિ માટે આ સંસ્થાઓ સાથેનો પારસ્પરિક વ્યવહાર આવશ્યક બનશે. આથી શિક્ષક–પ્રશિક્ષક કાર્યક્રમમાં આ બાબતને યોગ્ય સ્થાન અને મહત્વ આપવું જોઈએ. આથી પ્રશિક્ષણાર્થીઓએ સમાજ સાથેના વ્યવહાર માટેના નીચેનાં જેવા કાર્યકૌશલ્યો કેળવવાં પડશે.

પ્રશિક્ષણાર્થી...

૫.૧ પારસ્પરિક લાભાર્થે શાળા અને સમાજ એકબીજા સાથે આંતરવ્યવહાર કરે તે જરૂરી છે એ બાબત સમજે છે.

૫.૨ પ્રતિભાવાત્મક, ક્રિયાત્મક અને અધ્યયનશીલ સમાજના નિર્માણમાં શાળાની જવાબદારી સમજે છે.

૫.૩ જરૂરિયાત અને કટોકટીના સમયે સમાજની સમસ્યાઓને ઉકેલવામાં શાળા મદદરૂપ થાય છે તે સમજે છે અને જરૂર પડયે યોગદાન આપે છે.

૫.૪ સમાજની સમગ્ર સુધારણા, વિકાસ અને કામગીરીમાં શાળા અને સમાજ વચ્ચે નિરંતર કડીરૂપ બનવા માટેની શકિત વિકસાવે છે.

૫.૫ શાળાની ભૌતિક અને શૈક્ષણિક જરૂરિયાત પૂરી પાડવામાં ગ્રામશિક્ષણ સમિતિને સક્રિય બનાવે છે.

૫.૬ સ્થાનિક સમાજ અંતર્ગત પ્રાથમિક શિક્ષણના સર્વત્રીકરણની જવાબદારી પરિપૂર્ણ કરવા સમાજનો સક્રિય સહયોગ મેળવે છે.

૫.૭ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓના વિવિધ વિકાસાત્મક અને કલ્યાણકારી કાર્યક્રમોનો મહત્તમ લાભ લેવા માટે સ્થાનિક સમાજને વાકેફ કરે છે.

આ કાર્યકૌશલ્ય ક્ષેત્રોનો પારસ્પરિક વ્યવહાર, પ્રશિક્ષણના સિદ્ધાંતોમાં આવરી લીધેલું જ્ઞાનાત્મક પાસું નકકી કરે છે. શિક્ષણના સિદ્ધાંતો અને કાર્યકૌશલ્ય વચ્ચેના ગાઢ સંબંધો નીતિમાં આયોજિત થયેલ બાબતોની સિદ્ધિની માત્રા ઉંચી લઈ જાય છે.

પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો

એકવીસમી સદીના શિક્ષણ માટેના મુખ્ય ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ સામાજિક સંબંધ છે. અજાની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વાસ્તવિકતાઓને કારણે ઉદભવતચા કેટલાક તણાવો. ખેંચ તથા નિવારી શકાય તેવી અસમાનતાના સંદર્ભમાં આ ઉદ્દેશની ભૂમિકા સહેલાઈથી સમજી શકાય તેમ છે. સક્ષમ શિક્ષકો પોતાની વ્યાવસાયિક નિપુણતા અને સુસંગત ક્ષમતાઓના યોગ્ય ઉપયોગ કરીને મહદ અંશે મોટાભાગની સમસ્યાઓ નિશ્ચિતપણે હલ કરી શકે. જો કે તેઓ શાળામાં વાલીઓ સાથે અને સમાજના અન્ય સભ્યો સાથે કેવી રીતે પોતાની આદર્શ ભૂમિકા ભજવે છે તે પર બધી બાબતોનો આધાર છે.

આમ કરવા માટે કેટલીક માનવીય લાક્ષણિકતાઓ તેણે પ્રાપ્ત કરવી પડશે અને તેનો વિવિધ વ્યવહારોમાં વાસ્તવિક રીતે ઉપયોગ કરવો પડશે. પોતાનાં બધાં કાર્યો અને પ્રવૃત્તિઓમાં જે હંમેશા વફાદાર છે, પોતાના મિત્રવર્તુળ અને વાલીઓની જ ટીકા પ્રત્યે નહીં, પણ નાનાંઓની ટીકા પ્રત્યે પણ જે સહિષ્ણુ છે અને પ્રત્યેક વિદ્યાર્થીને જે શુદ્ધ

ભાવથી ચાહે છે તે જ સાચો શિક્ષક બની શકે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ સાથે લાગણીપૂર્વક અને ખંતથી કામ લેવાનું છે તેવા વિદ્યાર્થીઓની આવેગાત્મક જરૂરિયાતો પ્રત્યે શિક્ષકોએ ખરી રીતે સંવેદનશીલ રહેવું જોઈએ. શિક્ષકો તેમની સહિષ્ણુતા, નમ્રતા અને વિનયપૂર્વકના વ્યવહારને લીધે વિદ્યાર્થીઓને, વાલીઓને અને સમાજને વહાલા લાગે છે અને શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં તેમની શ્રધ્ધા ઉદાત્ત થાય છે. શિક્ષકો પાસે શિક્ષક તરીકેનું સુવ્યાખ્યાયિત દર્શન હોવું જોઈએ કે તેમને વધુ સારુ કાર્ય કરવા પ્રેરે એટલું જ નહીં, પરંતુ પોતાની શિક્ષક તરીકેની આદર્શ ભૂમિકા ભજવવામાં પણ મદદરૂપ બને.

શિક્ષકોની વ્યાવસાયિક ક્ષમતાઓ સાથે જયારે આ લાક્ષણિકતાઓ વણી લેવાય ત્યારે તેમની વ્યવસાય પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સ્વાર્પણની ઉત્તમ કક્ષાએ ખાતરી થશે, જે બધા જ વિદ્યાર્થીઓ માટે સમાન તક અને સફળતા પૂરી પાફશે. ભારતના ભાવિ નાગરિકો તૈયાર કરવામાં અને શિક્ષકની કાર્યભૂમિકાને નવો ઓપ આપવામાં પ્રતિબદ્ધતાક્ષેત્રો ખરેખર અગત્યનો ભાગ ભજવશે. આથી પ્રશિક્ષણાર્થીઓએ નીચે દર્શાવેલ પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો આત્મસાત કરવાનું અપેક્ષિત છે.

પ્રતિબદ્ધતા ક્ષેત્રો

૧. વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબદ્ધતા

૧.૧ વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ

૧.૨ વિદ્યાર્થીઓની ભૂલો અને તેમની બાલસહજ તોફાનમસ્તી પ્રત્યે સહષ્ણુતા

૧.૩ વિદ્યાર્થીઓની પ્રગતિ અને તેમના વિકાસ પ્રત્યે લગાવ.

૧.૪ વિદ્યાર્થીઓના સશકતીકરણમાં રસ.

૧.૫ વિદ્યાર્થીઓના જીવનની ગુણવત્તા પ્રત્યે કાળજી

૨. સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા

૨.૧ ધનિક કે ગરીબ, શિક્ષીત કે નિરક્ષર મા–બાપોનાં બાળકો પ્રત્યે સમતાનો ભાવ.

૨.૨ કુરિવાજ, વહેમ, અને અંધશ્રદ્ધાથી પીડિત સમાજ પ્રત્યે સાહનુભૂતિ અને સમજાવટપૂર્વકનો વ્યવહાર.

૨.૩ સ્થાનિક સમાજ પ્રત્યે નિષ્ઠા.

૩. વ્યવસાય પ્રત્યેની પ્રતિબદ્ધતા

૩.૧ પોતાના શિક્ષક તરીકેના વ્યવસાયનું ગૌરવ

૩.૨ પોતાની વ્યવસાયિક સજજતા અને પ્રગતિની તમન્ના.

૪. ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ પ્રત્યેની પ્રતિબદ્ધતા

૪.૧ વિદ્યાર્થીઓનું પરિણામ ઉત્કૃષ્ટ આવે તે માટે જાગૃતિ

૪.૨ અધ્યયન–અધ્યાપનમાં ઉત્કૃષ્ટ કક્ષાની સંપ્રાપ્તિ

૪.૩ પોતાનું દરેક કાર્ય ઉત્કૃષ્ટતાની કક્ષાએ કરવાની લગની

૫. જીવનનાં મૂળભૂત મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા

૫.૧ સત્ય, પ્રેમ, તટસ્થતા, પ્રામાણિકતા, સમયપાલન, સહકાર વગેરે મૂલ્યોનું આત્મસાતીકરણ

૧. વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબદ્ધતા

વિદ્યાર્થીને અધ્યયન કરતો અને વિકસતો કરવાની પોતાની શકિતની કસોટી પર શિક્ષકની સફળતાનો આધાર છે. અધ્યયન એક એવું વલણ છે કે જે શાળા કક્ષાએ પાંગરવા માંડે છે અને આજીવન વિકસતું રહે છે. વિદ્યાર્થી બનવું તે આનંદદાયક અને ફળદાયક અનુભવ છે એવું જયારે વિદ્યાર્થી અનુભવે ત્યારે જ આ શકય બને. તે માત્ર શીખનારને જ આનંદ આપે છે તેવું નથી. પણ શીખનારની કાળજી રાખનાર તેમજ તેને ચાહનાર શિક્ષકને પણ આનંદ આપે છે. શિક્ષકના સલામત હાથમાં રહેવું તે શીખનાર માટે આહલાદક અનુભવ છે. બાળકો માટેનો સાચો પ્રેમ અને વાત્સલ્ય, તેમની બાલસહજ તોફાન–મસ્તી પ્રત્યે તેના શૈક્ષણિક અર્થઘટનના સંદર્ભમાં સહિષ્ણુતા, તેમની પ્રગતિ અને વિકાસ પ્રત્યેની નિષ્ઠા, બાળકોના ગુણવત્તાપૂર્ણ જીવન વિકાસ માટેની કાળજી અને તેમના માનવીય સશકતીકરણ અંગેની નિસ્બત (ઈજ્ઞક્ષભયક્ષિ) ને વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબદ્ધતા કહી શકાય. આવી પ્રતિબદ્ધતા પ્રત્યેક શિક્ષકના કાર્યની અસરકારકતા જરૂર વધારશે.

શૈક્ષણિક મનોવિજ્ઞાન શીખવતી વખતે બાળકો પ્રત્યેના સાચા પ્રેમ અને સહિષ્ણુતાને અનુબંધિત કરવા જોઈએ. શિક્ષકે પોતાના વર્તનનું વિશ્લેષણ કરવું જોઈએ અને અવોગાત્મક વ્યકિતગત અનુભવોને નોંધવા જોઈએ કે જેથી તે અંગેના પ્રત્યાઘાતો સમજી શકાય અને તે પરથી પોતાનું વર્તન સુધારી શકાય. પ્રતિબદ્ધતાના ઘડતર માટે સ્વ–વિશ્લેષણ એ મહત્વની પ્રક્રિયા છે. બાળકોની વૃદ્ધિ અને વિકાસ પર શિક્ષકની અસહિષ્ણુતા તથા આક્રમકતાની જે અવળી અસલ થાય છે તે પણ તેમણે જાણવી જોઈએ. પોતાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે શિક્ષકોએ પ્રયાસો કરવા જોઈએ. અધ્યયનને અસરકારક બનાવવા આ પ્રતિબદ્ધતા

શિક્ષકો માટે અત્યંત તાકીદની છે. તેથી પ્રશિક્ષણાર્થીમાં શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમ દરમિયાન તે ઠસાવવી જોઈએ.

આ પ્રતિબદ્ધતા માટે પ્રશિક્ષણાર્થી નીચેના જેવી ક્ષમતાઓ વિકસાવશે.

પ્રશિક્ષણાર્થી...

૧.૧ વિદ્યાર્થીઓને અખૂટ પ્રેમ આપે છે.

૧.૨ વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતો સહૃદયતાપૂર્વક પૂરી કરે છે.

૧.૩ વિદ્યાર્થીઓના શારીરિક, બૌદ્ધિક અને સાંવેગિક વિકાસ માટે તેમનાં વલણો, લાગણીઓ, આકાંક્ષાઓ તથા શીખવાની શકિતને સમજે છે.

૧.૪ અધ્યયન પ્રક્રિયામાં વ્યકિતગત ધ્યાન આપવા માટે પ્રત્યેક વિદ્યાર્થીને વ્યકિતગત રીતે ઓળખે છે.

૧.૫ શિક્ષક–વિદ્યાર્થી સંબંધને વિકસાવે છે.

૧.૬ વિદ્યાર્થીઓની ભૂલો તેમજ તેમની બાલસહજ તોફાનમસ્તી માટે સહિષ્ણુતા ધરાવે છે.

૧.૭ વિદ્યાર્થીઓની પ્રગતિ અને વિકાસ માટે વિદ્યાયક પ્રતિબદ્ધતા અને પ્રેમ વિકસાવે છે.

૧.૮ વિદ્યાર્થીઓની પ્રગતિમાં અને માનવ–સશકતીકરણમાં રસ ધરાવે છે.

૧.૯ બાળકોમાં જીવનની ગુણવત્તા વિકસાવે છે.

૧.૧૦ વિદ્યાર્થીઓ માટે અધ્યયનને એક આનંદમય અને ફળદાયી અધ્યયન માટે અનુભવો પૂરા પાડે છે.

૨. સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા

શિક્ષકોએ એ પણ યાદ રાખવું ઘટે કે તેઓ વ્યકિતગત રીતે તેમજ સામૂહિક રીતે સ્થાનિક સમાજ માટે જવાબદાર છે. તેઓએ તેની વફાદારીપૂર્વક સેવા કરવી જોઈએ. આ સેવા વિવિધ પ્રકારની હોઈ શકે. દા.ત. ભૂતકાળમાં શિક્ષણનો હકક જેમને પ્રાપ્ત થયો નથી તેવા સમાજના વર્ગો પ્રત્યે ખાસ ધ્યાન અને નિષ્ઠા જરૂરી છે. તેવી જ રીતે સમાજના નબળા અને શિક્ષણની તકથી વંચિત (મયાશીયમ) રહેલા વર્ગના વાલીઓના બાળકો પણ વિશિષ્ટ કાળજી અને સ્નેહ ઝંખે છે. એટલે તેમને શિક્ષિતોની હરોળમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા તે માત્ર તેમને માટે જ લાભદાયી છે. તેવું નથી, પણ સમાજ માટે પણ સમગ્રતયા લાભદાયી છે. તેમનાં ઉત્કૃષ્ટ જ્ઞાન, કૌશલ્યો અને વલણો સમગ્ર સમાજના જીવનની ગુણવત્તા સુધારવા માટે વધુ ફળદાયી બનશે.

શિક્ષકની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા એટલે :

– ગરીબ તથા નિરક્ષર મા–બાપના બાળકો માટે સમાનતાની ભાવના વિકસાવવી.

– બાળકોના સમૃદ્ધીકરણ માટે મા–બાપે માર્ગદર્શન આપવું.

– શાળા વિકાસ માટે સમાજને કાર્યન્વિત કરવા સ્વેચ્છાએ પહેલ કરવી.

સમાજ પ્રત્યે પ્રતિબદ્ધ શિક્ષક સમાજના સભ્યો સાથે ઝડપથી તાદાત્મ્ય સાધશે. એક વાર આટલું સિદ્ધ થાય તો ભૌતિક સગવડોની દ્રષ્ટિએ શાળા માટે સ્ત્રોતો ઉભા કરવા, બાળકોના અધ્યયનને પ્રોત્સાહિત કરવા, માર્ગદર્શન આપવા અને મહત્તમ સ્તરે પહોંચાડવા માટે સમાજને કાર્યાન્વિત કરવામાં કોઈ સમસ્યા રહેશે નહીં. જે સમાજમાં શિક્ષક સેવા કરે છે તે સમાજના તેઓ સાચા મિત્રો, તત્વજ્ઞાનીઓ અને માર્ગદર્શકો છે એવી પ્રતીતિ કરાવશે તો તેમને માન મળશે. સમગ્ર સમાજ માટે શિક્ષકનું વર્તન હકારાત્મક અને સાનુકૂળ હશે તો સમાજ તેની કદર કરશે. સ્થાનિક સમાજ પ્રત્યે શિક્ષકોની પ્રતિથબદ્ધતા ધીમે ધીમે સમગ્ર સમાજ પ્રત્યે વિસ્તરવી જોઈએ. જયારે શિક્ષકો દેશના ઘડવૈયાઓ ગણાય છે ત્યારે સમાજના સર્વાગી વિકાસ માટે સર્જનાત્મક અને અર્થપૂર્ણ રીતે પોતાનો ફાળો આપી શકે તે હેતુથી પ્રશિક્ષણાર્થીઓમાં આ પ્રતિબદ્ધતા વિકસાવવાનું અત્યંત મહત્વનું છે.

ટૂંકમાં, પ્રશિક્ષણાર્થીઓ સ્થાનિક સમાજને સમજવા શાળા અને સમાજ સંબંધી વિવિધ પ્રવૃત્તિઓમાં સ્વેચ્છાએ સહભાગી બનવું પડશે. વિદ્યાર્થી, કુટુંબ, સ્થાનિક સમાજ અને વિશાળ સમાજની પ્રગતિ માટે, સમૃદ્ધ માનવીય સ્ત્રોત વિકસાવવા માટે પ્રશિક્ષણાર્થીએ તેનાં રોજબરોજના કાર્યોના મૂલ્યો આત્મસાત કરવાં પડશે.

આ પ્રતિબદ્ધતા માટે પ્રશિક્ષણાર્થી નીચેના જેવી ક્ષમતાઓ વિકસાવશે.

પ્રશિક્ષણાર્થી .....

૨.૧ વ્યકિતગત રીતે તેમજ સામૂહિક રીતે સ્થાનિક સમાજ પ્રત્યેની જવાબદારી અને વિદ્યાયક પ્રતિબદ્ધતા વિકસાવે છે.

૨.૨ શાળા અને સમાજ વચ્ચે આંતરક્રિયા માટે કડીરૂપ બને છે.

૨.૩ સમાજની વિવિધ સમસ્યાઓને સમજે છે અને તેના ઉકેલ માટે જરૂરી સહાય આપે છે તથા સહભાગી બને છે.

૨.૪ શાળા અને સમાજની સમગ્ર સુધારણા માટે સામાજિક સ્ત્રોતોને ઓળખે છે અને તેમને ગતિમાન બનાવે છે.

૨.૫ શાળા અને સમાજના પારસ્પરિક વિકાસ માટે તેમની પ્રત્યે આત્મીયતાની ભાવના વિકસાવે છે.

૨.૬ ગરીબ કે તવંગર, શિક્ષિત કે અશિક્ષિત, શાળા પ્રત્યે સક્રિય કે નિષ્ક્રિય એવાં મા–બાપનાં પાલ્યોને શીખવતી વખતે વ્યવહારમાં સમાનતા જાળવે છે.

૨.૭ અંધશ્રદ્ધા, કુરિવાજો કે વહેમથી પીડાતા સમાજ તરફ સહાનુભૂતિ અને સહિષ્ણુતા ધરાવે છે અને સમજણપૂર્વકનું વર્તન રાખે છે.

૨.૮ શિક્ષણથી વંચિત રહેલા બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરે છે અને તેમની વિશેષ કાળજી લે છે.

૨.૯ શાળામાં વિદ્યાર્થીઓનાં નામાંકન માટે, વિદ્યાર્થીઓના સમૃદ્ધીકરણ માટે તેમજ શાળાના વિકાસમાં સમાજની ગતિશીલતા માટે વાલીઓને સલાહ આપવાની તત્પરતા દાખવે છે.

૨.૧૦ સમાજના મિત્ર, હિતચિંતક અને માર્ગદર્શક થવા માટે વિધાયક વ્યવહાર વિકસાવે છે.

૨.૧૧ સ્થાનિક સમાજને ઓળખે છે અને શાળા સમાજના વિકાસ સંબંધી ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.

૨.૧૨ રાષ્ટ્રના વિકાસ માટે પોતાનું કાર્ય અમૂલ્ય છે તેની પ્રતીતિ કરે છે.

૨.૧૩ પર્યાવરણને પ્રદૂષિત થતું અટકાવવા પગલાં લેવામાં સમાજને પ્રેરિત કરે છે.

૨.૧૪ નિરક્ષરતા નિવારણ, બાળમજૂરી નિવારણ, રસીકરણ, સ્વાસ્થ્ય, વૃક્ષારોપણ જેવી અભિયાનમાં તેમજ પૂર–અગ્નિ, ધરતીકંપ વગેરે જેથી આકસ્મિક ઘટનાઓ વખતે ભાગ લે છે.

૨.૧૫ શાળાના સ્ત્રોતોનો ઉપયોગ કરવા માટે સમાજને પ્રેરે છે.

૩. વ્યવસાય પ્રત્યેની પ્રતિબદ્ધતા

આ પ્રતિબદ્ધતા ક્ષેત્રમાં બે બાબતોનો સમાવેશ થાય છે :

૧. શિક્ષકના વ્યવસાયમાં હોવા અંગેનું ગૌરવ

૨. વ્યાવસાયિક વિકાસ માટેની તીવ્ર ઈચ્છા

આંતરિક અદમ્ય પ્રેરણા કે વ્યવસાય માટેના પ્રેમને લીધે નહીં, પરંતુ પરિસ્થિતીની વિવશતાને કારણે ઘણા લોકો આ વ્યવસાયમાં જોડાય છે. ખરુ જોતાં તેઓ આ વ્યવસાયમાં જોડાયા જ છે, ત્યારે તેમણે સ્પષ્ટ સમજી લેવું જોએ કે જયાં સુધી તેઓ આ વ્યવસાયમાં છે ત્યાં સુધી આ વ્યવસાયનું ગૌરવ અનુભવવું જોઈએ.

તેમણે એ પણ જાણી લેવું જોઈએ કે આ ખૂબ મોટી જવાબદારીયુકત ઉમદા વ્યવસાય છે, કારણકે સમાજ પોતાનાં બાળકોને તેમના શિક્ષણ, વિકાસ અને યોગ્ય સામાજીકરણ માટે તેમના હાથમાં સોંપે છે. અધ્યયન પ્રક્રિયાનાં મૂળતત્વો સમજવાં એ શિક્ષક પાસે રાખવામાં આવતી ઘણી અપેક્ષાઓ પૈકીની એક છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું સશકિતીકરણ થાય છે. આ પ્રક્રિયામાં શિક્ષકોની સંપૂર્ણ સામેલગીરી હોવી જરૂરી છે.

શાળા સમય દરમિયાન અને તે પછી પણ નિષ્ઠાવાન શિક્ષકનું મન વિદ્યાર્થીઓના વ્યકિતગત અને સામૂહિક વિકાસ અને તેમનાં કાર્યકૌશલ્યોની સુધારણા અંગે જ રોકાયેલું રહે છે. તેમને સોંપવામાં આવેલા વિદ્યાર્થીઓના માત્ર સર્વાગી વિકાસ માટે જ તેઓ વિચારે એવું નથી, પણ પોતાના વ્યવસાયિક વિકાસ અંગે પણ નિષ્ઠાવાન શિક્ષકો ખૂબ જ જહેમત ઉઠાવે છે. વ્યવસાયની ઉદાત્તતાને અનુરૂપ વ્યવસાયિક નીતિ તેઓ અપનાવે છે. આ સૂચવે છે કે :

(૧) એક વાર શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમનો સ્વીકાર કર્યા પછી પ્રશિક્ષણાર્થીએ તે કાર્યક્રમની સાથે સંપૂર્ણપણે તાદાત્મ્ય સાધવું જોઈએ અને શિક્ષક થવાનું ગૌરવ લેવું જોઈએ.

(૨) પ્રશિક્ષણાર્થીઓએ આ વ્યવસાયની ઉદાત્તતા પરત્વે પ્રતિબદ્ધતા વિકસાવવી જોઈએ કે જે વ્યવસાય ભારતમાં એક જમાનામાં પરાકાષ્ઠાએ હતો અને જેને લીધે આજે પણ ઘણાં શિક્ષકોએ પોતાના કાર્યકૌશલ્યો અને વર્તનના આધારે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

(૩) જયારે જયારે પ્રસંગ પેદા થાય ત્યારે ત્યારે શિક્ષણાર્થીઓએ સાક્ષી શિક્ષકો તેમ જ અન્ય કેળવણીકારો સાથે સામૂહિક કાર્યમાં તેમના પ્રત્યે યોગ્ય માન સાથે સહપંથીપણું દાખવવું જોઈએ.

આમ વ્યવસાય પ્રતિબદ્ધતા શિક્ષક પ્રશિક્ષણનો અંતર્ગત ભાગ છે, કારણકે આવી પ્રતિબદ્ધતા કેળવ્યા વિના શિક્ષક વ્યવસાયની ઉદાત્તતા અથવા તેમની સાચી કાર્યભૂમિકા સમજી નહી શકે. આ પ્રતિબદ્ધતા માટે પ્રશિક્ષણાર્થી નીચેના જેવી ક્ષમતાઓ વિકસાવશે. પ્રશિક્ષણાર્થી.....

૩.૧ શિક્ષણના વ્યવસાય પ્રત્યે લાગણી અને ગૌરવ અનુભવે છે.

૩.૨ આપણા રાષ્ટ્રમાં જ્ઞાન અને શાણપણ વિકસાવવામાં પ્રચલિત ગામઠી શિક્ષણ વ્યવસ્થાનું મહત્વ સમજે છે.

૩.૩ શિક્ષણના વ્યવસાયની પ્રતિષ્ઠા નીચે લાવવામાં જવાબદાર પરિબળોને ઓળખે છે અને તેમનું પૃથકરણ કરે છે.

૩.૪ શિક્ષકના વ્યવસાયના ગૌરવવંતા મૂળ દરજજાને પુનઃ પ્રસ્થાપિત કરવા વ્યવસાયિક ગૌરવ અને નીતિમત્તા માટે લગાવ પ્રબળ બનાવે છે.

૩.૫ રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં સમર્પણ સાથે વિદ્યાર્થીઓને મદદ કરવા માટે પોતાના વ્યવસાયમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા વિકસાવે છે.

૩.૬ વ્યવસાયની ઉદાત્તતા પ્રત્યે આંતરિક પ્રતિબદ્ધતા વિકસાવે છે અને વિદ્યાર્થીના વિકાસના વિચારો માટે સતત ચિંતન કરે છે.

૩.૭ સહકાર્યકરો સાથે સામૂહિક કાર્યમાં સહકાર આપે છે.

૩.૮ શિક્ષણક્ષેત્રના તજજ્ઞો સાથેના સામૂહિક કાર્યમાં આદરપૂર્વક વર્તે છે.

૩.૯ વ્યાવસાયિક વિકાસ અને રાષ્ટ્રીય કલ્યાણ અર્થે વ્યાવસાયિક સંગઠનોમાં સભ્ય તરીકે વિદ્યાયક વલણ દાખવીને સહભાગી બને છે.

૩.૧૦ શિક્ષણનાં વિવિધ પાસાંઓ પર સમજ વિકસાવવા માટે વિવિધ સંમેલન, શિબિર વગેરેમાં ભાગ લે છે.

૩.૧૧ જ્ઞાનને અદ્યતન રાખવા માટે ઉત્કૃષ્ટ સંસ્થાઓની મુલાકાત લે છે અને તેમના શિક્ષકો અને તજજ્ઞો સાથે અનુભવોની આપ–લે કરે છે.

૩.૧૨ સંસ્થાની સર્વાંગી કાર્યક્ષમતા માટે ઉપાયો સૂચવે છે અને તેમને કાર્યાન્વિત કરે છે.

૩.૧૩ જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંચાલનમાં સક્રિય ભાગ લે છે.

૩.૧૪ શિક્ષકની આચાર સંહિતાનું ચુસ્ત પાલન કરે છે.

૩.૧૫ શિક્ષણના નવતર પ્રયોગો, શૈક્ષણિક ટેકનોલોજી, શિક્ષણની પદ્ધતિઓ અને અધ્યયન સામગ્રી નિર્માણ માટે નિરંતર અભિસ્થાપન વર્ગોમાં સક્રિય ભાગ લઈને પોતાની જાતને સુસજજ રાખે છે.

૪. ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ પ્રત્યેની પ્રતિબદ્ધતા

વ્યવસાયનિષ્ઠ શિક્ષકની અગ્રિમ ચાહના તો પોતાના તેમજ પોતાના વિદ્યાર્થીઓના જ્ઞાન અને ઉત્કૃષ્ટતા માટેની પ્રાપ્તિ છે. તેમના વાણી અને વર્તન તેમજ જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનસંચારના કાર્યકૌશલ્ય દ્વારા ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે તેઓ હંમેશા તત્પર હોય છે. વધુ ને વધુ સારા શિક્ષક થવા માટેના સતત પ્રયત્નો દ્વારા સમગ્ર

અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવાના પુરુષાર્થ દ્વારા આ પ્રથમ કક્ષાની ચાહનાનો વિકાસ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

આ પ્રતિબદ્ધતા માટે પ્રશિક્ષણાર્થી નીચેના જેવી ક્ષમતાઓ વિકસાવશે.

પ્રશિક્ષણાર્થી....

૪.૧ પોતાના વ્યવસાયમાં શૈક્ષણિક ઉત્કૃષ્ટતાનાં અંતિમ ધ્યેયો તરીકે જ્ઞાન, વૈજ્ઞાનિક પ્રકૃતિ અને શાણપણ પ્રત્યે સજાગતા કેળવે છે.

૪.૨ આદર્શ શિક્ષકના ગુણો અને લક્ષણો ધરાવે છે એટલું જ પૂરતું નથી, પરંતુ કાર્ય, વર્તન અને ચારિત્રયમાં પણ ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરે છે.

૪.૩ વર્ગમાં, શાળામાં અને શાળા બહાર રોજબરોજના કાર્યમાં ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા મેળવવા માટે વૈકલ્પિક અભિગમો વિકસાવે છે.

૪.૪ અધ્યયનશીલ સમાજના મિત્ર, હિતચિંતક અને માર્ગદર્શક તરીકે વર્તવા માટે જરૂરી ગુણો કેળવે છે.

૪.૫ શિક્ષક તરીકે પોતાના વિકાસ માટે તેમજ બાળકોના સર્વાગી વિકાસ માટે પ્રામાણિકપણે કામ કરે છે.

૪.૬ તમામ વિદ્યાર્થીઓ બધા જ વિષયોમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરે છે તે માટે સજાગતા કેળવે છે.

૪.૭ ક્રિયાત્મક સંશોધન દ્વારા અધ્યયન–અધ્યાપન પદ્ધતિઓ અને વિદ્યાર્થી માટેના સાધનસામગ્રી નિર્માણમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરે છે.

૪.૮ દરેક દરેક કામ ઉત્કૃષ્ટતાની કક્ષાએ કરવાની ટેવ વિકસાવે છે.

૪.૯ નબળાં તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને મદદ કરવા માટે સ્વઅધ્યયન સામગ્રી વિકસાવે છે.

૫. જીવનનાં મૂળભૂત મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા

સાંપ્રત સમયમાં મૂલ્યોના હાસના સંદર્ભમાં શિક્ષકની મૂલ્યનિષ્ઠા તાકીદની અને મહત્વની છે. મૂલ્યપ્રણાલી હંમેશાં રડારની જેમ કાર્ય કરે છે, અને તે વ્યકિતએ વ્યકિતએ તેમ જ સમાજે સમાજે ભિન્ન હોવા છતાં માનવીને અનુસરવા માટેનો માર્ગ દર્શાવે છે. બંધારણમાં દર્શાવેલ મૂલ્યો ઉપરાંત કેટલાંક જીવન મૂયો છે, જે શિક્ષકના વર્તનમાં તેમ જ તેના મન, કર્મ અને વાણીમાં પ્રતિબિંબિંત થવા જરૂરી છે. એમાં પ્રામાણિકતા, સહકાર, સ્નેહ, સત્ય, અનાત્મલક્ષીપણું, નિયમિતતા, ચોકસાઈ વગેરેનો સમાવેશ થાય છે. શિક્ષક એક આદર્શ ભૂમિકામાં આ મૂયેને આચરમાં મૂકે તો વિદ્યાર્થીઓના

ગ્રહણશીલ મન પર ધારી અસર ઊભાવી શકે, જેથી કરીને વિદ્યાર્થીઓ જાણ્યે અજાણ્યે ધીમે ધીમે પોતાના વ્યકિતત્વના અંતર્ગત ભાગ તરીકે આ મૂલ્યોને અપનાવે છે. આથી શિક્ષક પ્રશિક્ષણ પ્રણાલીએ આવાં મૂલ્યો પરત્વે સજાગ રહેવું જોઈએ. શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમમાં દર્શાવેલી મૂલયઘડતરની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા, શિક્ષક–પ્રશિક્ષણના કાર્યક્રમના ભાગરૂપે આવાં મૂલ્યો પ્રશિક્ષણાર્થીઓમાં કેળવવાં જોઈએ.

આ પ્રતિબદ્ધતા માટે પ્રશિક્ષણાર્થી નીચેના જેવી ક્ષમતાઓ વિકસાવશે.

પ્રશિક્ષણાર્થી.....

૫.૧ સર્વાંગી માનવ–વિકાસ માટે શિક્ષણના વ્યવસાયના મૂળભૂત મૂલ્યોને સમજે છે.

૫.૨ શિક્ષણ માટે વિદ્યાર્થીના મૂળભૂત અધિકારો અને તે સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓની ફરજોના સંદર્ભમાં ભારતના બંધારણમાં નિર્દિષ્ટ મૂલ્યોને સમજે છે.

૫.૩ રાષ્ટ્રીય શિક્ષણનીતિ તેમજ શિક્ષકની ભૂમિકાનાં સૂચિત મૂલ્યો આત્મસાત કરવા માટે વિદ્યાયક વલણ કેળવે છે.

૫.૪ સ્વસ્થ સમાજના નિર્માણ માટે વિદ્યાર્થીઓમાં આવશ્યક મૂલ્યો કેળવવા મદદરૂપ થવા દેશમાં પ્રવર્તતા 'વિવિધતામાં એકતા' ના મૂલ્ય પ્રત્યે વ્દ્યાયક વર્તન દાખવે છે.

૫.૫ શિક્ષણ વ્યવહાર દ્વારા અને શિક્ષકના આચરણ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈશ્વિક માનવમૂલ્યો પ્રસ્થાપિત કરે છે.

૫.૬ વાર્તાકથન, નાટયીકરણ, અભિનય, મહાપુરુષોના જીવનચરિત્રોના નિદર્શન જેવી મૂલ્યલક્ષી વિવિધ પ્રવૃત્તિઓના સંચાલન દ્વારા અધ્યેતાઓમાં માનવમૂલ્યો કેળવે છે.

૫.૭ પ્રાયોગિક શિક્ષણ કાર્યમાં મૂલ્યલક્ષી શિક્ષણના પાઠો આપે છે.

૫.૮ કેફી પદાર્થોનું સેવન, જાહેર મિલકતને નુકસાન જેવાં સામાજિક અનિષ્ટો વિરુદ્ધ વિદ્યાર્થીઓને સજાગ કરે છે.

૫.૯ પ્રાયોગિક શિક્ષણ કાર્ય દ્વારા વિદ્યાર્થઓમાં લોકશાહી નાગરિકત્વ વિકસાવે છે.

૫.૧૦ કુદરત અને પર્યાવરણ, પરોપકારવૃત્તિ અને રાષ્ટ્રીય મૂલ્યો પ્રત્યે આદર કેળવે છે.

૫.૧૧ વિદ્યાર્થીઓ માટે શિક્ષકો દ્રષ્ટાંતરૂપ હોય છે એ બાબત પ્રત્યે સજાગ રહે છે.

૫.૧૨ વિદ્યાર્થીઓ શિક્ષકના વર્તનનું સતત અવલોકન કરતાં હોય છે એટલે શિક્ષક દરેક પ્રસંગે યોગ્ય વાણીવ્યવહાર રાખે તે સમજે છે.

૫.૧૩ માનવ હકકો માટેના વિવિધ જાગરૂકતા કાર્યક્રમોને વેગ આપે છે.

૫.૧૪ પારસ્પરિક સમજ તેમજ ભાઈચારા અને સહયોગની ભાવના વિકસાવવા પ્રવાસ–પર્યટન અને અન્ય પ્રવૃત્તિઓ યોજે છે.

ઉપરોકત પાંચ પ્રતિબદ્ધતાનાં ક્ષેત્રો અને તે હેઠળના પ્રતિબદ્ધતાઓ પ્રશિક્ષણાર્થી આત્મસાત કરી શકે તેવું વાતાવરણ શિક્ષણ મહાવિદ્યાલયમાં નિર્માણ કરવા માટેનો સંનિષ્ઠ પુરુષાર્થ કરવાનો રહેશે.

દસ ક્ષમતાક્ષેત્રો

૧.	શૈક્ષણિક સંદર્ભ	૬.	અધ્યયન–અધ્યાપન સામગ્રી નિર્માણ
૨.	સંકલ્પનાત્મક ભૂમિકા	૭.	સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન
૩.	વિષયવસ્તુ અને વિષય શિક્ષણ પદ્ધતિ	૮.	શૈક્ષણિક વ્યવસ્થાપન
૪.	શિક્ષણ વ્યવહાર	૯.	મા–બાપ/વાલી સાથેનો વ્યવહાર
૫.	જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ	૧૦.	સમાજ અને અન્ય સંસ્થાઓ સાથેનો વ્યવહાર

ક્ષમતા ક્ષેત્ર–૧ : શૈક્ષણિક સંદર્ભ

શાળા એ સમાજની લઘુ આવૃત્તિ છે. જે સમાજમાં શાળા આવેલી છે, તે સમાજના આર્થિક, સાંસ્કૃતિક, ભાષાકીય અને ધાર્મિક બાબતોની પ્રશિક્ષણાર્થીને સમજ હોવી જરૂરી છે. લોકશાહી દેશની સમાજ વ્યવસ્થામાં સમાનતા, સામાજિક ન્યાય અને સમાન શૈક્ષણિક તકો વગેરેઢ વિષયની બંધારણીય જોગવાઈઓ વિશેનું જ્ઞાન પણ શિક્ષકને હોવું જોઈએ. તેમાં આવતી નીતિ વિષયક જોગવાઈઓ કે સગવડો વિશે તે માહિતગાર હોય તેમજ જે તે સમાજના સંદર્ભમાં તેનું અર્થઘટન કરી શકે તે પણ જરૂરી છે.

આમ શિક્ષકનું કાર્ય શાળા કે વર્ગખંડ પૂરતું મર્યાદિત નથી, તેણે સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં પણ કામ કરવાનું છે.

ભારત અને ગુજરાત રાજયમાં પ્રાથમિક શિક્ષણના વિકાસના અવરોધક પરિબળો જેવા કે શાળાઓમાં નબળું નામાંકન, અસંતોષકારક સ્થાયીકરણ, અપવ્યય અને સ્થગિતતા વગેરે વિશે સમજીને તેમનું વિશ્લેષણ કરતાં શિક્ષકોને આવડવું જોઈએ.

ઔદ્યોગિકીકરણ, યાંત્રિકીકરણ અને આધુનિકીકરણને કારણે વિશ્વમાં જતાં પરિવર્તનો અને તેમાંથી સર્જાતી સમસ્યાઓ જેવીકે શહેરીકરણ, બેકારી, મૂલ્યહાસ વગેરે શિક્ષકે સમજવામાં પડશે અને તેમના ઉકેલ માટેની ક્ષમતા કેળવવી પડશે.

ક્ષમતાક્ષેત્ર–૨ : સંકલ્પનાત્મક ભૂમિકા

પ્રશિક્ષ ણાર્થી કેળવણીનો અર્થ સંપૂર્ણ રીતે સમજે એટલું જ પૂરતું નથી. અધ્યયન એટલે શું અને તે પર સામાજિક આર્થિક અને સામાજિક – સાંસ્કૃતિક પરિબળોની કેવી અને કેટલી અસર છે તે પણ તેણે જાણવું જરૂરી છે.

પ્રશિક્ષણાર્થીમાં શિક્ષણના સાચા સંદર્ભની સમજનો વિકાસ થાય તે જરૂરી છે, કારણકે તેને લીધે તેમને નવા અનુભવો વધારે ઉંડાણપૂર્વક અને અર્થપૂર્ણ રીતે સમજાશે.

બાળવિકાસના વિવિધ તબકકે બાળકની નૈતિક, માનસિક, સામાજિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોના સંદર્ભમાં તેના શૈક્ષણિક ફલિતાર્થે પણ જાણવાં જોઈશે. બાળવિકાસના વિવિધ તબકકાઓની વિશિષ્ટ લાક્ષણિકતાઓ જાણવી તે શિક્ષણ માટે અનિવાર્ય છે, જેથી પ્રાયોગિક કાર્ય તેમજ વર્ગકાર્યમાં તેમનો ઉપયોગ કરી શકે.

વર્ગખુડમાં અને વર્ગખંડ બહાર યોજવામાં આવતી અભ્યાસકીય અને જીવનલક્ષી વ્યવહાર સંબંધી પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં વર્ગની સામાજિકતામિતિ (ક્ઃ'ય્ઃ?ભ્ત્ચ્થ) નું જ્ઞાન પણ અત્યંત સહાયરૂપ બનશે.

વળી શિક્ષક નિદર્શિત અધ્યયન, જૂથ અધ્યયન, સ્વયંપ્રેરિત અધ્યયન જેવી શિક્ષણ વ્યવહારની વિવિધ રીતો અપનાવવામાં પણ તે મદદરૂપ બનશે.

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનાં ત્રણ ઘટકો (સાર્વત્રિક નામાંકન, સાર્વત્રિક સ્થાયીકરણ અને સાર્વત્રિક ગુણાત્મક શિક્ષણ) અંગેની સ્પષ્ટ સમજ પ્રશિક્ષણાર્થીએ કેળવવી જોઈએ.

વળી પ્રાથમિક શિક્ષણમાં એમ.એલ.એલ.– અભિગમમાં અપનાવેલી ક્ષમતાકેન્દ્રી અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા વિશે પણ જાણવું પડશે.

તદુપરાંત અપંગ અને મંદ બુદ્ધિવાળાં બાળકોની વિશેષ્ટ જરૂરિયાતને જાણવી અને સમજવી એ પણ એટલું જ જરૂરી છે, કે જેથી અધ્યયન માટે તેમને અનુકૂળ વાતાવરણ પ્રશિક્ષણાર્થી સર્જી શકે.

અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા અસરકારક રીતે આત્મસાત કરવા માટે વૈશ્વિકીકરણ, આધુનિકીકરણ જેવી અનેક અન્ય નૂતન સંકલ્પનાઓ પણ શિક્ષકે સ્પષ્ટ રીતે સમજવી પડશે. જયાં સુધી સંકલ્પનાત્મક ક્ષમતાઓની યાદી સતત બદલાતી રહેવાની ત્યાં સુધી તેમને અર્થપૂર્ણ અધ્યયન અનુભવોમાં રૂપાંતરિક કરવા માટે શિક્ષકે સતત પ્રશિક્ષિત થતા રહેવું પડશે.

ક્ષમતાક્ષેત્ર – ૩ વિષયવસ્તુ અને વિષય શિક્ષણ પદ્ધતિ

શિક્ષક વિદ્યાર્થીના સર્વાગી વિકાસ માટેના પ્રયત્ન કરે તે માટે શાળા અભ્યાસક્રમમાં સમાવેલા વિષયોને માધ્યમ બનાવવા પડે છે. શિક્ષક વિદ્યાર્થીને જે વિષયોમાં પારંગતતાના સ્તરે પહોંચાડવા શિક્ષણકાર્ય કરી રહ્યો છે તે વિષયોમાં ખુદ કેસના કરતાં ખૂબ ઉંચી પારંગતતા ધરાવતો હોય તે અનિવાર્ય છે આથી પ્રાથમિક

શાળાના ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમમાં દર્શાવેલ વિષયવસ્તુ સંબંધી ક્ષમતાઓ પર સંપુર્ણ પ્રભુત્વ શિક્ષકે મેળવવું જોઈએ.

આ ઉપરાંત પ્રશિક્ષણાર્થીએ ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમનું પૃથક્કરણ કરવાનું અને વિષયવસ્તુને સંબંધિત ક્ષમતાઓ સાથે અનુબંધિત કરવાનું કૌશલ્ય પણ પ્રાપ્ત કરવું જોઈએ.

આ પ્રક્રિયાની ફલશ્રુતિરૂપે પ્રશિક્ષણાર્થી અધ્યયનના ગહન મુદ્દાઓ અને અધૂરપ શોધી શકે તેમ જ સ્વ.અધ્યયન અને જૂથ અધ્યયન તથા અન્ય રસપ્રદ પ્રવૃત્તિઓની તકો દર્શાવતા વિસ્તારો અભ્યાસક્રમમાંથી શોધીને યોગ્ય શિક્ષણ વ્યવહાર સમજી શકે.

વળી અધ્યાપન મંદિરમાં અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમિયાન સમ્રહ માધ્યમોનો ઉપયોગ ઈચ્છનીય છે, કારણકે પ્રશિક્ષણાર્થીને આમાથી મળતા અનુભવો વર્ગશિક્ષણ દરમિયાન સમૂહ માધ્યમોનો ઉપયોગ કરવા પ્રેરશે.

ક્ષમતાક્ષેત્ર – ૪ : શિક્ષણ વ્યવહાર

પારંગતતાના સ્તરે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અધ્યાપક અને અધ્યેતા વચ્ચેનો પારસ્પરિક વ્યવહાર તે અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા, શિક્ષણની સંકલ્પનામાં ત્રણ સોપાનોનો સમાવેશ થાય છે. (૧) આયોજન, (૨) અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા અને (૩) મૂલ્યાંકન, શિક્ષણ વ્યવહાર દરમિયાન શિક્ષક આયોજનનો અમલ કરે છે, અને શિક્ષણ વ્યવહારને અંતે ક્ષમતા સિદ્ધિ સ્તરના સંદર્ભમાં તેની અસરકારકતાને મૂલવે છે.

નબળો શિક્ષણ વ્યવહાર એ પ્રાથમિક શિક્ષણમાં નબળી સિદ્ધિ માટેના મૂળભૂત પરિબળોમાંનુ એક છે. ૧૯૮૬ ની નવી શિક્ષણ નીતિ અંગે આચાર્ય રામમૂર્તિ સમિતિનો અહેવાલ (૧૯૯૨) દર્શાવે છે કે તત્કાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમ મહદઅંશે સૈદ્ધાંતિક હોવાથી પ્રાયોગિક શિક્ષણ પર યોગ્ય અને પૂરતું ધ્યાન અપાતું નથી. હકીકતમાં તો આ બાબતનું વિવિધ પંચોએ વારંવાર અવલોકન કરેલું છે. કોઠારી કમિશન (૧૯૬૪–૬૬) એ તો પ્રાયોગિક શિક્ષણને સમગ્ર શિક્ષક–પ્રશિક્ષણ પ્રક્રિયામાં નબળી કડી રહી છે. આથી તેને મહત્વ આપીને મજબૂત બનાવવાની ભલામણ પણ કરી છે. આથી પંશિક્ષણાર્થી આ ક્ષેત્રમાં સંપૂર્ણ રીતે તાલીમ મેળવી પ્રભુત્વ પ્રાપ્ત કરે એ મહત્વનું છે.

ક્ષમતાકેન્દ્રી અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં ક્ષમતાઓ પારંગતતાના સ્તરે સિદ્ધ કરવા માટે વિષયવસ્તુનો ઉપયોગ મ્રા માધ્યમ તરીકે થાય છે. અભ્યાસક્રમનું વિષયવસ્તુ શીખવતાં મનોવિજ્ઞાનના સિદ્ધાંતો, વ્યવસ્થાપન અને સમાજવિષયક પાસાંઓને જરૂર પ્રમાણે વણી લેવાં જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ. બાળક મહત્તમ અધ્યયન

કરી શકે તે આયશથી બાળવિકાસ અને વૃદ્ધિની પ્રક્રિયા તેમજ વ્યવસ્થાપનના સિદ્ધાંતો પ્રશિક્ષણાર્થીએ સ્પષ્ટ રીતે સમજી લેવા જરૂરી છે, જેથી શિક્ષણ વ્યવહાર સરળ બને.

નાનાં બાળકોનો ધ્યાન–વિસ્તાર ખૂબ ટૂંકો હોય છે. તેથી શિક્ષક નિદર્શિત અધ્યાપનનો સમયગાળો પણ ટૂંકો હોવો જોઈએ, જયારે જૂથ અધ્યયન અને સ્વ અધ્યયન માટે વધુ સમય ફાળવવો જોઈએ. આમ બાળકે પ્રાપ્ત કરેલ ક્ષમતાઓનું સ્વઅધ્યયન દ્વારા દ્રઢીકરણ કરવા માટે પાઠયપુસ્તકમાં આપેલ સ્વાધ્યાય પર વધુ ઝોક અપાય એ રીતે પાઠયપુસ્તકોનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા વધુ રસપ્રદ અને સહભાગી બનાવવા માટે વાર્તાકથન, સંગીત, રમતો, ક્ષેત્રમુલાકાતો, રાષ્ટ્રીય, સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગોની ઉજવણી જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. આ પ્રક્રિયા બળવત્તર કરવા માટે યોગ્ય શૈક્ષણિક સાધનો અને અન્યફ અધ્યયન–અધ્યાપન સામગ્રી તૈયાર કરવી જોઈએ.

શિક્ષણ વ્યવહાર દરમિયાન અધ્યયન–અધ્યાપન પ્રવૃત્તિઓના સારા અને નબળાં પાસાઓનું નિદાન કરી, ઉપચારાત્મક પગલાં લેવાય તેમજ નબળાં અને તેજસ્વી બાળકોને નિદાન દ્વારા તારવી, અનુક્રમે ઉપચારાત્મક શિક્ષણ અને સમૃદ્ધીકરણ કરવા માટે અન્ય અભિગમો સાથે સતત મૂલાયંકનને સાંકળી લેવું જોઈએ.

એક શિક્ષકવાળી કે બહુશ્રેણીય શાળામાં એકજ વર્ગખંડમાં જયારે એક ધોરણનાં બાળકોને નવી ક્ષમતાઓ શીખવાય ત્યારે બીજા ધોરનાં બાળકોનું અધ્યયન દ્રઢ કરવા માટે પાઠયપુસ્તકોમાંથી વ્યકિતગત કે જૂથમાં સ્વાધ્યાય કરવા આપવા જોઈએ.

બાળકોના અધ્યયનને અર્થપૂર્ણ અને અસરકારક બનાવવા માટે વિવિધ પદ્ધતિઓ અને પ્રક્રિયાઓનો ઉપયોગ કરીને કે એક જ વર્ગમાં બેઠેલા અલગ અલગ ધોરણોના બાળકોને સંભાળવા માટેની ક્ષમતા શિક્ષકે કેળવવી જોઈએ. આ માટે પ્રશિક્ષણાર્થીએ શિક્ષણ વ્યવહારની ક્ષમતાઓ ઉચ્ચ કક્ષાએ સિદ્ધ કરવી રહી, જે નીચે દર્શાવેલ છે.

ક્ષમતા ક્ષેત્ર – ૫ : જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ

બાળકોનો જ્ઞાનાત્મક વિકાસ અભ્યાસકીય પ્રવૃત્તિઓ દ્વારા અપેક્ષિત છે. પરંતુ માત્ર આટલી જ પ્રવૃત્તિઓ તેમના સર્વાગી વિકાસ માટે પૂરતી નથી. જ્ઞાનાત્મક ક્ષેત્ર ઉપરાંત ભાવાત્મક અને મનોગામિક (.(ɤ'ઝ:?:ત:ચ) ક્ષેત્રમાં પણ તેમનો વિકાસ થાય તે એટલું જ મહત્વનું છે, જે માટે આ ક્ષેત્રની ક્ષમતાઓને પણ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા અને શિક્ષણ વ્યવસ્થામાં વણી લેવી જોઈએ.

પ્રાર્થના સભા, વર્ગસુંશોભન, વૃક્ષારોપણ જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સ્વાતંત્રય દિન, પ્રજાસત્તાક દિન, બાળ દિન, શિક્ષક દિન, રાષ્ટ્રીય નેતાઓની જન્મ જયંતી જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, જન્માષ્ટમી, નવરાત્રી, ગણેશ મહોત્સવ, દિવાળી, ઈદ, નેત્રયજ્ઞ, પોલિયો ઝુંબેશ, પ્રવાસ પર્યટનો, નાટકો જેવા કાર્યક્રમો તેમજ વ્યકિત વિશેષનો બાળકો સાથે વાર્તાલાપ જેવી અન્ય જીવનલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી દ્વારા બાળકો માનવીય મૂલ્યો સ્વાભાવિક અને સ્વયંભૂ રીતે આત્મસાત કરે છે.

આવી શૈક્ષણિક પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણ માટેના વિવિધ કૌશલ્યો અને ક્ષમતાઓ પ્રશિક્ષણાર્થીએ સિદ્ધ કરવા જીોઈએ, કારણકે તેણે શિક્ષક તરીકે તેમ જ સામાજિક નેતા તરીકે વિકસવાનું છે.

ક્ષમતાક્ષેત્ર – ૬ : અધ્યયન–અધ્યાપન સામગ્રીનિર્માણ

ક્ષમતાના વિકાસ માટે વિવિધ પ્રકારની અધ્યયન સામગ્રીની જરૂર રહે છે. સ્વઅધ્યયન સામગ્રીના અસરકારક ઉપયોગ વિના વિદ્યાર્થી પારંગતતાના સ્તરે ક્ષમતા સિદ્ધ કરી શકતો નથી. જૂથ અધ્યયનની તેમજ સ્વઅધ્યયન માટે લેખિત સામગ્રી પણ તૈયાર કરવી જોઈએ.

હજુ પણ ઠીક ઠીક સમય માટે બહુશ્રેણીય શાળાઓમાં ઘણા ખરા શિક્ષકોએ કામ કરવું પડશે, જેમાં સ્વાધ્યાયપોથીઓ બહુશ્રેણીય શાળા વ્યવસ્થામાં સહાયરૂપ થઈ શકશે.

શિક્ષકોએ 'શિક્ષક નિદર્શિની' અને એના અન્ય વાંચન સામગ્રીનો ઉપયોગ પોતાનું વ્યવસાયિક ધોરણ જાળવવા ઉપરાંત તેના ઉન્નતીકરણ માટે પણ કરવો જોઈએ. શિક્ષકોએ તેમનું શિક્ષણકાર્ય અસરકારક બને તે માટે ચિત્રો, ચાટર્સ, નકશા, આકૃતિઓ, સારણીઓ, નમૂનાઓ જેવી અધ્યયન–અધ્યાપન સામગ્રી જાતે તૈયાર કરવી જોઈએ અને તેમનો ઉપયોગ કરવો જોઈએ.

શિક્ષણકાર્ય અસરકારક અને સ્થાયી બને તે માટે શિક્ષકોએ નૂતન તકિનકી આધારિત અધ્યયન–અધ્યાપન સામગ્રી જેવી કે શ્રાવ્ય કેસેટ, દશ્ય કેસેટ, સ્લાઈડ, રેડિયો, ટીવી, કમ્પ્યૂટર અને તેનાં જેવા અન્ય ઉપકરોણ પણ ઉપયોગમાં લેવા પડે.

તદુપરાંત કાળકોના વ્યકિતગત રીતે તેમજ નાના જૂથમાં સમૃદ્ધિકરણ અને ઉપચારાત્મક કાર્ય માટે વિશિષ્ટ પ્રકારની સાધન સામગ્રી વર્ગખંડની સિદ્ધિના સંદર્ભમાં

બાળકોના વ્યકિતગત સામર્થ્ય અને ઉણપના નિદાન પર આધારિત હોવી જોઈએ. ગ્રામપંચાયત, સહકારી મંડળી, બેંક, પોસ્ટ ઓફિસ, આરોગ્ય કેન્દ્ર, એસ.ટી.ડી. બૂથ જેવા સ્થાનિક પ્રાપ્ય સ્ત્રોતોનો પણ બાળકોના અધ્યયન–અધ્યાપનના અનુભવો સમૃદ્ધ કરવા માટે પ્રશિક્ષણાર્થીએ ઉપયોગ કરવો જોઈએ.

ક્ષમતાક્ષેત્ર – ૭ : સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન

ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમના નૂતન અભિગમમાં ક્ષમતાકેન્દ્રી મૂલ્યાંકન પ્રણાલી અપનાવવી પડશે. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીની સંખ્યાત્મક અને ગુણાત્મક સિદ્ધિને લગતો હોવાથી પ્રશિક્ષણની પ્રક્રિયા સુધારવી પડશે, અને ચીલેચાલુ માપન અથવા મૂલ્યાંકનને બદલે સુધારણાલક્ષી મૂલ્યાંકન અભિગમને પ્રશિક્ષણમાં સ્થાન આપવું પડશે. ભય અને બાળકના વિકાસ પર નકારાત્મક મૂલ્યાંકન પ્રણાલીને બદલે હકારાત્મક પ્રણાલી અનુસરવા માટે પ્રશિક્ષણમાં નૂતન સંકલ્પનાનો વિકાસ કરવો જોઈએ, જે માટે નીચેના મુદ્દાઓને લક્ષમાં રાખવા પડશે.

(૧) પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટેનું ૩૫% ગુણનું ધોરણ ત્યજીને પારંગતતાની ઉચ્ચતર સિદ્ધિની અપેક્ષાએ બધા જ વિદ્યાર્થીઓ પહોંચે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૨) ઉત્કૃષ્ટ મૂલ્યાંકનની સંકલ્પના વિકસાવવી જોઈએ કે જેથી પોતાના વ્યકિતગત અધ્યાપન કાર્યને વારંવાર પ્રતિપોષણ મળે અને અધ્યેતાના અધ્યાપનમાં વિવિધ પદ્ધતિઓ તેમજ સામગ્રીનો ઉપયોગ કરવાની ક્ષમતાની કસોટી થઈ શકે. અધ્યાપનની પ્રયુકિતઓની સુધારણા માટે તેમજ વિદ્યાર્થીઓની સિદ્ધિ કરવા માટે સહાધ્યાયીઓ અને વાલીઓની શકય હોય ત્યાં સહાય લઈ શકાય.

(૩) વર્ગખંડમાં સતત મૂલ્યાંકનની આદર્શ સંકલ્પના સ્વીકારવી જોઈએ. આ સંકલ્પના ચીલેચલુ કસોટીના બદલે સ્વાધ્યાયપોથીના વિશ્લેષણ અને અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા અંતર્ગત નિરીક્ષણ પર આધારિત છે.

આવા નિરીક્ષણો અને અન્ય માહિતીનો માત્ર વર્ગખંડના શિક્ષણ વ્યવહારની સુધારણા માટે જ નહીં, પણ સારામાં સારી ગુણવત્તાવાળા શિક્ષણની પ્રાપ્તિ માટે તત્કાળ ઉપયોગ કરવો જોઈએ. આ માટે શિક્ષકે પરખશકિત વિકસાવવી જોઈએ, જે દ્વારા અધ્યયન–અધ્યાપન નીપજનું હંમેશા સુસંગત રીતે મૂલ્યાંકન કરી શકાય.

તદુપરાંત નિદાનના હેતુ માટે પદ્ધતિસર અને ઔપચારિક રીતે સામયિક કસોટીઓ લેવા પણ શિક્ષક સક્ષમ હોવા જોઈએ. અત્યાર સુધી 'નિદાન' શબ્દ

ઉપચારાત્મક કાર્ય સાથે પૂરક શબ્દ તરીકે જોડાયેલો હતો હવે સંખ્યાત્મક, ગુણાત્મક અને ક્ષમતાકેન્દ્રી સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમમાં 'નિદાન' શબ્દ માત્ર ઉપચારાત્મક કાર્ય સાથે નહીં, પણ ઉત્કૃષ્ટતા અને સમૃદ્ધીકરણ સાથે પણ સાંકળનારો છે.

પારંગતતાના વિવિધ સ્તરોની સંકલ્પનાના સંદર્ભમાં ૫૦ % કે ૬૦ % ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને તે કરતાંય ઉચ્ચ કક્ષાની સિદ્ધિ મેળવવા માટે પ્રોત્સાહન કરી મદદરૂપ થવું જોઈએ.

નીતિનિયમાનુસાર સર્વગ્રાહી એટલે કે વાર્ષિક મૂલ્યાંકનની જરૂરછે. ધીમે ધીમે વાર્ષિક પરીક્ષા તરફનો ઝોક અને ભારાંક ઘટાડતાં જવું જોઈએ, કારણકે પ્રવર્તમાન મૂલ્યાંકનમાં વિદ્યાર્થી–પ્રાપ્તિ પ્રત્યેની નિરપેક્ષતા જોવા મળે છે. એટલે કે નબળા વિદ્યાર્થીને અપેક્ષિત સ્તર સુધી લઈ જવા કે તેજસ્વી વિદ્યાર્થીને સમૃદ્ધ કરવા માટેની દરકાર કરતું નથી. તેને બદલે મૂલ્યાંકન નિદાનાત્મક તેમજ સાચા અર્થમાં સમૃદ્ધિ–વર્ધક હોવું જોઈએ.

ક્ષમતાક્ષેત્ર–૮ : શૈક્ષણિક વ્યવસ્થાપન

દરેક શિક્ષક તેના વર્ગનો કે વિદ્યાર્થીઓના જૂથનો વ્યવસ્થાપક છે. આથી વર્ગના વિષયશિક્ષણ તેમજ સમગ્ર શિક્ષણકાર્ય ઉપરાંત શાળા અને શાળા બહારના અનેક અપેક્ષિત કાર્યો સહિત વર્ગખંડ વ્યવસ્થાપન કૌશલ્યોની પ્રશિક્ષણાર્થીઓને તાલીમ મળવી જોઈએ.

પ્રશિક્ષણાર્થીઓમાં અસરકારક વ્યવસ્થાપન માટે જરૂરી ક્ષમતા અને ગુણો તેમના પ્રશિક્ષણના સમય દરમિયાન કેળવવા પડે. શિક્ષકોએ અન્ય શિક્ષકો તેમજ આચાર્યની સાથે શાળા કક્ષાએ જવાબદારી વહન કરવાની છે. આ માટે ફકત વ્યકિતગત શિક્ષક તરીકે તેમના ભાગે આવતી ભૂમિકા અને જવાબદારી ઉપાડવાની તાલીમ લેવા ઉપરાંત શાળાની અધ્યયન–અધ્યાપન નીપજને મહત્તમ સ્તરે લઈ જવા માટે શાળાનાં કાર્યોના વ્યવસ્થાપન માટે પોતે જવાબદાર ભાગીદાર છે એ પણ શીખવું પડશે.

શાળા એ વિશાળ શિક્ષણ વ્યવસ્થાપનનો એક ભાગ છે કે જેનું સંચાલન નિયત નીતિનિયમો મુજબ ક્ષેત્રિય કાર્યકરો મારફત થાય છે. આ પ્રણાલીના સંદર્ભમાં શિક્ષકે જવાબદારીપૂર્વક અસરકારક કાર્ય કરવા માટે જરૂરી એવી ક્ષમતાઓ વિકસાવવી જોઈએ.

બહુશ્રેણીય શાળા અને એક શિક્ષકવાળી શાળામાં કામ કરવા માટે શિક્ષકે શાળા વ્યવસ્થાપનની દ્રષ્ટિએ વધારાની ખાસ જવાબદારીઓ અદા કરવાની ક્ષમતા કેળવવી

પડશે. આ માટે પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમ દરમિયાન કેટલીક પ્રશિક્ષણ પ્રક્રિયાઓ અને કાર્યક્રમો વિશેષ ધ્યાન માંગી લે છે.

ક્ષમતાક્ષેત્ર – ૯ : મા–બાપ/વાલી સાથેનો વ્યવહાર

પ્રાથમિક શિક્ષણનું સર્વત્રીકરણ એ પ્રાથમિક શિક્ષણનો સૌથી વધુ પેચીદો પ્રશ્ન છે. શાળામાં નામાંકન નહીં પામેલાં અને શાળામાંથી ઉઠી જનારાં બાળકો એ એનાં લક્ષજૂથો છે. બન્ને બાબતોમાં વાલીઓનો ફાળો નોંધનીય છે. ભૂતકાળમાં તેને યોગ્ય મહત્વ આપવામાં આવ્યું ન હતું. પરંતુ સાંપ્રત સમયમાં તે અનેક રીતે સૌથી મહત્વનો મુદ્દો છે. નીચે જેવી બાબતોમાં વાલી સંપર્ક જરૂરી બને છે.

(૧) સાર્વત્રિક નામાંકન સિદ્ધ કરવા માટે વાલી સંપર્ક અત્યંત જરૂરી છે. જે વાલી પોતાનાં બાળકોને શાળાએ મોકલી શકતા નથી તેમનો સંપર્ક કરવો જોઈએ. વાલીઓની પશ્ચાદ ભૂમિકા અલગ અલગ હોઈ શકે. તેઓ નિરક્ષર અથવા ગરીબ તેમજ વિવિધ જાતિઓ અને જનજાતિઓના હોઈ શકે. બાળકોના સાર્વત્રિક નામાંકન, સ્થાયીકરણ અને ગણવત્તાયુકત શિક્ષણ માટે વાલી સહકાર પ્રાપ્ત કરવાની વિવિધ પ્રયુકિતઓ પ્રશિક્ષણાર્થીએ જાણવી જોઈએ.

(૨) શાળામાં હાજરી અને અભ્યાસના સંદર્ભમાં બાકળોની નિયમિતતા અને ચોકસાઈ માટે વાલીઓ શાળાનુ મદદરૂપ થવામાં મહત્વનો ફાળો આપી શકે છે. આથી પંશિક્ષણાર્થીએ વાલી સંપર્કની યુકિત–પ્રયુકિતઓ જાણવી જોઈએ.

(૩) યોગ્ય સિદ્ધિ માટે વાલી–શિક્ષકનો પરસ્પર સહકાર જરૂરી છે. એ માટે વાલી શિક્ષિત હોવા એ જરૂરી નથી. બાળકોની ગુણવત્તા સુધારણા માટે વાલીઓની સતત તકેદારી વધુ સહાયરૂપ બની શકે. આ માટે વાલીઓને પ્રોત્સાહિત કરવાનું કૌશલ્ય કેળવવું જોઈએ.

(૪) શિક્ષકે, એક અથવાબીજી રીતને, પ્રત્યેક બાળકની પંગતિઓ અહેવાલ જે તે વાલીઓને પહોંચાડવાની પ્રણાલી વિકસાવવી જોઈએ અને વાલી સાથે તેની ચર્ચા પણ કરવી જોઈએ.

(૫) વર્ગખંડમાં તોફાની, તેજસ્વી તેમજ નબળાં બાળકો જેવાં વિવિધ પ્રકારનાં બાળકો સાથે કામ કરવાનું હોય છે ત્યારે શિક્ષક વાલીની સહાય મેળવી શકે અને પ્રત્યેક બાળકના વિકાસમાં મદદરૂપ થવા માટે તેના સારાં–નરસાં પાસાંની ચર્ચા કરી શકે.

પૂર્વસેવાકાલીન કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓમાં આવી ક્ષમતાઓ વિકસાવવા માટે શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમમાં વાલીસહકારના આ ક્ષેત્રને અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં યોગ્ય રીતે વણી લેવું જોઈએ.

ક્ષમતાક્ષેત્ર–૧૦ : સમાજ અને અન્ય સંસ્થાઓ સાથેનો વ્યવહાર

શાળા–પર્યાવરણની સુધારણા માટે સમાજના સભ્યોનો સહકાર સાધવો જોએ. કોઈપણ શાળા એકલીઅટૂલી પ્રગતિ સાધી શકે નહીં, માટે શિક્ષકે શાળા અને સમાજને શકય એટલાં નજીક લાવી, તેમની વચ્ચે પારસ્પરિક સંબંધો વિકસાવવા જોઈએ. આ હેતુ માટે ચોકકસ પ્રકારની વ્યાવસાયિક તાલીમ જરૂરી છે. શિક્ષકે શાળા વિકાસમાં સમાજનો ફાળો શો છે તે સમજવું જોએ, અને શાળાના વિવિધ હેતુઓ માટે સ્થાનિક સંસ્થાઓ સૌથી વધુ સારી રીતે કેટલુ પ્રદાન કરી શકે તેનું વિશ્લેષણ કરવું જોઈએ.

સ્વાંત્રય પ્રાપ્તિ બાદ શાળા અને સમાજને નજીક લાવવા માટે કેટલાક પ્રશંસનીય પ્રયત્નોની શરૂઆત થઈ ચૂકી છે. હજુ પણ આ માટે વિશેષ આયોજન અને વ્યવસ્થિત અભિગમની જરૂર છે. પ્રાથમિક શિક્ષણનો દોર પંચાયત દ્વારા ગ્રામ સમાજને સોંપવાના પ્રયત્નો ચાલે છે, અને ગ્રામશિક્ષણ સમિતિની રચના એ આ દિશામાં હકારાત્મક પાસું છે. આ વ્યવસ્થાને ફળદાયી બનાવવા માટે પ્રશિક્ષણાર્થીને સજજ કરવો જોઈએ.

શિક્ષકો માટે આ પડકારરૂપ કાર્ય છે. સમાજને સ્વીકાર્ય એવી ક્ષમતાઓ વિકસાવવી જરૂરી છે, જેથી શાળા માટે સમાજનો સહકાર મેળવી શકાય. આ માટે સમાજ સર્વેક્ષણ, સ્થાનિક સંસ્થાઓની મુલાકાત, શાળાનો નકશો દોરવો, જેવી પ્રવૃત્તિઓ માટે પ્રશિક્ષણાર્થીને સક્ષમ બનાવવો જોઈએ. બાળકોના અધ્યયન માટે અનુકૂળતા કરી આપવી એ શિક્ષકનું મુખ્ય કાર્ય છે. આને અસરકારક રીતે અમલમાં ત્યારે જ મૂકી શકાય કે જયારે તે સ્થાનિક લોકોનો સહકાર પ્રાપ્ત કરી શકે અને ગુણાત્મક શિક્ષણ માટે લોકચાહના મેળવી સ્થાનિક સ્ત્રોત શોધી શકે.

ઉપરોકત પાંચ કાર્યકૌશલ્ય ક્ષેત્રો, પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો અને દસ ક્ષમતાક્ષેત્રો પ્રશિક્ષણાર્થી પારંગતતાની કક્ષાએ સિદ્ધ કરે તે માટે પ્રશિક્ષણ દરમિયાન વિવિધ પરિસ્થિતિઓમાં શિક્ષણાનુભવ આપવા જરૂરી છે. આની ચિત્રાત્મક સમજ પાના નં.૨૦ ત્રિપરિમાણદર્શક ઘનમાં સ્પષ્ટ કરી છે.

શિક્ષકના અગિયાર શીલ

આ સમાજમાં અને મારા દેશમાં કેળવણીના પવિત્ર ક્ષેત્રમાં મને પ્રવેશ કરવાની તક મળી છે. તેને હું મારું સદભાગ્ય માનું છું. મારી સઘળી નિષ્ઠા આ કાર્યને ચરણે ધરું છું અને મારા જીવનધર્મ તરીકે હું સ્વીકારું છું. મારી રાષ્ટ્રભકિત અને બાળભકિતમાં મને વિશેષ બળ મળે અને મારો ધર્મ બજાવવામાં મને ઉપયોગી થાય એવી શ્રદ્ધાથી નીચેના સિદ્ધાંતો ધારણ કરવાનો હું આથી સંકલ્પ કરું છું.

૧. શાળામાં, ગામમાં અને બાળકોમાં સર્વોદયી ભાવના જાગે અને રાષ્ટ્ર પ્રત્યે ગૌરવ પેદા થાય તેવું વાતાવરણ સર્જવુ એ એક શિક્ષક તરીકે મારુ કર્તવ્ય સમજું છું અને તેમ કરવામાં હું મારી સઘળી શકિત ખર્ચીશ.

૨. દરેક કાર્યમાં નિયમિત અને વ્યવસ્થિત રહેવું એને હું પવિત્ર કર્તવ્ય સમજીશ, અને બાળકોમાં આ ગુણ ખીલવવાનો પૂરો પ્રયત્ન કરીશ.

૩. ચારિત્રયગઠનથી જીવનનું પોત વધે છે. એવી મને શ્રદ્ધા છે. હું મારા મન, કર્મ અને વચનથી મારા જીવનનું પોત વધારીશ અને બાળકોમાં, સમાજમાં અને દેશમાં તેના પંતિબિંબ પાડવા નમ્ર પ્રયાસ કરીશ.

૪. બાળક એ દેશની મોટી મૂડી છે તેમ સમજી હું બાળકને બરાબર ઓળખીશ. એ માટેની મારી કચાશ કે ઉપણ રહી ન જાય તે માટે જરૂરી સાહિત્યનો હું અભ્યાસ કરીશ તેમજ તેના ઉપર જરૂરી ચિંતન–મનન તેમજ જ્ઞાનગોષ્ઠિ કરતો રહીશ – કરતી રહીશ.

૫. સમાજમાં શરીરશ્રમની પ્રતિષ્ઠા વધે અને સાદાઈ તેમજ સ્વદેશીધર્મનો પ્રેમ જાગે તો જ જીવન અને શિક્ષણ તેજસ્વી થાય. તેમ હું માનું છું. તેથી મારા જીવનમાં તેમજ મારા વિદ્યાર્થીઓના જીવનમાં એ ગુણ કેળવાય એ માટે હું સજાગ રહીને પ્રયત્નશીલ રહીશ.

૬. બાળક એ દેશનો, સમાજનો અને ગામનો એક સભ્ય બનવાનો છે. એને કેળવણી આપવા દેશના, સમાજના કે ગામના અનેકવિધ સેવાના કાર્યક્રમો બાળકની કેળવણીના અંગ છે એમ હું માનું છું અને તે રીતે મારું કાર્ય કરીશ.

૭. વ્યસનો માણસના મનોબળને ક્ષીણ કરે છે એમ હું માનું છું. તેથી હું તેનાથી દૂર રહીશ. બાળકોના જીવનનુ તે દૂષિત કરે નહીં એને હું કેળવણીનું મહત્વનું અંગ માનીશ અને તે માટે પૂર્ણપણે જાગૃત રહીશ.

૮. શિક્ષકને ન છાજે તેવું હીનકૃત્ય મારા હાથે કદી ન થાય તે માટે હું સતત જાગૃત રહીશ.

૯. બાળકોમાં માતા–પિતાની સેવાનો સંસ્કાર વિકાસ પામે અને માતાપિતા સહયોગનું શીલ–શિખર ઉંચું ઉઠે. પરિણામે માતાપિતાની ઉત્તમ સેવા થાય એવી બુનિયાદ બાળકોમાં પેદા કરીશ.

૧૦. વાલી સંપર્ક અને વાલી સહકાર – બાળકોની કેળવણી માટેનું અનિવાર્ય અંગ છે અને તેથી શિક્ષણક્ષેત્રે એને પણ મહત્વની પ્રવૃત્તિ માનીશ. આવો પારસ્પરિક સહકાર જીવંત અને ઉષ્માસભર બને તે માટે લોકશિક્ષણનું રસાયણ ઉભયને પ્રાણવાન બનાવવા ખૂબ પોષક બને છે એવી સક્રિય સભાનતા મારામાં સદાયે વિકસતી રહે એવો પ્રયત્ન કરીશ.

૧૧. સાચા શિક્ષક તરીકે હું સમાજનો એક નિષ્ઠાવાન સભ્ય બનીશ અને મારું જીવન નિષ્ઠામય બનાવી હું સમાજમાં શિક્ષકની પ્રતિષ્ઠા વધારવામાં મારી તમામ શકિત ખર્ચીશ.

પ્રશ્નપત્ર – ૧

૧.૧ કેળવણી દર્શન અને નઈ તાલીમ

૧.૨ વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક

કુલ ગુણ ૧૦૦

૧.૧ કેળવણી દર્શન અને નઈ તાલીમ

ગુણ : ૫૦

<u>પ્રશિક્ષણાર્થી :–</u>

૧. કેળવણીનો અર્થ સમજે, અને તેના વિવિધ સ્વરૂપોની તુલના કરે.

૨. કેળવણીના ધ્યેયો અને કાર્યો વિશે જાણે.

૩. વિવિધ કેળવણીકારોના શિક્ષણ ચિંતનથી પરિચિત થાય

૪. નઈતાલીમના ઉદ્દેશો અને સિદ્ધાંતો જાણે

૫. સામાજિક પરિવર્તનમાં કેળવણીની ભૂમિકા સમજે.

૬. કેળવણીની ભાવિ દિશાઓથી પરિચિત થાય.

૭. નઈતાલીમની ગઈકાલ, આજ અને આવતી કાલ ઓળખે.

એકમ–૧ <u>કેળવણીનો અર્થ અને સ્વરૂપ</u>

૧.૧ શિક્ષણનો સંકુચિત અને વ્યાપક અર્થ :

૧.૨ કેળવણી : એક નિરંતર ચાલતી પ્રક્રિયા

૧.૩ સ્વરૂપની દૃષ્ટિએ શિક્ષણના પ્રકાર

૧. ઔપારિક શિક્ષણ (ા:ચ?બ ભમ્ગ'બ્ત્ય:ઘ)

૨. અનૌપચારિક શિક્ષણ (યઘ):ચ?બ ભમ્ગ'બ્ત્ય:ઘ)

૩. અવૈધિક શિક્ષણ (દ:ઘઢા:ચ?બ ભમ્ગ'બ્ત્ય:ઘ)

૧.૪ શિક્ષણનાં બદલાતા સ્વરૂપો :

૧. ગુરુકેન્દ્રી શિક્ષણ અને બાલકેન્દ્રી શિક્ષણ, ૨. વિષયકેન્દ્રી શિક્ષણ અને ક્ષમતાકેન્દ્રી શિક્ષણ.

એકમ–૨ <u>કેળવણીના ઉદ્દેશો, ધ્યેયો અને કાર્યો :</u>

૨.૧ કેળવણીના વૈયકિતક અને સામાજિક હેતુઓ

૨.૨ કેળવણીના નિકટવર્તી ઉદ્દેશો અને અંતિમ ધ્યેય

૨.૩ શિક્ષણનું જાળવણીમૂલક (હ:ઘ(ભ્ચ–બ્ત્ય–ભ) કાર્ય અને શિક્ષણનું પ્રગતિવાદી (.ચ:ન્ચબ(ચ–ભ) કાર્ય.

૨.૪ શિક્ષણ અને રાષ્ટ્રીય વિકાસ.

એકમ–૩ <u>બુનિયાદી શિક્ષણનો ઉદ્‌ભવ, વિકાસ અને સિદ્ધાંતો :</u>

૩.૧ ઐતિહાસિક અને વૈચારિક વિકાસના વિવિધ તબક્કાઓ:

૧.પ્રયોગનો આરંભકાળ ૨.કસોટીકાળ ૩. પ્રસારકાળ ૪.સંશોધન અને પ્રસારણ

૩.૨ બુનિયાદી શિક્ષણના સિદ્ધાંતો :

૧.ઉદ્યોગ દ્વારા શિક્ષણ, ૨. શિક્ષણમાં સમવાય, ૩.શિક્ષણનું માધ્યમ માતૃભાષા ૪.શિક્ષણમાં સ્વાવલંબન, ૫.અનિવાર્ય નિઃશુલ્ક સાર્વત્રિક શિક્ષણ

૩.૩ બુનિયાદી શિક્ષણના મૂળભૂત તત્વો.

૧. સમૂહજીવન, ૨.સમાજસેવા, ૩.સહશિક્ષણ, ૪.પાઠયપુસ્તક કરતાં ચારિત્રય ઘડતરનું વિશેષ મહત્વ, ૫. રાષ્ટ્રભાષાનું શિક્ષણ.

૩.૪ સામાન્ય શાળા, ઉદ્યોગશાળા અને ઉત્તર બુનિયાદી વિદ્યાલયની તુલના.

એકમ–૪ <u>શિક્ષણ અને સામાજિક પરિવર્તન :</u>

૪.૧ શિક્ષણ અને સમાજ નવરચના

૪.૨ વિકાસશીલ ભારતીય સમાજ

૪.૩ સામાજિક પરિવર્તનમાં નઈ તાલીમનું યોગદાન

૪.૪ વિકાસમાન ભારતીય સમાજમાં નઈ તાલીમની ભૂમિકા

૪.૫ રાષ્ટ્રીય કેળવણી અને નઈ તાલીમ

૪.૬ શિક્ષણની ભાવિ દિશાઓ : એકવીસમી સદી માટેના શિક્ષણનું સ્વરૂપ.

એકમ–૫ <u>ભારતીય અને વિશ્વના ચિંતકોનું કેળવણીદર્શન</u>

૫.૧ રૂસો અને ગુરુદેવ ટાગોર

૫.૨ મોન્ટેસોરી અને ગિજુભાઈ બધેકા

૫.૩ જહોન ડયૂઈ અને ગાંધીજી

<u>પ્રયોગિક કાર્ય</u>

૧. શાળાયાત્રા દરમિયાન નઈ તાલીમની સંસ્થાની મુલાકાત લેવી અને આચાર્ય, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ સાથે સહચિંતન કરવું.

૨. કેન્દ્રનિવાસ દરમિયાન સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્યોની કામગીરીનું સંયોજન કરવું.

૩. બુનિયાદી સંસ્થાઓમાં યોજાતી સહઅભ્યાસની, જીવનલક્ષી, અભ્યાસેતર વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન – તેના અનુભવોનું આલેખન કરવું.

અધ્યયન સામગ્રી (ાિભ્ચ્દ્યય્દ્ય-ોેબ્ત્ભ્ચ્ચબ)

૧. કેળવણીના તાત્તિવક આધારો, શાસ્ત્રી જયેન્દ્ર દવે, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

૨. કેળવણીના સામાજિક પાયા, કે.સી. વ્યાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

૩. ભારતીય ચિંતકોનું શિક્ષણચિંતન, શાસ્ત્રી જયેન્દ્ર દવે, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૪. શિક્ષણની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલા, જયેન્દ્ર શાસ્ત્રી અને અન્ય, બી.એસ. શાહ પ્રકાશન

૫. શિક્ષણના સિદ્ધાંતો, જગમોહનદાસ મોદી, એમ.એસ. યુનિવર્સિટી પ્રકાશન, વડોદરા

૬. શિક્ષણ શાસ્ત્રની રૂપરેખા, દેસાઈ, શાહ, શાહ, શાહ, અનડા બુક ડીપો, અમદાવાદ.

૭. બુનિયાદી શિક્ષણની રૂપરેખા, દેસાઈ, સોલંકી, જોષી, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

૮. શિક્ષણ વિચાર વિનોબા ભાવે, યજ્ઞ પ્રકાશન, વડોદરા.

૯. ગાંધીજીનું શિક્ષણ દર્શન એમના જ શબ્દોમાં, સં. મગનભાઈ જો. પટેલ, નવજીવન, અમદાવાદ.

૧૦. મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી, મણિભાઈ પટગ્રેલ, નવજીવન, અમદાવા દ.

૧૧. પાયાની કેળવણીમાં અનુબંધની કળા, અમરસિંહ સોલંકી, નવજીવન પ્રકાશન, અમદાવાદ.

૧૨. ખરી કેળવણી, મો. ક. નવજીવન પ્રકાશન, અમદાવાદફ.

૧૩. સર્વોદયની કેળવણી, આચાર્ય કૃપલાની, અનુ. ગોપાળદાસ પટેલ, નવજીવન.

૧૪. મનુષ્યની સર્વાગીણ કેળવણી, એલ.પી. જેકસ, ગુજરાત વિદ્યાપીઠ પ્રકાશન, અમદાવાદ.

૧૫. ગીરુદેવની શિક્ષણ–સાધનાની ઝાંખી, મુકુલભાઈ કલાર્થી, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૧૬. સર્વોદય અને શિક્ષણ (ભાગ–૧–૨) મનુભાઈ પંચોલી, બાલગોવિંદ કુબેરદાસની કું. અમદાવાદ.

૧૭. નઈ તાલીમ અને નવવિદ્યાન, મનુભાઈ પંચોળી, બાલગોવિંદ પ્રકાશન.

૧૮. વર્ધાશિક્ષણ યોજના, ડો. ઝાકીરહુસેન સમિતિ, નવજીવન પ્રકાશન.

૧૯. દિવાસ્વપ્ન, ગિજુભાઈ બધેકા, દક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.

૨૦. ગિજુભાઈ બધેકાના શૈક્ષણિક વિચાર અને પ્રયોગ, રમેશ દવે, રાષ્ટ્રીય પ્રાધ્યાપક શિક્ષા પરિષદ, નવી દિલ્હી.

૨૧. ભમ્ગ'બ્ત્ય:દ્ય)ચ:? મભ્દભ્શ ત: નબ્દ્યમ્ઝ્ય ખ્શ ચબ?દ્યબ્ત્ઝબ્દ્ય

૨૨. ખબ(ય' ભમ્ગ'બ્ત્ય:દ્યલ ય્ત(લ ઉચ્ચદ્ય'યઉભિ(બ્દ્યમ ઉચબ'ત્ય'ભ્લ (થ્ક્ષભ(જઈતઈકઈ કભ—બ્ન્ચબ?

૧.૨ વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક

ગુણ : ૫૦

પ્રશિક્ષણાર્થી....

૧. વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષકની ભૂમિકા સમજે.

૨. કેળવણીની વિવિધ સંસ્થાઓ વિશે જાણે.

૩. વિકાસમાન ભારતીય સમાજના સંદર્ભમાં કેળવણીની નૂતન દૃષ્ટિ પ્રાપ્ત કરે.

૪. શિક્ષક તરીકે વાલી તેમજ સમાજનો સહયોગ પ્રાપ્ત કરવાનું કૌશલ્ય પ્રાપ્ત કરે.

૫. એકવીસમી સદીના ભારતમાં શિક્ષણ વિષયક પડકારોને સમજવા પ્રયત્ન કરે.

એકમ–૧ <u>વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષકનું સ્થાન અને ભૂમિકા :</u>

૧.૧. ભારતીય સંસ્કૃતિમાં 'ગુરુ' નું સ્થાન

૧.૨ શાંત ક્રાંતિના અગ્રદૂત તરીકે શિક્ષક.

૧.૩ ગ્રામાભિમુખ કેળવણીના સંદર્ભમાં નઈ તાલીમના શિક્ષકની ભૂમિકા

૧.૪ શિક્ષણના ગુણાત્મક સુધારના પરિપ્રેક્ષ્યમાં સમર્થ શિક્ષકનું ઘડતર

૧.૫ શિક્ષકની આજીવન કેળવણી

એકમ–૨ <u>કેળવણીક્ષેત્રે ઘર–શાળા–સમાજ–વિવિધ સંસ્થાઓનું પ્રદાન</u>

૨.૧ કેળવણીમાં ઘર, શાળા અને સમાજનું મહત્વ

૨.૨ કામધંધાના સ્થળો તેમજ સમૂહ પ્રસાર માધ્યમોનું કેળવણીક્ષેત્રે પ્રદાન

૨.૩ કેળવણીક્ષેત્રે સમર્પિત અને નિષ્ઠાવાન કેળવણીકારો, સ્વાયત સંસ્થાઓ, તેમજ રાજયસરકારનું યોગદાન.

એકમ–૩ <u>ભારતીય કેળવણીની નૂતન દૃષ્ટિ અને તેનું મહન્વ</u>

૩.૧ 'જીવન દ્વારા જીવન માટેનું શિક્ષણ

૩.૨ સમાજના પ્રશ્નો ઉકેલવામાં મદદ કરે એ જ સાચું શિક્ષણ'

૩.૩ ઉત્તમ શિક્ષણની ત્રણ કસોટી – નિર્ભયતા, સંયમ અને વિચાર સ્વાતંત્રય

૩.૪ અનુબંધ શિક્ષણમાં જ્ઞાન, કર્મ અને આનંદની એકરૂપતા

૩.૫ 'સ્વાવલંબન : શિક્ષણની તેજાબી કસોટી', સ્વાવલંબનનું લક્ષ્ય : (૧) જીવન નિર્વાહ માટે આત્મનિર્ભરતા, (૨) જ્ઞાન પ્રાપ્ત કરવાની સ્વતંત્ર શકિત, (૩) પોતાના ઉપર કાબૂ રાખવાની શકિત.

૩.૬ પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થાને પરિણામે બે ભાગમાં વહેંચાઈ જતો સમાજ : (૧) વિચાર કરનારા અને કામ નહીં કરનારા (૨) કામ કરનારા અને વિચાર નહીં કરનારા, તેના સંદર્ભમાં નઈ તાલીમની શિક્ષણ પ્રણાલીનું મહત્વ.

એકમ–૪ <u>શિક્ષક–વાલી–સમાજ વ્યવહાર</u>

૪.૧ શાળાના કાર્યમાં વાલી સહયોગની આવશ્યકતા

૪.૨ વાલીઓ સાથે સંબંધો સ્થાપવાના કાર્યકૌશલ્યની ખિલવણી

૪.૩ વિદ્યાર્થીઓના અધ્યયનમાં નડતી વૈયકિતક સમસ્યાઓને સમજવા અને નિવારવા વાલીઓ સાથે વિચાર વિમર્શ કરવાનું કૌશલ્ય.

૪.૪ વિદ્યાર્થીઓની સિદ્ધિ વધારવા અને શકિતને પોષવા શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં વાલીઓનો સહકાર પ્રાપ્ત કરવાનું કૌશલ્ય.

૪.૫ વાલીઓના જ્ઞાન અને આવડતનો શિક્ષણ માટે ઉપયોગ કરવાનું કૌશલ્ય.

૪.૬ શાળા પ્રત્યે સમાજનું અને સમાજ પ્રત્યે શાળાનું દાયિત્વ, પારસ્પરિક લાભાર્થે શાળા અને સમાજના આંતરવ્યવહારનું મહત્વ.

૪.૭ શિક્ષક તરીકે સ્થાનિક સમાજ સાથેના વ્યવહારના કાર્યકૌશલ્યની ખીલવણીનું મહત્વ.

એકમ–૫ <u>એકવીસમી સદીના ભારતમાં શિક્ષણ વિષયક પડકારો</u>

૫.૧ શિક્ષણમાં 'ગુણવત્તા', 'સમતા', અને 'સામાજિક ન્યાય' માટેના પ્રયાસનું મહત્વ.

૫.૨ શિક્ષણ પર વૈશ્વિકીકરણ તેમજ આધુનિકીકરણની અસરો.

૫.૩ 'ભાર વિનાના ભણતર' ના સંદર્ભમાં યશપાલ કમિટીની ભલામણોનો સૂર

૫.૪ ડેલોર્સ કમિશનના રિપોર્ટમાં રજૂ થયેલા 'શિક્ષણના પાયાના ચાર સ્થંભો' નું મહત્વ

અધ્યયન સામગ્રી (ીભ્ચ્દ્યય્દ્ય-ોબ્તભ્ચ્બ્ભ)

૧. શિક્ષણ–ભીતરનો ખજાનો, અનુ. દીપકભાઈ મહેતા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૨. શિક્ષણમાં નવવિચાર અને પરિવર્તન, શ્રીમતી પીલુ બુચ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

૩. વિકસતા ભારતમાં કેળવણી, ડો. જયેન્દ્ર દવે, ડો. મોતીભાઈ પટેલ, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.

૪. વિકાસશીલ ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક, ભરત જોષી અને બીજા, અનડા બુક ડેપો.

૫. શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ, મૂ. મો. ભટ્ટ, ક્ષિતિજ પ્રકાશન, લોકનિકેતન, રતનપુર

૬. શિક્ષક ઉપનિષદ, સં બબાભાઈ પટેલ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૭. આચાર્યકુળ, વિનોબાજી, યજ્ઞ પ્રકાશન વડોદરા

૮. શિક્ષણના ભેખધારીઓ

૯. શિક્ષણના સિદ્ધાંતો, ઈશ્વર પરમાર, પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ

૧૦. શિક્ષક કક્ષાઓ, દિલીપ રાણપુરા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

૧૧. શિક્ષણ વિચાર, આચાર્ય વિનોબાજી, યજ્ઞ પ્રકાશન.

૧૨. શિક્ષણ અને સંસ્કૃતિ, રવિશંકર મહારાજ, નવજીવન પ્રકાશન.

૧૩. સર્વોદય અને શિક્ષણ, મનુભાઈ પંચોળી, સર્વોદય સહકારી પ્રકાશન સંઘ, લોકભારતી – સણોસરા

૧૪. ગુરુત્વના યાત્રી, સં. રમેશ સંઘવી, પ્રવિણ પ્રકાશન, રાજકોટ.

૧૫. ભાર વિના ભણતર, (યશપાલ કમિટીનો અહેવાલનો ગુજરાતી અનુવાદ) જી.સી.ઈ.આ.ટી. ગુજરાત રાજય.

૧૬. સફળ વાલી શી રીતે થવાય ? દોલતભાઈ દેસાઈ, નવભારત સાહિત્ય પ્રકાશન મંદિર

૧૭. શિક્ષક અને સમાજ, ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર.

૧૮. ગામડાની વહારે, ગાંધીજી, નવજીવન, અમદાવાદ.

૧૯. સમાજઘડતર, ફાધર વાલેસ, લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર.

૨૦. ભેદની ભીત્યું ને આજ મારે ભાંગવી, મનુભાઈ પંચોળી, લોકમિલાપ ટ્રસ્ટ

